ननु भवतु एवं तथापि सख्यं प्रार्थयतः इति यद् उक्तं तद् असङ्गतम्. प्रार्थनावाचक-पदस्य अत्र अनुपलम्भाद् अतो व्याख्यानं सर्वमेव सन्दिग्धम् इत्यतः आहुः अस्या इत्यादि. तथा च तदप्रयोगमात्रेण उक्ते अर्थे न सन्देह्यम् इति अर्थः. सिद्धम् आहुः तथा च इत्यादि. पुष्टिप्रवाहमर्यादायां "तस्माद् जीवाः पुष्टिमार्गे भिन्नाएव न संशयः" इति जीवभेदं पूर्वोक्तहेतुभिः निगमयित्वा "भगवद्रूपसेवार्थं तत्सृष्टिः", तेषां स्वरूपादिभिः भगवत्तुल्यत्वं, सेवासिद्ध्यर्थम् ईषत्तारतम्यं च उक्त्वा तेषां शुद्ध-मिश्रभेदेन द्वैविध्यं प्रतिज्ञाय, मर्यादामिश्राणां गुणज्ञत्वं लक्षणम् क्तम्. तच्च भगवद्ुगुणज्ञत्वं मर्यादामिश्रपुष्टजीवत्वम् इति फलति. तथा "वैदिकत्वं लौकिकत्वं कापट्यात् तेषु नान्यथा, वैष्णवत्वं हि सहजं ततोऽन्यत्र विपर्ययः" इति अन्यथारूपज्ञापनपूर्वकं सामान्यलक्षणं त्रयाणां तत्र उक्तम्. तद् मूले "नैकात्मतां मे"(भाग.पुरा.3।25।34) "प्रायेण मुनयः"(भाग.पुरा.2।1।7) "परिनिष्ठितोपि" (भाग.पुरा.2।1।9) इति एतेषु "तत्राभवद् भगवान् व्यासपुत्रः" (भाग.पुरा.1।19। 25) "तं व्द्यष्टवर्षं" (तत्रैव 1।19।26) "द्वैपायनात् शुको जज्ञे भगवानेव शंकरः, अंशांशेनावतीर्योर्व्यां सम्प्राप परमं पदम्" "तं स्कन्द इत्याचक्षते" सुहृत्तमदिदृक्षितभङ्गे "गोविन्दभुजगुप्तायां द्वारावत्यां कुरुद्वह. अवात्सीन्नारदोभीक्ष्णं कृष्णोपासनलालस" (तत्रैव 11।20।1) इत्यादिभिः शुक-सनत्कुमार-नारदेषु स्फुटम्, तथा "कायेन तु फलं पुष्टौ" इति पुष्टिफलस्य स्वरूपसाध्यत्वं तत्र उक्तम्. तद् अत्र "वैयासकिः स भगवान्" इत्यनेन उक्तम्. तेन लौकिकत्व-वैदिकत्वरूपा इति अर्थः. अत्रापि पूर्वकक्षा परीक्षिति, उत्तरकक्षा सनत्कुमारादिषु ज्ञेया. छान्दोग्ये सनत्कुमारनारदसंवादे सर्वात्मभावविवरकतया तस्मिन् तथात्वस्य शक्यवचनत्वात् श्रुतिगीतार्थनिर्णयस्य भजनार्थतायाः सुबोधिन्यां निर्णीतत्वाच्च इति. अयं मोक्षः प्रायः तुरीयाश्रमाणां हंसपरमहंसानामेव इति भाति. उदाहरणस्य तेष्वेव उपलम्भाद् इति दिक्.

अतःपरं पुष्टिपुष्टिमोक्षं विवरितुम् आहुः द्वितीयम् इत्यादि. ननु "प्रसङ्गम् अजरं पाशम् आत्मनः कवयो विदुः, सएव साधुषु कृतो मोक्षद्वारम् अपावृतम्" "त एते साधवः साध्वि"(भाग.पुरा.3।25।28) "सत्सङ्गेन हि दैतेया"(भाग.पुरा.11।12। 3) इत्यादिवाक्यैः सत्सङ्गस्य मोक्षद्वारत्वात् पूर्वोक्तवाक्येषु गुणगानस्य फलत्व-साधनाच्च पुष्टिमर्यादामोक्षरूपत्वं तत्सख्यस्य उचितम्. तच्च पुर्वार्द्धे 'भूयाद्' इति अदूरान्वयाङ्गीकारेण सिद्धम्.

अतःपरम् उत्तरार्धे देहाद्यासक्तिबोधकं स्वविशेषणम् अवशिष्यते, निषेधो 'नाथ'पदञ्च. तथा सति देहाद्यासक्त्तिनिषेधः प्रार्थनीयत्वेन फलिष्यति इति आसक्तिरूपो मोक्षः कथम् अत्र कथं वा देहाद्यासक्तेः मोक्षत्वम्? इति आकाङ्क्षायां भगवदपरोक्षज्ञानेन पुष्टिपुष्टिमोक्षस्य पुर्वं व्यवस्थापितत्वाद् अत्र तादृशत्वेन तस्या मोक्षत्वं वक्तुं देहाद्यासक्त्तिजनकमोहने विशेषम् आहुः समासाद् इत्यादि. मायाशक्त्तिर्हि मोहने अधिकृता.

तत्र यदि “माया चाविद्या च स्वयमेव भवति” इति श्रुत्या मायाविद्ययोः अभेदः आद्रियते तदापि “ससर्जाग्रेऽन्धतामिस्रम् अथ तामिस्त्रम् आदिकृत्, महामोहञ्च मोहञ्च तमश्चाज्ञानवृत्तयः” (भाग.पुरा.3।12।2) इति “तामिस्रम् अन्धतामिस्रं तमो मोहो महातम” (भाग.पुरा.3।20।18) इति द्वादश-विंशाध्यायवाक्ययोः पर्वक्रमभेदेन अविद्याभेदस्य तृतीयस्कन्धसुबोधिन्यां विंशाध्याये भगवत्कर्तृकत्वकथनपूर्वकं व्युत्पादनात् पूर्वापेक्षया उत्तमत्वस्य च ततोपि देहाहंकारो भगवत्सेवौपयिकत्वाद् उत्कृष्टः इति पञ्चमपर्वव्याख्यानेन सूचनाद् भगवद्वैमुख्येन महाभोगेच्छारूपस्य तत् प्रथमपर्वण इन्द्रे वर्तमानस्य मखभङ्ग-द्युतरुहरण-लीलोपयोगिताया, भोगेच्छारूपस्य द्वितीयस्य उग्रसेनादौ अज्ञानस्य तृतीयस्य “सद्यो नष्टस्मृतिः” (भाग.पुरा.10।8।44) इत्यादौ मोहस्य चतुर्थस्य कालिय-दमनादौ, महामोहस्य पञ्चमस्य सेवौपयिकतायाः सर्वत्र स्फुटत्वाच्च तदुत्तमतायाः स्फुटत्वेन प्रकारभेदो मोहने. यदि च “विद्याविद्ये मम तनू विद्ध्युद्धव शरीराणां, मोक्षबन्धकरी आद्ये मायया मे विनिर्मिते” (भाग.पुरा.11।11।3) इतिवाक्ये कार्यकारण-भावोक्त्या भेदः आद्रियते तदापि अविद्याकृतं मोहनं संसाराय, मायाकृतन्तु भगवल्लीलार्थं, तदपि “वैष्णवीं व्यतनोद् मायां प्रजास्नेहमयीं प्रभुः” (भाग.पुरा.10।8।43) इत्यादौ स्फुटम्. प्रकृते च तदभिप्रेतमतस्तव माया त्वन्मायेति साक्षात्सम्बन्धबोधकात् त्वदविनाभूता माया त्वन्मायेति वा तथा भुतात्समासादेव भिन्नतया भगवत्सम्बन्ध-राहित्येन केवलं संसारार्थतयेति यावत्. तथा न मायामोहनम् इति अर्थः.

ननु शक्तेः शक्तिमदविनाभावस्य साक्षात्सम्बन्धस्य च सर्वजनीनत्वात् सर्वतन्त्रसिद्धत्वाच्च सर्वदैव तथात्वेन प्रागपि वैष्णवइति पूर्वजन्मीनस्यापि देह-पुत्राद्यासक्तिरूपमोहस्य तथात्वेन तस्य च बन्धकताया मूले पुत्रशोकशापादिकथया स्फुटत्वेन प्रकृते ततः को विशेषो येन मोक्षत्वम्? इत्यतः आहुः पूर्व...इत्यादि. अविनाभावस्य अनुक्तसिद्धत्वेन तद्बोधकपदोक्ति-प्रयोजनाभावेपि या तदुक्तिः सा इदानीं प्रार्थ्यमानस्य मोहस्य तच्चिकीर्षितलीलार्थत्वं बोधयतिति एष पूर्वस्माद् जन्मनो विशेषः इति अर्थः.

ननु भवतु लीलार्थत्वं तथापि मायामोहो भगवदज्ञानस्य “ये संवसन्तो न विदुर्हरिं मीना इवोडुपम्” इत्यादिषु सिद्धत्वात् परोक्षज्ञानमपि चेद् दूरे कुतः तर्हि प्रत्यक्षसम्भावनेति पूर्वोक्त-व्यवस्था तु भज्येतैव इत्यतः आहुः आभिमुख्यं च इति. तद्धि भगवतो न आभिमुख्ये, प्रकृते प्रत्यक्षं भगवन्तं प्रति ‘युष्मत्’पदोक्त्य आभिमुख्यं सूच्यते. तेन यथा “वैष्णवीं व्यतनोद्” (भाग.पुरा.10।8।43) इत्यादौ मोहनं तथाभिप्रेतं, तच्च प्रत्यक्षइति न व्यवस्थाभङ्गलेशोपि इति अर्थः.

उक्तं विशेषं निगमयितुं पूर्वं जातयोः सख्यासक्तयोः स्वरूपं परिच्छिन्दन्तः प्रथमं सख्यं परिच्छिन्दन्ति चक्रएव इत्यादि. पूर्वं नारदाङ्गिरसोः मर्यादापुष्टभक्तयोः यत् सख्यं तत् स्वकर्मभिः संसारचक्रे भ्रमतएव. अतएव “ज्ञात्वान्याभिनिवेशं ते पुत्रमेव

ददावहम्'' (भाग.पुरा.6।15।20) इत्यन्तानि अङ्गिरोवाक्यानि, अग्रे अम्बिकाशापो वृत्रदेहाप्तिश्च न भगवदिच्छया परीक्षितइव न कर्मबन्धत्याजिकया तया इति, पौर्वत्रिकसख्यस्वरूपं परिच्छिन्नम्. तेन एतादृशभगवद्भक्तसख्यं पुष्टिमर्यादायां मोक्षः इत्यत्रापि कर्मबन्धत्याजिकया भगवदिच्छया इति विशेषणीयम् इति बोधितम्. अतः परम आसक्तिं परिच्छिन्दन्ति हिरण्य... इत्यादि. अत्र 'सख्य'पदरहितां पूर्वफक्किकाम् अनुषज्य 'आसक्ति'पदं च अध्याहृत्य योजनीयम्. तथा च तत्प्रभृतिष्विव स्वस्यापि इतः पूर्वं वृत्रदेहे चित्रकेतुदेहे च शापप्रयोजनकशिवोपहासादिना तथात्वाद् आसक्तिरपि इतः प्राक्तना चक्रे परिभ्रमतएव. नतु कर्मत्याजकपूर्वोक्तमोहसंपादकभवदिच्छया इति अर्थः. तेन एवं प्राक्तनोभयस्वरूपनिष्कर्षेण प्रार्थ्यमानयोः विशेषो निगन्तव्यः इति भावः.

ननु अस्तु एवं तथापि अग्रे प्रार्थितं सेत्स्यति इत्यत्र किं गमकम्? अतः आहुः कृतार्थ...इत्यादि. पूर्वसन्दर्भे भक्तत्वस्य स्फुटत्वाद् अत्र च 'नाथ'पद-प्रयोगेण दैन्याविर्भावबोधनाद् ''भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम्'' इति सर्वत्र दर्शनेन भगवत्तोषाद् इति तत्प्रयोगादेव तत्सिसिद्धिः सूचिता इति अर्थः.

ननु अत्र आसक्तिरूपैव कृतार्थता इत्यत्र किं गमकम्? अत आहुः तदन्ते इत्यादि. इदं वाक्यं पञ्चमस्कन्धीयषष्ठे ऋषभचरितसमाप्तौ अस्ति. तत्र च पूर्वगद्ये चरित्रश्रवण-श्रावणयोः फलं भक्तिः इति ''भगवति तस्मिन् वासुदेवे एकान्ततो भक्तिः अनयोरपि समनुवर्त्तते'' (भाग.पुरा.5।6।) इत्यनेन उक्ता. तद् अग्रिमे ''यस्यामेव कवयः आत्मानम् अविरतं विविधवृजिन-संसारतापोपतप्यमानम् अनुसवनं स्नापयन्तः तयैव परया निर्वृत्त्या ह्यपवर्गम् आत्यन्तिकं परमपुरुषार्थमपि स्वयम् आसादितं नो एव आद्रियन्ते भगवदीयत्वेनैव परिसमाप्तसर्वार्थाः'' (भाग.पुरा. 5।6।17) इति वर्तते. तत्र संसारावस्थावस्थितानां कवित्वेन भगवद्गुणगातॄणां भक्तिजन्यसुखेन भगवद्दत्तपरमोक्षानादरपूर्वकं भगवदीयत्वधर्मणः सर्वतः सम्यक्प्राप्तसर्वपुरुषार्थत्वम् उक्तम्. तावता ''सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्व-मप्युत, दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः'' (भाग.पुरा.3।29।13) ''सएव भक्तियोगाख्य आत्यन्तिक उदाहृत'' (भाग.पुरा.3।29।14) इति च स्मारितम्. तेन तादृशपरमभक्तियुजां संसारस्य मुक्त्याधिक्यं तत्र स्फुटति, तद् अत्रापि स्वविशेषण'नाथ'पदप्रयोगाभ्यां स्फुटतीति तदन्ते तादृशसिद्धान्तं हृदि कृत्वा प्रार्थनैव तादृशासक्तिरूपकृतार्थत्वगमिका इति अर्थः. सिद्धान्ताद् इति ल्यब्लोपे पञ्चमी.

ननु भवतु एवं तथापि त्रिवर्गस्य गृहाश्रमे संसिद्धेः मोक्षस्य इतरेषु संसिद्धेः प्रकृते च 'दारात्मज'पदाभ्यां गृहाश्रमबोधनात् तस्मिन् इतरेतरविरुद्ध-चतुर्वर्गानुभव-सिद्धिः न बुद्धिम् अधिरोहति इति आकाङ्क्षायां तदनुभवप्रकारम् आहुः धर्म... इत्यादि. माया इति पूर्वोक्ता. करोति इति पुष्टिपुष्टिभक्तानां करोति.

तत्र इति. तेषु अध्यासेषु. प्रसिद्धा इति. ब्राह्मणत्वाद्यभिमानाभावे वासन्तिकाधानादिकरणायोगात् तदुपदेश-शास्त्रादर-तत्करणाभ्यां प्रसिद्धा. पुत्र... इत्यादि. पुत्रे प्राणाधिकप्रियत्वभानात् तत्र ममतारूपः तत्साकल्यवैकल्ये स्वसाकल्य-वैकल्यभानाद् नाशे देहप्राणवियोगाच्च तदाद्यर्थे अहन्तारूपो वा प्राणध्यासः तस्मिन् सति तदुपार्जनप्रयत्नात् प्राणाध्यासे अर्थसिद्धिः. 'प्रसिद्धा' इति अध्याहारेण योज्यम्. तेष्वेव ममतारूपो अध्यासो वा मूले 'पुत्र'पदम् अर्थमात्रोपलक्षकम् इति आशयेन एवम् उक्तम्. स्त्रिया इत्यादि. अत्र इन्द्रियाध्यासः स्त्रियामेव, ममतादि वा. तेन कामसिद्धिः तथा इति अर्थः.

भक्तानाम् इत्यादि. "ब्रह्मानन्दे प्रविष्टानाम् आत्मनैव सुखप्रमा, सङ्घतस्य विलीनत्वाद् भक्तानां तु विशेषतः, सर्वेन्द्रियैस्तथा चान्तःकरणैरात्मनापि हि, ब्रह्मभावात्तु भक्तानां गृहएव विशिष्यते" (निब.शा.53,54) इति निबन्धकारिकाभ्यां, "पश्यन्ति ते मे रुचिरावतंस-प्रसन्नवक्त्रारुणलोचनानि, रूपाणि दिव्यानि वरप्रदानि साकं वाचं स्पृहणीयां वदन्ति" (भाग.पुरा.3।25।34-36) "तैर्दर्शनीयावयवैरुदार-विलासहासेक्षित-वामसूक्तैः, हृतात्मनो हृतप्राणांश्च भक्तिः अनिच्छतो मे गतिम् अण्वीं प्रयुङ्क्ते" (भाग.पुरा.) इति श्रीकपिलदेववाक्यद्वयार्थः सङ्गृहीतः, तदुक्तन्यायाद् मोक्षानिच्छापूर्वक-भगवदेकतानतारूपाद् मोक्षः तच्चिकीर्षित-लीलोपयुक्त-गृहासक्तिपूर्वक-भगवदानन्दानुभवरूपो मोक्षः. गोपिकादितुल्यानां प्रसिद्धः इति योजना. तथा च दृष्टत्वात् परस्पराविरोधो व्रजभक्तादीनामिव इति अयं प्रकारः इति अर्थः

प्रकृते तादृशो अनुभवप्रकारो विवक्षितो अन्तःकरणाध्याससाध्यश्च इत्यत्र किं गमकम्? अत आहुः चित्तस्य इत्यादि. "यत् तत् सत्त्वगुणं स्वच्छं शान्तं भगवतः पदम्, यदाहुः वासुदेवाख्यं चितं तद् महदात्मकम्" (भाग.पुरा.3।26।21) इति कपिलवाक्येन सर्वेषु अन्तःकरणेषु चित्तस्य वासुदेवात्मकत्वात् सृष्टिस्थितिप्रलय-मोक्षकर्तृषु प्रद्युम्नादिषु चतुर्षु वासुदेवस्य मोक्षदातृत्वाद् अत्र मोक्षप्रकरणाद् अत्र 'चित्त'पदप्रयोगः. तथा च सएव उक्तप्रकारानुभवस्य तस्य अन्तःकरणाध्याससाध्य-तायाश्च विवक्षितत्वगमकः इति अर्थः. अनेन तादृशासक्तेः मोक्षत्वे युक्तिरपि स्मारिता. तथा हि यत्र इदं चित्तस्य वासुदेवात्मकत्वबोधकं वाक्यं तत्रैव मनसो अनिरुद्धबोधकम् अहंकारस्य संकर्षणत्वबोधकं च वाक्यम् अस्ति, तेन तत्तदन्तःकरणाधिदैविकत्वं तेषां व्यूहानां तत्र सिद्धम्. भक्तान्तःकरणरूपाश्च तएव. किञ्च, यो यो अध्यासः स सर्वोपि अहंकाराध्यासमूलकः, अहंकारश्च संकर्षणात्मकः, तत्र अस्य अहम् इति अध्यासः तद् अहंग्रहोपासनातुल्यकक्षो भवति. अहंग्रहोपासना च सर्वतापनीयसिद्धा. तथा च सा यथा मोक्षफलकत्वाद् मोक्षरूपा तथा अयम् अध्यासोपि मोक्षफलकत्वाद् मोक्षरूपः इति तन्मूला देहाद्यासाक्तिरपि तथा इति.

ननु सर्वम् इदं तदा उपपद्येत यद् अन्तरा 'न'प्रयोगो न स्यात्, दृश्यते च सइति न अयम् अर्थः साधीयान्. किन्तु "स्वकर्मभिः संसारचक्रे भ्रमतो मम उत्तमश्लोकजनसख्यं भूयात्" तस्य प्रार्थनीयत्वे हेतुः "त्वन्मायया अत्मात्मजदारगेहेषु आसक्तचित्तस्य न" इति "भवापवर्गो भ्रमतो यदा" (भाग.पुरा.10।51।54) इति वाक्याद् देहेद्यासक्तौ तद् न भवतीति तदभावपूर्वकतत्सख्यमात्रप्रार्थना इत्ययं युक्तः इत्यतः आहुः क्रीडा...इत्यादि. उक्तसख्यस्य इति शेषः. अयम् अर्थः, त्वया हि एतस्य असाधुत्वेन अनुपपत्तिमात्रम् अविवक्षितत्वगमकतया उच्यते, सा तु नास्ति. तथा हि अत्र संदर्भे "अहं समाधाय" इत्यादिवाक्यैः वृत्रस्य स्वपूर्वजन्मीन-सर्ववृत्तान्तस्मरणं निश्चीयते. "त्रैवर्गिकायास" (भाग.पुरा.6।11।23) इतिवाक्यात् स्वमिन् प्रसोदो अनुमित इति च. एवं सति पूर्वजन्मीनान्याभिनिवेशाङ्गिरःसङ्ग-पुत्रदान-तच्छोक-नारदोपदेश-भगवत्प्रसाद-विद्याधराधिपत्य-शिवोपहासाऽम्बिकाशापाअपि तस्य स्मृतिगोचरा इति पूर्वप्रसादस्य परमफलासाधकत्वं स्मृत्वा साम्प्रतं प्रसादे किम् भगवता विधेयम? इति तदाशये सन्दिहानः इदानीं च मरणकालइति इदानींगोचरो मोचयिष्यत्येव इति निश्चिन्वानः अनुगृहीतत्वात् पौष्टिकमेव दास्यति इति निश्चित्य पूर्वजन्मीननारदाङ्गिरःसख्यस्य भ्रमत्सख्यत्वञ्च निश्चित्य यदि पुष्टिमर्यादया दित्सति तदा पूर्ववद् मा अभूद् इति सख्ये "सविशेषणे हि" इति प्रकारनिषेधस्य पूर्वार्धेन प्रार्थना, सख्यं भूयात् परं तथा न भूयाद् इति. यदि पुष्टिपुष्टया दित्सति तदा तथा आसक्तचित्तस्य पूर्वार्द्धप्रार्थितं सख्यं न भूयाद् इतिविशेष्य निषेधस्य उत्तरार्द्धेन प्रार्थना इति प्रकरणवशेन अत्र वाक्यद्वयाङ्गीकारस्य उपपन्नत्वात् तत्र न उपपत्तिरिति न सो अर्थः किन्तु अयमेव साधीयान् इति.

सिद्धम् आहुः तथा च इत्यादि. "वैष्णवत्वं हि सहजम्" इति पुष्टिप्रवाह-मर्यादायां पौष्टिकानां सामान्यलक्षणात् तादृशः, "न कर्मबन्धनं जन्म" इतिपाद्मात् तद्व्यतिरेकेण केवला "अविद्याकामकर्मभिः" इतिवाक्योक्तभ्रमणसाधककाम-कर्मासंसृष्टा या क्रीडासाधिका भगवन्माया, तया गृहे गृहाश्रमएव "पश्यन्ति ते मे" इत्यत्रोक्तरीत्या तदनुभवन्, "पुष्ट्या विमिश्राः सर्वज्ञाः" (3 पु.प्र.म.) इति तेषां विशेषलक्षणात् सर्वं भगवदाशयपर्यन्तं जानन् भगवदीयः "यावन्न मयि ते नाथ" इतिविज्ञप्तिश्लोकोक्तरीत्या भगवता स्वीयत्वेन निश्चितः इति द्वितिया पुष्टिपुष्टिकृता मुक्तिः. तथा च गृहएव तथानुभवत्वेन मर्यादापुष्टमुक्तव्यावृत्तत्वे सति "निर्गुणो मदपाश्रयः" (भाग.पुरा.11।25।26) इति एकादशे गुणातीतकर्तृलक्षणाद् भगवदीयत्वेन त्रिविधलौकिककर्तृव्यावृत्तत्वं पुष्टिमिश्रपुष्टजीवत्वं तेषां स्वरूपं तेन रूपेण यावज्जीवं स्थितिः सा इति अर्थः. अत्रापि पूर्वकक्षा यादवादौ, उत्तमा श्रीमदुद्धवादौ ज्ञेया, "नोद्धवो अण्वपि मन्न्यूनो यद्गुणैर्नार्दितः" (भाग.पुरा. 3।4।31) इति कर्मबन्धव्यतिरेकस्य "वृक्णश्च मे मोहमहान्धकार" इत्यत्र "प्रसारितः सृष्टिविवृद्धये

त्वया" इति भगवन्मायया देहाद्यासक्तेः, "अथापि तदभिप्रेतं जानन्" इति तादृशत्वस्य स्फुटत्वाद् इति.

एवं पुष्टिमार्गे द्विविधं मोक्षं निश्चित्य "शुद्धा प्रम्णातिदुर्लभा" इत्यत्र विचारितानां शुद्धपुष्टानां फलस्य स्वरूपस्य च इतोपि अधिकत्वं हृदि कृत्वा प्रकृतानाम् एतदन्ततां ज्ञापयितुम् आहुः इयम् इत्यादि, इयमेव, न इतो अधिका इति अर्थः.

ननु अत्र अयमेव आशयः इत्यत्र किं मानम्? इति चेद् उच्यते. अत्र "भक्तानां गृहएव विशिष्यते" इतिन्यायोपक्षेपात् तद्व्याख्याने साधनं भक्तिः फलं मोक्षः तथापि फलदशातः साधनदशैव उत्तमा इतिकथनेन "अनिच्छतो गतिम् अण्वीं प्रयुङ्क्ते" (भाग.पुरा.3।26।35) इति मुक्तिदित्सासूचनात्. शुद्धपुष्टानान्तु मुक्तीच्छायामपि तदनुक्तेः इति जानीहि. न च 'भक्तानाम्' इत्यस्य स्वतन्त्रभक्तानां गोपिकादितुल्यानाम् इति व्याख्यानाद् न एवम् इति शंक्यं, तस्य साधनदशा-मात्रोत्कर्षज्ञापनपरत्वात्. अन्यथा फलदशाकथनविरोधापातात्. व्रजस्थेषु वेणुगीते "स्वाश्रयप्रापणं च प्रत्यापत्तिः" (बर्हापीडम् इत्यस्य सु.भा.10।21।5) इति प्रत्यापत्तेरेव अङ्गीकारात्.

ननु अस्तु एवं, तथापि परमभक्तिस्वरूपे साधने तारतम्याभावात् फलभेदः किंप्रयुक्तो यः स्वरूपं भिनत्ति? इति चेद्, उच्यते. उत्तरतन्त्र-तार्तीयिक-तृतीयपादीया "अक्षरधियां त्वविरोधः" इतिसुत्रोक्तौपसदन्यायेन* भगवदिच्छाभेदादेव एति अवेहि. ततः तेष्वपि तारतम्यं भ्रमरगीतोक्तसन्देशस्वरूपाद् ज्ञातव्यम्.

एकादशीय-द्वादशाध्यायस्थाद् "न रोधयति मां योग" इत्यारभ्य "यास्यसे ह्यकुतोभयम्"(भाग.पुरा.11।12।15) इत्यन्तात् सर्वत्मभावपूर्वकशरणोपदेश-सन्दर्भाच्च. तेन "पार्थो हि पुष्टिमर्यादायाम् अङ्गीकृतो नतु पुष्टिपुष्टौ" इति "न्यासादेशेषु" इत्यत्र प्रभुचरणोक्तेः. सात्त्विकप्रकारणोक्तानां तत्सजातीयभाववतां च आद्यः राजस-प्रकरणोक्तानां तादृशां च इतरः तामसप्रकरणोक्तानान्तु प्रत्यापत्तिरेव इति लीलापरिकरस्य यथास्थितस्य नित्यत्वम् अस्यामेव लीलायां सिद्ध्यति इति. किञ्च पूर्वोक्तोपदेशश्रवणोत्तरमपि "संशयः शृण्वतो वाचं तव योगेश्वरेश्वर, न निवर्त्तत आत्मस्थो येन मे भ्राम्यति मनः" (भाग.पुरा.11।12।16) इतिश्रीमदुद्धवोक्तेः अयं भावो अतिदुर्लभो भगवत्परमप्रसादादेव लभ्यः इति च. तथ अग्रे "त्वद्भक्तियोगं च महद्विमृग्यं" (भाग.पुरा.11।19।8) "आख्याहि" इति प्रश्ने "भक्तियोगः पुरैवोक्त" (भाग.पुरा.11।19।19) इति द्वादशाध्यायोक्तं तत्स्वरूपं स्मारयित्वा "पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणम्" (भाग.पुरा.11।19।19) इत्यादिना तदुपायकथनात् तथा तदुपायत्वज्ञानपूर्वकतत्करणेन प्रसन्नाद् भगवतएव तादृशप्रसादसिद्धिः न इतरथा इत्यादिकम् आलोचनीयम् इति तदेतत् सर्वं हृदि कृत्वा उक्तम् इयमेव इत्यादि. इति दिक्.

रससिन्धुचन्द्रमुखवारिरुहोद्गतपुष्टिपुष्टिमकरन्दरसः।
इति कृष्णचन्द्रकृपया विदितः पुरूषोत्तमेन वचसा विवृतः॥

इति श्रीमद्वल्लभनन्दनचरणैकतान-श्रीपीताम्बरतनुज-पुरुषोत्तमकृतः
पुष्टिमार्गीयमुक्तिविवृतिप्रकाशः सम्पूर्णतामगात्॥

પુરુષાર્થ ચાર પ્રકારના છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

શંકા:વૃત્રાસુર કહે છે કે "હે ઇન્દ્ર! પુરુષના ધર્મ, અર્થ અને કામ આ 1ત્રિવર્ગ (મેળવવા)ના પ્રયાસને તો અમારા પતિ શ્રીકૃષ્ણચન્દ્ર દૂર કરે છે." આવી રીતે ભક્તના ત્રિવર્ગનો વિઘાત પ્રભુ કરે છે, અને 2ભક્તને તો સ્વયં જ મોક્ષની અપેક્ષા હોતી નથી, માટે ભક્તિમાર્ગમાં કોઈ પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી એમ કેમ ન કહેવાય?

સમાધાન:એવી શંકા કરશો નહિ, ભક્તિમાર્ગીય ચારે પુરુષાર્થ અમે આ વૃત્રાસુરોક્ત ચતુ:શ્લોકીથી દર્શાવીએ છીએ. (આ ચુતુ:શ્લોકી ભાગવતના ષષ્ઠ સ્કધધ અન્તર્ગત દ્વાદશ અધ્યાયના 24 થી 27 શ્લોકમાં છે. આ ચાર શ્લોક-)

-પૂર્વે વૃત્રાસુર ઇન્દ્ર સાથે બોલી રહ્યો હતો, હવે આ ચાર શ્લોકથી તો સન્મુખ પ્રકટ થયેલા શ્રીહરિને નિરખીને ભક્તિથી પ્રાર્થના કરવા લાગ્યો, કારણકે પુષ્ટિ-કૃપાએ પ્રકટ ફળવાળી છે.કા.1

ચાર શ્લોક પૈકી પ્રથમ શ્લોકમાં વૃત્રાસુર પુષ્ટિમાર્ગીય ધર્મરૂપ સ્મરણ, કીર્તન અને સેવા -આ ત્રણની યાચના કરે છે. અને તે ત્રણનું જ આ પ્રથમ શ્લોકમાં નિરૂપણ કરાય છે.કા.2

વૃત્રાસુર પોતાનું ઉત્તમ અધિકારિત્વ દીનભાવથી પ્રાર્થના કરી બતાવે છે. અને એ ઉત્તમાધિકારિનું સાધન કૃપા છે.કા.3

ધર્મની પ્રાર્થના કરતા પહેલાં પોતાનું અધિકારિત્વ આ શ્લોકથી સાબીત કરે છે.

અહં હરે! તવ પાદૈકમૂલદાસાનુદાસો ભવિતાસ્મિ ભૂય:।

મન: સ્મરેતાસુપતેર્ગુણાનાં ગૃણીત વાક્ કર્મ કરાતુ કાય:॥1॥

હે હરે!- હે દુ:ખના હરનારા પ્રભુ! અહં- હું

તવ- તમારા

પાદૈક-મૂલ-દાસાનુદાસ:-ચરણકમલ જ જેનું મૂલ-આશ્રય છેએવા આપના દાસનો દાસ

ભૂય:- ફરીથી પણ ભવિતાસ્મિ-અવશ્ય થઇશ.

મન:- મન અસુપતે:-પ્રાણપતિના

ગુણાનાં-ગુણોનું સ્મરેત-સ્મરણ કરે;ચિન્ત્વન કરે

વાક્- વાણી ગૃણીત-તેના જ ગુણોનું રટણ કરે

કાય:- શરીર કર્મ- ભગવાનની સેવા

કરોતુ- કરો॥1॥

ભાવાર્થ:હે દુ:ખહર્તા હરિ! હું આપના ચરણકમલ જ જેનું અવલમ્બન છે એવા આપના દાસનો પણ દાસ પુનરપિ થઇશ. મન પ્રાણપતિના ગુણોનું સ્મરણ કરે, વાણી તેના જ ગુણોનું રટણ કરે, (મારું) શરીર એ જ પ્રાણપતિની સેવા કરો.

વિવેચન:"હે હરિ! હું ચરણકમલમાં જ આસક્તિવાળા આપના દાસનો પણ દાસ થઇશ" એ આ પૂર્વાર્ધનું સ્વારસ્ય છે.

શંકા: મોક્ષ ન માગતાં દાસ્ય કેમ માગ્યું?

શ્રીહરિ:પ્રાણી માત્રને દુ:ખનો સમૂલનાશ કરવાની ઈચ્છા હોય છે, તે દુ:ખનો સમૂલનાશ મોક્ષ વિના થતો નથી, તો તું મોક્ષ માગવાને બદલે દાસ્ય કેમ માગે છે?

વૃત્રાસુર:આપ શ્રીહરિ છો, આપના 'હરિ' શબ્દમાં જ ઉત્તમ સ્વારસ્ય રહ્યું છે. આપનું દાસ્ય સિદ્ધ થતાં આપ જ દાસોના આધિભૌક્તિક-આધ્યાત્મિક-અધિદૈવિક એવા ત્રણે પ્રકારનાં દુ:ખોનું નિવારણ કરો છો. હવે આપ કહો છો કે મોક્ષ કેમ નથી માગતો? તેનું ઉત્તર આપું છું:મોક્ષ એ જ્ઞાનથી જ થાય છે. તે જ્ઞાન આપના છ ધર્મ પૈકી એક ધર્મ છે, તેથી તે ધર્મનો આશ્રય કરવા કરતાં આપ સાક્ષાત્ ધર્મી-જ્ઞાનાદિધર્મયુક્ત પ્રભુનો જ આશ્રય કરવો વધારે યોગ્ય કહેવાય. મોક્ષમાં દુ:ખની નિવૃતિ પણ આપની જ કૃપાથી છે. તેમ છતાં "પ્રભુકૃપાથી મારું દુ:ખ નિવૃત થયું, હવે હું સુખી થયો" એવો ભાવ મોક્ષમાં થવો દુર્લભ છે, કારણકે તેમાં અભેદ થઈ જાય છે. બ્રહ્મમાં લય થઇ જાય છે.

શ્રીહરિ:ત્યારે દાસ્યમાં શી રીતે એવો ભાવ રહેશે?

વૃત્રાસુર:દાસ્યમાં તો હું આપનો દાસ, આપ મારા સેવ્ય, હું આપનો સેવક -એવો ભાવ હંમેશ રહે છે.

શ્રીહરિ:તું દાસ્ય શી રીતે સિદ્ધ કરીશ?

વૃત્રાસુર:હું આપનો જ છું, એટલે મારે દાસ્ય સિદ્ધ થઈ ચુક્યું છે. આપણો સેવ્ય-સેવકભાવ સહજ છે. જો મને આપનું દાસ્ય સિદ્ધ ન હોય તો આપ મારા ત્રિવર્ગ(ધર્મ અર્થ કામ) નો વિઘાત આ આસુરી અવસ્થામાં પણ ક્યાંથી કરો! આપે મારા ત્રિવર્ગનો વિઘાત કર્યો તે જ આપની આ દાસ ઉપર કૃપા સૂચવે છે.

શ્રીહરિ:તારો મોક્ષમાં અધિકાર નથી એવું તારા ‘ત્રિવર્ગ’ શબ્દ કહેવાથી સમજાય છે, તો તું હાલ દાસ કેમ થતો નથી? (અને "હું દાસ થઈશ” "અહં ભવિતા અસ્મિ” એવું ભવિષ્ય વચન કેમ કહે છે?)

વૃત્રાસુર:હે પ્રભો! આ જીવ તો આપનો છે. પણ આ દેહ હાલમાં આસુર છે. તેથી આપના દાસ્યને લાયક નથી. તેથી આસુર દેહનો ત્યાગ કરી અપર જન્મમાં દાસ અવશ્ય થઇશ. અને આપના અનુગ્રહથી જ અવશ્ય એમ જ થશે. કારણકે હું આપનો છું, તેથી મને સમ્પૂર્ણ વિશ્વાસ છે.

શંકા:વૃત્રાસુરે સાક્ષાત્ પ્રભુનું દાસ્ય ન માંગતા દાસાનુદાસત્વ કેમ માગ્યું?

સમાધાન:સાક્ષાત્ પ્રભુના દાસ્યની માંગણી કરવાથી પોતાની દીનતામાં ખામી આવે, માટે દીનતાસૂચક દાસાનુદાસત્વ જ માગ્યું. અથવા પ્રભુનું દાસ્ય મળતાં (ગોપીજનોને જેમ હું-પદ અથવા મોટાઈપણા નું અભિમાન આવ્યું હતું તેવી રીતે) સર્વોત્તમ-મોટાઈ પણાનું અભિમાન થાય તો જરૂર કોઈ ભક્તનો અપરાધ થઈ જાય, અને પ્રભુના દાસ્યથી પણ ભ્રષ્ટ થઈ જાય. વૃત્રાસુરને આવો કડવો અનુભવ *પૂર્વજન્મમાં ચિત્રકેતુ અવસ્થામાં અનુભવ્યો છે, માટે પરમ્પરાદાસ એટલે દાસના પણ દાસ થઈ રહેવું એ જ દીનતા છે.

વૃત્રાસુરને ચારે પુરુષાર્થનો અધિકાર કેવી રીતે છે?

વૃત્રાસુર ‘તવ’ ઇત્યાદિ પદ સમુદાયથી મોક્ષાદિ ક્રમથી- મોક્ષ અર્થ કામ ધર્મ એવા ક્રમથી -પોતાનો અધિકાર સાબીત કરે છે:

ભજનાન્દાનુભવ ઇન્દ્રિયવાળાથી જ થાય:

ભજનાન્દનો અનુભવ એ પુષ્ટિમાર્ગમાં મોક્ષ છે. અને તે તો દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્ત:કરણ વાળાને થઈ શકે છે એવું ભાગ.પુરા.10।। શ્લોકમાં નિરૂપણ કર્યું છે :"ઈન્દ્રિયવાળાને પ્રભુના મુખારવિન્દદર્શનરૂપી ફલ છે, બીજું એથી ઉત્તમ ફળ નથી” આ વાત અમે યથાર્થ જાણીએ છીએ, કારણ કે અમે શ્રુતિરૂપા છીએ.

ઉપર દર્શાવેલા મોક્ષના સ્વરૂપમાં વૃત્રાસુરનો અધિકાર: વૃત્રાસુરે ‘તવ’ શબ્દથી દર્શાવ્યો છે. શ્રીરાસપઞ્ચાધ્યાયીના "વીક્ષ્યાલકાવૃત” આ શ્લોકમાં મોક્ષ કરતાં દાસ્યની સર્વોત્કૃષ્ટતા દર્શાવતાં કહે છે કે:"લોકમાં ત્રણ પ્રકારના પુરુષાર્થ ધર્મ-અર્થ-કામ અને ચાર પ્રકારનો મોક્ષ અને સ્વર્ગ એ આ લોકમાં ઉત્તમોત્તમ કહેવાય, પરતું અમને તો એ સર્વ દાસ્યમાં જ ઉત્તમ રીતે પ્રાપ્ત થઈ જાય છે. તેમાં સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્યાદિ ચાર પ્રકારનો મોક્ષ તે પણ દાસ્ય આગળ નકામો છે” તેમ જ તેના આગળના "તપ્તાત્મનાં પુરુષભૂષણ દેહિ દાસ્યમ્” શ્લોકના વિવરણમાં "સ્વત: પરુષાર્થરૂપ દાસ્ય અમને આપો” (હે અનન્તકોટિકધદર્પલાવણ્યરૂપ! સ્વત:પુરુષાર્થરૂપં દાસ્યં દેહિ.) એમ કહેલું છે. આ પ્રમાણે શ્રુતિરૂપા ગોપીજનોના વાક્યોથી સિદ્ધ થાય છે કેજેમ ગોપીજનોએ મોક્ષાધિકારરૂપ પ્રભુનું

દાસ્ય માગ્યું હતું તેમ વૃત્રાસુરે 'તવ' એ પદથી, મૂળ શ્લોકમાં 'ત્વત્પાદૈકમૂલ' ન કહેતાં "તવ પાદૈક મૂલ" કહેવાનો *આશય પણ એ જ છે. તમારો દાસાનુદાસ થાઉં.

હવે વૃત્રાસુરનો કામધિકાર સિદ્ધ કરે છે.

"પાદૌ એવ એકં મૂલં યેષાં તે" અર્થાત્ ભગવાન્ના ચરણો જ જેમનું મૂલ છે તેઓ. એવા તો ગોપીજનો જ છે. કારણકે "ચરણકમલ એ જ અમારું મૂળ છે" એવાં ગોપીજનોનાં વચનોથી જ સાબીત થાય છે. "તન્નઃ પ્રસીદ વૃજિનાર્દન તેઙ્ઘ્રિમૂલં પ્રાપ્તા:" આ શ્લોકમાં કહે છે કે"હે પાપને દૂર કરનારા! અમે આપના ચરણારવિન્દના મૂળમાં આવ્યા છીએ, અમારા ઉપર પ્રસન્ન થાઓ" આ શબ્દોથી વૃત્રાસુરનો કામ પુરુષાર્થમાં અધિકારમાં સિદ્ધ થયો, જો પાદૈકમૂલ એવા સમર્થ ભક્તોનો આશ્રય ન કરે તો પોતાનો કામ મનોરથસિદ્ધ ન જ થાય માટે 'પાદૈકમૂલ' શબ્દ કામાધિકાર દર્શાવે છે. શ્રીસુબોધિનિજી કારિકામાં કહ્યું છે કે"ભજનાન્દ ("તતો હિ ભજનાન્દઃ સ્ત્રીષુ સમ્યક્ વિધાર્યતે, તદ્દ્વારા પુરુષાણાંચ ભવિષ્યતિ ન ચાન્યથા" "સ્ત્રીઓમાં સારી રીતે સ્થિર થાય છે અને તે દ્વારા પુરુષોને પણ ભજનાન્દ પ્રાપ્ત થશે" આવી રીતે પાદૈકમૂલ ગોપીજનોના દાસત્વથી વૃત્રાસુરને પણ પોતાનો ભજનાનન્દાનુભવરૂપી કામ અવશ્ય સિદ્ધ થાય જ તેથી 'પાદૈકમૂલ' શબ્દ કામાધિકારદ્યોતક છે.

હવે વૃત્રાસુરનો અર્થાધિકાર દર્શાવે છે.

ભગવાનના દાસનો દાસ છું એમ 'અનુ' પદથી વૃત્રાસુર પોતાનો અર્થપુરુષાર્થમાં અધિકાર1 જણાવે છે.

હવે વૃત્રાસુરનો ધર્માધિકાર સિદ્ધ કરે છે.

"તવ દાસત્વં" અર્થાત્ પ્રભુની પાસે અન્ય કંઈ ન માગતાં દાસત્વ જ માગ્યું તે ધર્માધિકાર સૂચવે છે2.

શંકા:વૃત્રાસુરને સત્સંગ ન હોવા છતાં આવો ભાવ શી રીતે થયો?

સમાધાન:"પૂર્વે હું 'ચિત્રકેતુ' નામનો દાસ હતો. પુનરપિ તેવો જ દાસ થઈશ" વૃત્રાસુરના એવા વચનથી તે ભક્ત હતો એવું સિદ્ધ થાય છે. તેથી તેને સત્સંગની જરૂર નથી.

આ પ્રમાણે પોતાના ચાર પ્રકારનો અધિકાર પ્રતિપાદન કરીને ચારે પુરુષાર્થમાં વધારે અને પ્રથમ ઉપયોગી ધર્મની માગણી કરે છે. ("મનઃ અસુપતેઃ ગુણાનામ્ સ્મરેત" "મન પ્રાણપતિના ગુણોનું સ્મરણ કરે" ચિન્તવન કરે. મૂળ શ્લોકમાં 'ગુણાનાં' એ કર્મણિ ષષ્ઠી છે. કર્મણિ ષષ્ઠી થાય ત્યારે ષષ્ઠીનો પણ દ્વિતિયા વિભક્તિ જેવો વ્યવહાર કરી શકીએ, તેથી "પ્રાણપતિના ગુણોને" એવો અર્થ કરી શકીએ. પ્રભુનું સ્મરણ કરવામાં પોતાનેજ સુખ થાય છે. એવું 'સ્મરેત' એ આત્મનેપદનું સન્દર રહસ્ય છે.

"ગૃણીત વાક્" "વાણી પ્રાણપતિના ગુણોનું કીર્તન કરે" રટણ કરે. કીર્તનમાં પણ પોતાને જ અધિક આનન્દ થાય છે. બીજાને આનન્દ થાય એ તો 1આનુષંગિક છે. માટે જ 'ગૃણીત' ક્રિયાપદ આત્મનેપદ છે.

"કર્મ કરોતુ કાયમ્" "કાયા પ્રાણપતિની જ સેવા કરે" પ્રભુને જેમ સુખ થાય તેવી રીતે દાસ સેવા કરે છે, પોતાના સુખની લેશ પણ દરકાર નથી. તેથી તેમાં સ્વાર્થ નથી પણ પરાર્થ જ છે, માટે 'કરોતુ' એ પરસ્મૈપદ ક્રિયાપદ છે. સ્મરણ અને કીર્તન શ્રવણને આધિન હોવાથી અને શ્રવણ પણ અન્યના કથનની અપેક્ષાવાળો હોવાથી 'સ્મરેત' એ વિધિ કહ્યો. સેવામાં સ્નેહ જ નિયામક છે, સ્નેહ જ સર્વ રીતે પ્રધાન છે, અને તે સ્નેહ પ્રભુકૃપાથી જ સાધ્ય હોવાથી ત્યાં 'કરોતુ' એવું આશીર્લિંગ ક્રિયાપદ મુક્યું છે. (1)

એ પ્રમાણે ધર્મનું નિરૂપણ કરીને હવે અર્થનું નિરૂપણ છે.

न नाकपृष्ठं न च पारमेष्ठ्यं न सार्वभौमं न रसाधिपत्यम्।

ન યોગસિદ્ધિ: અપુનર્ભવં વા સમઞ્જસ! ત્વા વિરહય્ય કાંક્ષે॥2॥

અન્વયાર્થ:

હે સમઞ્જસ!-હે સકલાર્થરૂપ ત્વા વિરહય્ય-તને ત્યજીને

નાકપૃષ્ઠં-ઇન્દ્રાસનને ન કાંક્ષે-નથી ઇચ્છતો

ચ-અથવા પારમેષ્ઠયં-બ્રહ્માસનને

ન કાંક્ષે-નથી ઇચ્છતો સાર્વભૌમં-સામ્રાજ્યને

ન કાંક્ષે-નથી ઇચ્છતો યોગસિદ્ધિ:-અણિમાદિ સિદ્ધીને

ન કાંક્ષે-નથી ઇચ્છતો વા-અથવા

અપુનર્ભવં-અક્ષરબ્રહ્મમાં લયાદિકનેન કાંક્ષે-નથી ઇચ્છતો

ભાવાર્થ: હે સકલ અર્થરૂપ! આપને ત્યજીને ઇન્દ્રાસનને નથી ઇચ્છતો, બ્રહ્માસનને નથી ઇચ્છતો, સામ્રાજ્યને નથી ઇચ્છતો, રસાતલાદિકના આધિપત્યને નથી ઇચ્છતો, યોગસિદ્ધિઓને નથી ઇચ્છતો કે મોક્ષને નથી ઇચ્છતો. અર્થાત એ સર્વને ત્યજીને આપને જ ઇચ્છું છું.॥2॥

સંગ્રહકારિકાભાવાર્થ :

પ્રાકૃત સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એમ ત્રણ ગુણથી લૌકિક અર્થ ત્રણ પ્રકારનો છે અને વૈદિક પણ ત્રણ પ્રકારનો છે. તે છએ પ્રકારના અર્થને ભગવાનના ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ ધર્મથી ક્રમે-ક્રમે ત્યાગ કર્યો છે. અર્થાત્ ભગવાન્માં છ પ્રકારનું ઐશ્વર્ય બિરાજે છે તેથી તે લૌકિક-વૈદિક છ પ્રકારના અર્થની ભગવાન્થી જ સિદ્ધિ થઇ જાય છે માટે તેની અપેક્ષા નથી. તેનો વૃત્રાસુર ત્યાગ કરે છે. (1)

આ શ્લોકની અંદર છ વસ્તુનો અનાદર વૃત્રાસુરે કર્યો. તેમાં ઇન્દ્રાસન, સામ્રાજ્ય અને રસાતલાદિકનું ઐશ્વર્ય આ ત્રણ લાકિક છે. મોક્ષ, બ્રહ્માસન અને સિદ્ધિઓ એ ત્રણ વૈદિક છે. (2)

આપણે ઉપર લૌકિક અને વૈદિકનો વિચાર કરી ગયા તેમાં જે લૌકિક છે તે પ્રવૃત્તિધર્મ સાધ્ય હોવાથી તે સામાન્ય છે. ઇન્દ્રાસન, સામ્રાજ્ય અને રસાતલાદિકનું ઐશ્વર્ય આ ત્રણેમાં અનહદ પ્રવૃત્તિ જ ભરેલી છે. અને પ્રવૃત્તિ ધર્મથી તે પ્રાપ્ત થાય છે. દાખલા તરીકે અનેક યજ્ઞોથી ઇન્દ્રાસન મળે. યજ્ઞકર્મ પ્રવૃત્તિધર્મ છે. માટે જે પ્રવૃત્તિધર્મથી સાધ્ય છે તે

સામાન્ય જ કહેવાય. મોક્ષ થવો, બ્રહ્માસન, સિદ્ધિઓ મેળવવી એ સર્વ વૈરાગ્યાદિક નિવૃત્તિધર્મથી મળી શકે છે, તેથી તે વૈદિક અને પર-શ્રેષ્ઠ છે. (3)

ઉપર છ અર્થો ગણાવ્યા (ઇન્દ્રાસન, સામ્રાજ્ય, ઐશ્વર્ય, મોક્ષ, બ્રહ્માસન, સિદ્ધિઓ,) તે પ્રવૃત્તિધર્મથી સાધ્ય હો કે નિવૃત્તિધર્મથી સાધ્ય હો, પણ છ પૈકી સાધકને એક જ અર્થ સિદ્ધ થાય છે, કોઇને મોક્ષ મળે તો બ્રહ્માસન ન મળે, ઇન્દ્રાસન મળે તો મોક્ષ ન મળે, પરંતુ ભગવાન્ સર્વરૂપ હોવાથી ભગવાન્માં એ છએ અર્થ હોય છે. (અને તે છએ અર્થનો ભક્તોને એકી વખતે અનુભવ થાય છે એ વૃત્રાસુરનું વચન સ્પષ્ટ સાબીતી આપે છે.) (4॥)

ઉપર છ વસ્તુ સમજાવીને છએ મહાન્ અર્થરૂપ છે. પણ છએ એકી વખતે મળવી મુશ્કેલ છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં તો સાક્ષાત્ ભગવાન્જ અર્થરૂપ હાવાથી વૃત્રાસુરને છએ અર્થનો અનુભવ ભગવન્માં થતાં વૃત્રાસુર અન્ય સર્વમાં નિરપેક્ષતા દર્શાવે છે. એ જ રહસ્ય આ શ્લોક્માં દર્શાવામાં આવે છે. (5)

(1)આરમ્ભમાં લૌકિકસાત્વિક અર્થનું નિરાકરણ કરે છે:"હું નાકપૃષ્ઠની ઇચ્છા રાખતો નથી" 'નાક' એટલે સ્વર્ગ, અને 'પૃષ્ઠ' એટલે રાજાસન, અર્થાત્ ઇન્દ્રાસનને નથી ઇચ્છતો. હું ઇન્દ્રાસનની શા માટે ઇચ્છા કરું? "ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ" "પુણ્ય ક્ષીણ થતાં તે કાલાન્તરે મૃત્યુલોકમાં આવે છે" હું તો આપનામાં જ અખણ્ડિત ઐશ્વર્ય વિદ્યમાન છે તેને પ્રત્યક્ષ અનુભવું છું, માટે મારે ઇન્દ્રાસનની ઇચ્છા નથી.

(2) વૈદિકરાજસ અર્થનું નિરાકરણ કરે છે: "હું પારમેષ્ટ્યની ઇચ્છા રાખતો નથી" 'પરમેષ્ઠી' એટલે બ્રહ્મા, એ રજોગુણાવતાર છે, તેથી તેનું સ્થાન પણ રાજસ જ હોય એ સ્વાભાવિક છે. આ બ્રહ્માસનમાં એક મહદ્દુ:ખ છે. "બ્રહ્મણા સહ મુચ્યન્તે" "બ્રહ્મલોકસ્થ સર્વલોકની બ્રહ્માની સાથે મુકિત થાય છે" આ વાક્યથી પરતંત્રતાથી ફલસિદ્ધિ થઇ એમ નિશ્ચય થાય છે. અને પરતંત્રાથીજ ફલસિદ્ધિ જ્યાં થાય ત્યાં સ્વવીર્યની હાનિ જ થાય. હું તો આપનામાં અખણ્ડ વીર્યનું દર્શન કરી રહ્યો છું તેથી સ્વવીર્યની હાનિરૂપ બ્રહ્માસનની મારે ઇચ્છા નથી.

(3)લૌકિકરાજસ અર્થનું નિરાકરણ કરે છે:"હું સાર્વભૌમની ઇચ્છા રાખતો નથી" 'સાર્વભૌમ' એટલે સર્વભૂમિનું ઈશ્વરત્વ. તે પ્રાપ્ત થાય તો સર્વલોકમાં યશ ફેલાય. યશ પણ દાનાદિક કરે તો પ્રાપ્ત થાય માટે તે યશ દાનાદિકને અધીન ગણાય, એટલુંજ નહિ પણ તે નાશવન્ત છે. "તદ્ વાયસં તીર્થમુશન્તિ માનસા" (શ્રીભાગવત પુરાણની સરખામણીમાં મહાભારતની ન્યૂનતા જણાવતાં કહ્યું છે કે) "પ્રભુના યશનું વર્ણન જેમાં ન આવે તે 'વાયસતીર્થ' (કાગળાને ગમતું ગંદુ સ્થળ) કહેવાય છે" આવી રીતે સ્વરૂપથી પણ દુષ્ટ જ છે. પરિણામે તો "રાજ્યાન્તે નરકં ધ્રુવમ્" નરકગામિ છે. માટે તેનું પરિણામ પણ દુષ્ટ જ છે. હું તો આપનામાં અવિગીત-અનિન્દિત યશ ને પ્રત્યક્ષ નિરખી રહ્યો છું. માટે મારે સામ્રાજ્ય પણ નથી જોઇતું.

(4)લૌકિકતામસ અર્થનું નિરાકરણ કરે છે: "હું રસાધિપત્યની ઇચ્છા નથી રાખતો" 'રસ' શબ્દ તો માત્ર એક અર્થસૂચક છે પણ તેનાથી નીચેના પાતાલના સર્વે લોક સમજવાના છે. પૃથ્વીની અપેક્ષાએ એ લોકમાં ભોગ અધિક હોય છે. ભોગ શ્રીલક્ષ્મીથી જ થાય. બલિરાજાને શ્રી-લક્ષ્મીઅપાર હતી, આવા સમર્થની શ્રીને આપે હરી લીધી અને પુન: આપે જ અર્પી, અર્થાત્ શ્રી આપને અધીન છે. હું તો આપનામાં કોઇનાથી હરી ના શકાય એવી અખણ્ડ શ્રીને નિત્ય બિરાજેલી જોઉં છું તેથી મારે રસાધિપત્યની પણ ઇચ્છા નથી.

(5)વૈદિકતામસ અર્થનું નિરાકરણ કરે છે:"હું યોગસિદ્ધિની ઇચ્છા રાખતો નથી" કારણ કે અપક્વયોગિઓ પોતાને પ્રાપ્ત થએલી સિદ્ધિના બલથી મનગમતા વિષયો સરજી ભોગ કરે છે, અને તેથી તે યોગથી ભ્રષ્ટ થાય છે. જો યોગિઓનું જ્ઞાન સ્થિર હોય તો આવી દશા ન આવે, પણ તેમનું જ્ઞાન ભ્રાન્ત જ છે. હું તો આપનામાં નિત્ય અખણ્ડિત જ્ઞાનને નિરખી રહ્યો છું, માટે તે સિદ્ધિઓ મારે ના જોઇએ.

(6)વૈદિકસાત્વિક અર્થનું નિરાકરણ કરે છે:"હું મોક્ષની પણ અપેક્ષા નથી રાખતો" "સત્વાત્ સઞ્જાયતે જ્ઞાનમ્" "સત્વગુણથી જ્ઞાન થાય છે" અને જ્ઞાનથી મોક્ષ થાય છે. આ પ્રમાણે જ્ઞાન સાત્વીક છે. સાત્વિકજ્ઞાનથી થતો મોક્ષ પણ સાત્વિક જ કહેવાય. મોક્ષ અક્ષરબ્રહ્મમાં થતો હોવાથી તે ગણિતાનન્દ છે. આપના આનન્દનો એક અશં જ છે. આપ તેવા નથી. આપ તો પૂર્ણાનન્દ છો. આ સિવાય મોક્ષમાં અન્ય પણ ખામી છે. અક્ષરમાં લય થયા પછી તેમાં સેવ્ય-સેવકભાવથી થતી સામસામી કોઇ પણ જાતની પ્રીતિનો આનન્દ મળતો નથી, તેથી આપની લીલારસનો અનુભવ તેમાં નથી મળતો, કારણ કે જેમ સમુદ્રમાં નમક નાખતાં તે ઓગળી જઈને સમુદ્રરૂપ થઈ જાય છે તેમ મોક્ષમાં બ્રહ્મની સાથે અભેદ થઇ જાય છે. માટે તેને ખરેખર 'અર્થ' કહી શકાય નહીં. આ જ હેતુથી 'મોક્ષ' શબ્દ નહિ લખતાં 'અપુનર્ભવ' પદ લખ્યું છે. સારાંશ કે તેમાં પુન: જન્મનો અભાવ,પુન:જન્મ ન લેવો પડે,એ સિવાય કંઈ પણ વિશેષ માહાત્મ્ય નથી.

આપતો પૂર્ણાનન્દ છો. ભક્તની સદૈવ અપેક્ષા રાખનાર છો. હે ભગવન્! આપે પ્રતિજ્ઞા કરી છે કે"મદન્યત્ તે ન જાનન્તિ નાહં તેભ્યો મનાગપિ" "મારા ભક્ત મારાથી અન્ય કંઈ પણ જાણતા જ નથી. મને જ સર્વસ્વ ગણે છે. હું પણ તેમનાથી અન્ય જરા પણ જાણતો નથી" આવી રીતે આપ ભક્તની અપેક્ષા રાખનારા છો, તેથી આપને ભક્ત સિવાય અન્યમાં જરા પણ રાગ નથી, અર્થાત્ અન્યમાં વિરાગ અને ભક્તમાં જ રાગ, તેથી આપનામાં અખણ્ડિત વૈરાગ્ય વિદ્યમાન છે, તેથી મને અપૂનર્ભવ-મોક્ષની પણ ચાહના નથી.

મર્યાદામાં મોક્ષને ચતુર્થ પુરુષાર્થ તરીકે સ્થાન આપ્યું છે. જ્યારે પુષ્ટિમાં તેનો ત્યાગ કરવાને 'અર્થ' નામના પરુષાર્થની ગણતરીમાં ગણ્યો છે, માટે ભક્તિમાર્ગમાં તેનો અનાદર છે, એ જ મોક્ષથી અધિક આનન્દદાયક પુષ્ટિમાર્ગની બલિહારી છે. (મૂળમાં 'વા' શબ્દ છે તેનું આ સ્વારસ્ય છે.)

આ પ્રમાણે વૃત્રાસુરે બધા અર્થનું નિરાકરણ કરી દીધું. તો ભગવાન્ તેને પુછે કે "ત્યારે તારે કેવા અર્થની અપેક્ષા છે?" તો ઉત્તર આપતાં તે ભગવાનને કહે છે કે"હે સમઞ્ઞસ! હે સકલ અર્થથી પૂર્ણ! આપને ત્યજીને ઉપર કહેલા અર્થોની હું ઇચ્છા રાખતો નથી, પરંતુ સર્વાર્થરૂપ આપની જ અર્થરૂપે ઇચ્છા રાખું છું, સદૈવ મારા અર્થરૂપ આપ જ હો" અથવા "પૂર્વોક્ત અર્થને ત્યજીને આપની જ અર્થરૂપે ઇચ્છા રાખું છું"

તાત્પર્યાર્થ-પુષ્ટિમાર્ગમાં ભગવાન્ જ ભક્તોના અર્થરૂપ છે.

પુષ્ટિમાર્ગીય તૃતીય કામ પુરુષાર્થનું નિરૂપણ :

અજાતપક્ષા ઇવ માતરં ખગા: સ્તન્યં યથા વત્સતરા: ક્ષુધાર્તા:।

પ્રિયં પ્રિયેવ વ્યુષિતં વિષણ્ણા મનોઽરવિન્દાક્ષ! દિદૃક્ષતે ત્વામ્॥3॥

અન્વયાર્થ:

હે અરવિન્દાક્ષ!- હે કમલનેત્ર! અજાતપક્ષા:- પાંખ વિનાનાં

ક્ષુધાર્તા:- ભૂખ્યાં ખગા:- પક્ષીના બચ્ચાં

4માતરમિવ- માતાને જેમ ક્ષુધાર્તા:- ભૂખ્યાં

વત્સતરા:- નાનાં વાછરડાં સ્તન્યં યથા- દુધને જેમ

વિષણ્ણા- ખેદયુક્ત પ્રિયા- વહાલી સ્ત્રી

વ્યુષિતં- પ્રવાસે ગયેલા પ્રિયામિવ- વહાલા પતિને જેમ

મન:- મન ત્વાં- આપને

દિદૃક્ષતે- જોવાની ઇચ્છા રાખે છે

ભાવાર્થ:જેને પાંખ ઉત્પન્ન નથી થઇ એવાં તથા ભૂખ્યાં થયેલાં પક્ષીનાં બચ્ચાં જેમ પોતાની માતાને જોવા આતુર બને છે, તથા ભૂખ્યાં નાનાં વાછરડાં જેમ પાન કરીને ક્ષુધા મટાડવા માટે દુધના દર્શનની ઇચ્છા રાખે છે, પતિના પ્રવાસથી ખેદ પામેલી વહાલી સ્ત્રી પરદેશ ગયેલા વહાલા પતિને નિરખવા જેમ અધિરી બને છે, તે પ્રમાણે, હે કમલનયન! મન આપના દર્શનની ઇચ્છા રાખે છે.

વિવેચન:કારિકાર્થે:

પ્રભુના અનુગ્રહમાર્ગમાં શ્રીહરિના રૂપની દર્શનેચ્છા થવી તે તૃતીય પુરુષાર્થ ‘કામ’ કહેવાય છે. આવા પ્રકારનો કામ તે અલૌકિક કામ કહેવાય છે. આ અલૌકિક કામ સમજાવવા માટે શ્રીવ્યાસજીએ મૂલ શ્લોકમાં ત્રણ દૃષ્ટાન્ત આપ્યાં છે : પક્ષીઓ, વાછરડાં અને સ્ત્રી.કા.1

આ ત્રણ દૃષ્ટાન્તો પૈકી પહેલાં બે દૃષ્ટાન્તો લૌકિક છે. કારણ કે તેમાં લૌકિક ક્ષુધારૂપ કામ બતાવ્યો છે. ત્રીજું સ્ત્રીનું દૃષ્ટાન્ત શાસ્ત્રીય છે અને તે જ ઉત્તમ છે. એક દાર્ષ્ટાન્ત* સમજાવવા માટે ત્રણ દૃષ્ટાન્ત આપવાનુ કારણ એ છે કે લૌકિક દૃષ્ટાન્ત ત્રણ ગણા થઇને જ અલૌકિક દાર્ષ્ટાન્તમાં દૃષ્ટાન્ત થઇ શકે છે.કા.2

જો એમ ન હોય તો એક જ દૃષ્ટાન્ત મૂલમાં આપવું હતું! તેમતો નથી કર્યું તેથી માલુમ પડે છે કે લૌકિક ત્રણ ગણા દૃષ્ટાન્ત થઇને જ અલૌકિક સિદ્ધાન્ત સમજાવી શકે છે. પહેલાં બે દૃષ્ટાન્તમાં બતાવેલો કામ શાસ્ત્રીય છે, કારણ કે તે ક્ષુધારૂપે વર્ણવ્યો છે. ત્રીજા પ્રિયાના દૃષ્ટાન્તમાં બતાવેલો કામ શાસ્ત્રીય છે, કારણ કે તે રસશાસ્ત્રની રીતિથી વર્ણવેલો છે.કા.3

ત્રીજું પ્રિયાનું જ દૃષ્ટાન્ત ઉત્તમ છે. તેનું કારણ એ છે કે પ્રભુ "રસો વૈ સ:" ઇત્યાદિ વાક્યથી રસસ્વરૂપ છે. અને મૂલમાં જેમ વહાલી સ્ત્રી એક રસભાવયુક્ત પ્રિયને ચાહે છે તેમ અહીં વૃત્રાસુર પણ એક છે અને અનેક સ્વરૂપયુક્ત પ્રભુના બીજા કોઇ પણ સ્વરૂપને નહીં પરન્તુ કેવળ રસરૂપ પ્રભુને જ ચાહે છે.કા.4

આ શ્લોકમાં 'હે કમળનેત્રવાળા!' આવું સમ્બોધન કરીને વૃત્રે પ્રભુના નયનને કમળની ઉપમા આપીછે અને તે દ્વારા પોતાના મનને ભ્રમર સૂચવ્યું છે. એટલે કે કમળ વિકાસ પામે ત્યારે જ ભ્રમરની ઇચ્છા પૂરી પડે છે, તેમ આપ પણ મારી ઉપર વિકસિત દૃષ્ટિ કરો. બીજું તાત્પર્ય એ સૂચવ્યું છે કે આપનું સ્વરૂપ-સૌન્દર્ય જ એવું મનોહર છે કે મન આપની સ્વરૂપસુન્દરતા નિરખવા લલચાય જ.

શંકા:અહીં એક એવી શંકા ઉદ્ભવે છે કે જેમ લોકમાં "ત્યાં જવા મારું મન છે" "મારું મન આ ચીજ જોવા ઇચ્છા રાખે છે" વગેરે વ્યવહારમાં મન ઉપર પોતાનો કાબુ દર્શાવાય છે ત્યારે વૃત્રે પણ (મમ મન:) " 'મારું મન' આપના દર્શનની ઇચ્છા રાખે છે" આમ કહેવું જોઇએ?

સમાધાન: લોકમાં જે મન ઉપર પોતાપણું દર્શાવવાનો વ્યવહાર છે તે ભ્રાન્ત છે, કારણ કે જે ચીજ ઉપર આપણો કાબુ હોય તે ચીજ ઉપર આપણે ચાહે તેમ કરી શકીએ છીએ. જેમકે મારું ઘર. ઘર આપણા તાબેની ચીજ હોવાથી આપણે તેને ભાંગી શકીએ, રીપેર કરાવી શકીએ, પણ તે પ્રમાણે મન આપણા તાબામાં નથી, ઉલ્ટા આપણે તેના તાબામાં છીએ, તેથી જ મન ચાહે ત્યાં આપણને લઇ જાય છે. તેથી લોકનો જે મન ઉપર પોતાપણાનો વ્યવહાર છે તે ભ્રાન્ત જ કહેવાય. પણ વૃત્ર તો ભ્રાન્ત નથી. તે સમજે છે કે મન સ્વતન્ત્ર છે તેથી તેણે "(મમ) મારું મન" આવો સ્વાધીનતાસૂચક 'અસ્મત્-મમ' શબ્દનો પ્રયોગ નથી કર્યો.

શંકા :વ્યવહારમાં આપણે એમ બોલિએ કે "ચક્ષુ જોવાની ઇચ્છા રાખે છે" જ્યારે કે અહીં વૃત્રે તો "મન જોવાની ઇચ્છા રાખે છે" એવું તે કેમ કહ્યું!

સમાધાન :તેનું તાત્પર્ય એ છે કે સર્વ ઇન્દ્રિયો મનના સમ્બન્ધથી જ કાર્ય કરી શકે છે. જો મન આપણું ન હોય તો નેત્ર ખોલીને ઉભા હોઇએ છતાં જોઇ શકતાં નથી. તેથી વૃત્ર સમજે છે કે સર્વ ઇન્દ્રિયોમાં પ્રધાન મન છે. તેનેજ પ્રભુના સ્વરૂપમાં લગાડવું કે જેથી બધી ઇન્દ્રિયો પોતપોતાના વ્યપાર : જોવું, સાંભળવું વગેરેમાં નિષ્ફલ થઇ પ્રભુમાં આવી લાગશે, અને તેથી મને ભજનાન્દનો અનુભવ થશે. કારણકે સર્વ ઇન્દ્રિયોથી જ ભજનાન્દનો અનુભવ થઇ શકે છે, તેથી વૃત્રે "મન જોવાની ઇચ્છા રાખે છે" તેવું કહ્યું.

(શ્લોકમાં 'દિદૃક્ષતે' ક્રિયાપદમાં આત્મનેપદ મુક્યું છે તેનું રહસ્ય)

આ શ્લોકમાં વૃત્રે માગેલો પૂર્ણકામ પોતાને અપેક્ષિત છે, પ્રભુને અપેક્ષિત નથી જ, કારણકે તે તો પૂર્ણકામ છે. તેથી ફળને એટલે કે પૂર્ણ કામરૂપી ફળને પોતાના તરફનું છે એવું દર્શાવવા આત્મનેપદ મુક્યું છે.

"ચઞ્ચલં હિ મન: કૃષ્ણ!" આ ગીતાવાક્યથી મન ચઞ્ચલ છે એવું સાબીત થાય છે. તેમજ મનને ભ્રમરની ઉપમા આપી છે, તેથી ભ્રમર જેમ વિકાસ પામેલા કમલ પાસે પણ જાય છે તેમ મનમાં પણ બીજી ઇચ્છા ઉદ્ભવવી સમ્ભવ છે, તેના અભાવ માટે દૃષ્ટાન્ત આપે છે કે "જેમ ક્ષુધાથી પીડિત પક્ષીનાં નાના બચ્ચાં પોતાની માતાને જોવા ઇચ્છા રાખે છે તેમ મન આપને જોવાની ઇચ્છા રાખે છે"

આ દૃષ્ટાન્તમાં ગુંસાઇજીએ દર્શાવેલાં દુષણો.

(1)પક્ષીઓનું ભક્ષ્ય કંઈ નિયત હોતું નથી, તેમજ ક્ષુધાથી પીડીતને તો કોઇ પણ ચીજથી કામ સરે છે, તે (ક્ષુધાર્તા:) ભૂખ્યાં આવું વિશેષણ આપવાથી પણ ભક્ષ્યની અનિયતતા પ્રાપ્ત થાય છે અને ભક્ષ્યની નિયતતા ન હોવાથી જ મૂળમાં પણ ભક્ષ્યનું નામ જેમ બીજા દૃષ્ટાન્તમાં 'સ્તન્યં'(દુધ) આવું પદ મુકી દર્શાવ્યું છે, તેવું કોઇ પણ પદ મુકી દર્શાવ્યું નથી. તેમજ આ દૃષ્ટાન્તમાં 'અજાતપક્ષા:' (જેને પાંખો ઉત્પન્ન નથી થઇ) આવું વિશેષણ પક્ષીઓને આપ્યું છે, તેથી પાંખ ઉત્પન્ન થયા પછી પક્ષીઓ માતાને જોવાની ઇચ્છા રાખતાં નથી અર્થાત્ પક્ષીઓની દર્શનેચ્છા સદા એક સરખી નથી તેથી કાલની અનિયતતા રૂપ એટલે કે પાંખ ઉત્પન્ન નથી થઇ તે વખત સુધી જ, પછી નહીં, આવું એક દૂષણ આ દૃષ્ટાંતમાં પ્રાપ્ત થાય છે.

(2)બીજું દૂષણ ક્ષુધાથી પીડિત છે માટે માતાના દર્શનની ઇચ્છા રાખે છે તેથી ક્ષુધાની ઉપાધિ પણ માતાના દર્શનમાં કારણ હોવાથી નિરુપાધિક પ્રેમથી માતાના દર્શનની ઇચ્છા ન કહેવાય, તેથી ક્ષુદ્રૂપ ઉપાધિએ કરેલું આવું બીજું દૂષણ આવે છે.

(3)ત્રીજું દૂષણ, ભક્ષ્ય વિષય નિશ્ચિત નથી તેથી વિષયની અનિયતતા પણ છે.

આ પ્રમાણે ઉપરોક્ત ત્રણ દુષણથી પ્રથમ દૃષ્ટાન્ત દૂષિત છે. તેથી બીજું દૃષ્ટાન્ત આપે છે કેભૂખ્યાં નાનાં વાછરડા જેમ દુધની ઇચ્છા રાખે છે, તેમ મન આપને જોવા ઇચ્છા રાખે છે.

આ દૃષ્ટાન્તમાં પણ નાનાં વાછરડાં કહેવાથી, મોટાં થયાં એટલે તેની દુધની ઇચ્છા નષ્ટ થાય છે પછી તેની માતાને જોવાની ઇચ્છા રહેતી નથી એટલે આ દૃષ્ટન્તમાં પણ કાલની અનિયતતા કે કાલની અવધિબતાવી છે, અને 'ક્ષુધાથી પીડિત' આવા વિશેષણથી ક્ષુધાની ઉપાધિ પણ બતાવી છે. તેથી આ દૃષ્ટાન્તમાં બતાવેલો પ્રેમ પણ સોપાધિક છે અને સાવધિક છે. તેથી નિર્દુષ્ટ ત્રીજું દૃષ્ટાન્ત વહાલી સ્ત્રીનું આપેછે. વહાલી સ્ત્રી પરદેશ ગયેલા વહાલા પતિને જેમ જોવા ઇચ્છા રાખે તેમ હે પ્રભો! મન આપના દર્શનની ઇચ્છા રાખે છે. આ દૃષ્ટાન્તમાં 'પ્રિય' પદના પ્રયોગથી જ પતિ-પત્નિ બન્નેમાં નિરુપાધિક સ્નેહ છે એવું પ્રતીત થાય છે. કારણ કે કોઇ પણ ઉપાધિથી કરવામાં આવેલો સ્નેહ તે સ્નેહ ન કહેવાય પણ તે તો સ્વાર્થ જ કહેવાય. ઉપાધિ વગરના સ્નેહનું નિરૂપણ કરતાં કોઇ સ્ત્રી કહે છે કે

"જે સ્નેહના ઉત્પન્ન થવામાં કંઈ પણ કારણ જોવામાં નથી આવ્યું, અને જે સ્નેહને કંઈક અપરાધ થઈ જતાં ઘટતો નથી જોયો તથા જે સ્નેહને બહુ નમન કરવાથી વધતો નથી જોયો આવા અમૃતને પણ ટક્કર મારે તેવા તથા ત્રણ લોકના દુ:ખને નાશ કરનારા એવા સદા એક રસ અને સ્વરૂપથી જ મોટા તે પ્રેમને વાણીના માપમાં શામાટે લાવું!"

તો આવો પ્રેમ ઉપાધિથી રહિત અને શુદ્ધ કહેવાય. કારણ કે આવા સ્નેહમાં કંઈ પણ ઉપાધિનું દૂષણ નથી. પરદેશ ગયેલા વહાલા પતિમાં સ્ત્રીનો સ્નેહ પતિના પરદેશ ગયાના સમયથી આરમ્ભીને આગમન સુધી એકરસ-એકસરખોરહે છે તેથી આ દૃષ્ટાન્તમાં કાલની અનિયતતાનું દૂષણ નથી. વળી પત્ની ખેદ યુક્ત રહે છે તેથી વિષય પણ નિશ્ચિત છે અન્યથા ખેદ થાય નહીં. આ પ્રમાણે પહેલાં બે દૃષ્ટાન્તોમાં દર્શાવેલા દોષ પૈકી એક પણ દોષ આ દૃષ્ટાન્તમાં નથી તેથી આજ દૃષ્ટાન્ત યુક્ત છે.

વૃત્ર પોતે એક છે તેથી દૃષ્ટન્તમાં પણ 'પ્રિયા' આવું એક વચન વાપર્યું. એમ ન હોય તો જેમ પહેલાં બે દૃષ્ટાન્તમાં બહુવચન વાપર્યું છે તેમ અહીં પણ બહુવચનનો ઉપયોગ કરવામાં શી હરકત હતી. બીજું પણ એકવચનનું તાત્પર્ય એ છે કે ઘણે ઠેકાણે તેવો સ્નેહ હોતો નથી, આ વાત પણ જણાવવા એક વચન વાપરી સહુની છેલ્લે આ દૃષ્ટાન્તનું નિરૂપણ કર્યું છે. પહેલાંના બે દૃષ્ટાન્ત પણ એક દેશના અભિપ્રાયથી થઇ શકે છે તેથી તેનું નિરૂપણ પણ અત્રે અયોગ્ય ન ગણાય.

પતિના વિરહ કાલમાં સ્ત્રી કેવલ ખેદ કરીને જ નથી રહેતી પરન્તુ વહાલાના નિમિત્તે વિવિધ રસભાવોને પોતાના અન્ત:કરણમાં પ્રકટાવે છે, નહિતર તેનું જીવન જ ન થઇ શકે. કારણ કે વિપ્રયોગકાલમાં પતિવિષયક વિવિધ રસભોવો જ જીવવાનું સાધન હોય છે. કદાચિત્ કોઈ સ્ત્રી, પતિના વિરહકાલમાં પતિનિમિત્ત અનેક રસ ભાવોને પ્રકટાવ્યા વિના પણ જીવે તો તે પ્રિયા જ ન કહેવાય+.

વૃત્ર તો પુરુષ છે અને દૃષ્ટાન્ત આપ્યું છે સ્ત્રીનું. તેથી અહીં એ રહસ્ય સમજવાનું છે કે સ્ત્રીના દૃષ્ટાન્તથી સ્ત્રીજાતિનો રસભાવ અત્ર વિવક્ષિત છે. અને તે રસ અતિ ગોપ્ય છે તેથી ખુલ્લી રીતે નહીં કહેતા 'પ્રિયા'પદથી સૂચવ્યો છે. ખેદનો તો બહાર પણ અનુભવ થઈ શકે છે તેમ બીજાઓ પણ ખેદને જાણી શકે છે તેથી 'ખેદ વાળી' આવું વિશેષણ આપ્યું છે. આ પ્રમાણે અનેક રસભાવથી યુક્ત અને ખેદયુક્ત એવું મન આપના દર્શનની ઇચ્છા રાખે છે. કેવલ દર્શન માત્રની ઇચ્છા નથી, કારણ કે દર્શનની ઇચ્છા તો બીજા શ્લોકમાં અર્થપુરુષાર્થ તરીકે માગી લીધેલું છે તેથી "હે નાથ! પ્રિયાની પેઠે અનેક રસભાવયુક્ત મન આપને જોવા તલપે છે" આવો તાત્પર્યાર્થ અહીં સમજવો.

(મન ઉપર 'મારું' શબ્દનો પ્રયોગ ન મુકવાનું વૃત્રનું આંતરિક મર્મ)

‘મારું’શબ્દનો પ્રયોગ દેહાધ્યાસનો સૂચક હોવાથી દેહાધ્યાસથી જ મુકી શકાય છે. પરન્તુ હમણાં તો વૃત્ર સમજે છે કે આ દેહ રસાનુભવ કરવાને યોગ્ય નથી બલ્કે પ્રતિબન્ધક છે અને તેથી જ વૃત્રને આ દેહમાં અધ્યાસ પણ નથી. તેથી જ અહીં ‘અસ્મત્’ શબ્દનો ‘મારું’ આવો પ્રયોગ પણ નથી કર્યો. દૃષ્ટાન્તમાં તો દેહાધ્યાસ દૃઢ છે તેથી જ ‘પ્રિયા’ આવો દેહાધ્યાસ યુક્તનો પ્રયોગ કર્યો છે, મનનો નહીં. વૃત્રને પણ દેહાધ્યાસ જો હોત તો "પ્રિયા ઇવ અહં દિદૃક્ષતે” (પ્રિયાની પેઠે હું જોવાની ઇચ્છા રાખું છું) આ પ્રમાણે પ્રયોગ કરત. કારણ કે તેવો પ્રયોગ કરવાથી દૃષ્ટાન્ત પણ બરોબર યુક્ત થાય છે. પરન્તુ તેમ ન કહેતાં ("પ્રિયા ઇવ મન: દિદૃક્ષતે) "પ્રિયાની પઠે મન જોવાની ઇચ્છા રાખે છે” તેવું કહ્યું તેનું તાત્પર્ય એ જ છે કે વૃત્રને દેહનો અધ્યાસ નથી જ.

"રસમાર્ગીય કામરસ દૃષ્ટિથી જ પુરણ કરજો” આવું "હે કમલ નેત્ર!” આવા *સમ્બોધનથી પ્રાર્થ્યું છે॥3॥

મમોત્તમશ્લોકજનેષુ સખ્યં સંસારચક્રે ભ્રમત: સ્વકર્મભિ: ।

ત્વન્માયયાત્માત્મજદારગેહેષ્વાસક્તચિત્તસ્ય ન નાથ ભૂયાત્ ॥4॥

આ શ્લોકમાં પુષ્ટિમર્યાદામોક્ષ તથા પુષ્ટિપુષ્ટિમોક્ષ આમ બે પ્રકારના મોક્ષનું નિરૂપણ છે, તેથી આ શ્લોકનો અન્વય પણ તે બે રીતિથી જુદો-જુદો કર્યો છે.

(પુષ્ટિમર્યાદા પ્રમાણે શ્લોકનો અન્વયાર્થ)

હેનાથ!:હે સ્વામિન્! સ્વકર્મભિ::પોતાનાં કર્મોવડે

સંસારચક્રે:સંસારરૂપી ચક્કરમાં ભ્રમત::ભ્રમણ કરતા

મમ:મને ઉત્તમશ્લોકજનેષુ:ભગવદીયોમાં

સખ્યં:મૈત્રી ભૂયાત્:થાઓ

આત્માત્મજદારગેહેષુ:દેહ, પુત્ર, સ્ત્રી અને ઘરમાં

આસક્તચિત્તસ્ય: આસક્ત ચિત્તવાળા મમ:મને

ઉત્તમશ્લોકજનેષુ:ભગવદીયોમાં સખ્યં:મૈત્રી

ન:મા ભૂયાત:થાઓ.

ભાવાર્થ:

હે સ્વામિ! મારાં પોતાનાં જ અનેક જન્મોનાં કર્મોવડે આ સંસારરૂપી ચક્કરમાં ભ્રમણ કરતાં મને ભગવદીયોમાં સખ્ય થાઓ, પણ સમ્પૂર્ણ વિશ્વને મોહ કરનારી આપની માયાવડે દેહ, પુત્ર, સ્ત્રી અને ઘર વગેરે અહન્તા-મમતાસ્પદ પદાર્થોમાં આસક્તમનવાળા મને ભગવદીયમાં સખ્ય ન થાઓ.

(એટલે કે ચિત્રકેતુ અવસ્થામાં પણ ભગવદીય એવા નારદ, અંગિરા સાથે સખ્ય હતું પણ તે સખ્ય તો આ ભગવદીયો મને પુત્ર આપશે તેવી પુત્રમાં આસક્તિથી થયું હતું અને તેવા સખ્યથી તો મારે એટલું ફરવું પડ્યું તેથી, હે નાથ! હવે ચિત્રકેતુ અવસ્થામાં પ્રાપ્ત થયેલું અહન્તામમતાસ્પદ સખ્ય મને ન થાઓ.)

(પુષ્ટિપુષ્ટિ પ્રમાણે શ્લોકનો અન્વયાર્થ)

હે નાથ!:હે સ્વામી! ત્વન્માયયા:તમારી લીલોપયોગિની માયાવડે

આત્મત્મજદારગેહેષુ:દેહ, પુત્ર, સ્ત્રી અને ઘરમાં

આસક્તચિત્તસ્ય:આસકતચિત્તવાળા મમ:મને

ઉત્તમશ્લોકજનેષુ:ભગવદ્ભક્તોમાં સખ્યં:મૈત્રી

ભૂયાત્:થાઓ સ્વકર્મભિ::પોતાનાં કર્મોવડે

સંસારચક્રે:સંસારના ફેરામાં ભ્રમત::ભટકતા

મમ:મારું ઉત્તમશ્લોકજનેષુ:ભગવદીયોમાં

સખ્યં:સખ્ય નભૂયાત્:મા થાઓ.

ભાવાર્થ:

હે નાથ! આપની *લીલોપયોગિની માયાવડે દેહ, પુત્ર, સ્ત્રી અને ઘર માં, આ બધી ચીજો ભગવત્સેવામાં ઉપયોગી છે આવું સમજી, આસક્તિ કરનારા એવા મને ઉત્તમશ્લોકજન-ભગવદીયોમાં સખ્ય-સખાભાવ થાઓ, પરન્તુ નિજકર્મોવડે સંસારના ફેરામાં ભ્રમણ કરતા મને ભગવદ્ભક્તોમાં સખ્ય ન થાઓ. અર્થાત્ હે નાથ! મર્યાદામોક્ષ મને ન થાઓ.

શ્રીપ્રભુચરણવિરચિતવૃત્રાસુરચતુ:શ્લોકીવિવૃતિ

અને શ્રીહરિરાયજીપ્રણીત તટ્ટિપણીનો ગુર્જરાનુવાદ.

તૃતીય શ્લોકમાં પુષ્ટિમાર્ગીય તૃતીય પુરુષાર્થ કામનું નિરૂપણ કરી આ ચતુર્થ શ્લોકમાં વૃત્ર પ્રભુ પાસે મોક્ષરૂપી ચતુર્થ પુરુષાર્થની પ્રાર્થના કરે છે.

હવે આ શ્લોકનું વિવેચન કરતાં શ્રીહરિરાયચરણ આરમ્ભમાં આ પ્રમાણે મંગલાચરણ કરે છે :

પોતાના ભક્તોના ચારે પુરુષાર્થની સમ્પતિરૂપ શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીના ચરણારવિન્દને આપશ્રીની વાણીના અર્થને સમજવા માટે વારંવાર પ્રણામ કરું છું.

વિવેચન:શ્રીઆચાર્યચરણ આ ચતુર્થ શ્લોકમાં મોક્ષનું નિરૂપણ કરે છે. પાછળ ત્રણ શ્લોકમાં ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પુરુષાર્થનું સ્પષ્ટ રીતે પ્રતિપાદન થઈ ચુક્યું છે તેથી હવે તેનું નિરૂપણ ન કરતાં મોક્ષનું નિરૂપણ કરે છે. બીજા માર્ગોના મોક્ષ કરતાં પુષ્ટિમાર્ગીય મોક્ષ વિલ્લક્ષણ છે. તેથી તેમાં સન્દેહ થાય, એ સન્દેહ દૂર કરવાને આ ચોથા શ્લોકમાં મોક્ષનું નિરૂપણ કરે છે.

(પુષ્ટિમર્યાદામાં મોક્ષ તથા બન્ધનું નિરૂપણ)

પુષ્ટિમાર્ગમાં શ્રીહરિનું દાસ્ય એ ધર્મ છે, શ્રીહરિ પોતેજ અર્થ છે, શ્રીહરિના દર્શનની ઇચ્છા જ કામ છે અને કેવળ શ્રીકૃષ્ણના થઈ જવું તે જ મોક્ષ છે.(1).

પુષ્ટિ એટલે પ્રભુનો અનુગ્રહ 2પ્રભુની જીવને ફલદાન કરવાની ઇચ્છા તે પુષ્ટિ કહેવાય. તે બે પ્રકારની છે : કેવલા અને 3વિશિષ્ટા. શુદ્ધ અને મિશ્ર. શુદ્ધપુષ્ટિને સાધનની અપેક્ષા નથી, મિશ્રપુષ્ટિને સાધનની અપેક્ષા છે. આને જ ફલપ્રાપ્તિના ઉપાયરૂપ હોવાથી આપણે માર્ગ પણ કહીએ છીએ. અનુગ્રહ એ ખાસ પ્રભુના ધર્મો પૈકી એક ધર્મ છે. ફલસાધક અનુગ્રહ હોવાથી તે જ માર્ગ છે. આ માર્ગથી મોક્ષનું નિરૂપણ કરાય છે.

પુષ્ટિમર્યાદાના બન્ધ અને મોક્ષ કરતાં પુષ્ટિપુષ્ટિના બન્ધ અને મોક્ષ જુદી જાતના હશે વારુ?

હા. જુદા-જુદા છે. અહન્તા અને મમતાના સ્થાનરૂપ સ્ત્રી, પુત્ર, ગૃહ, ધન વિગેરેમાં આસક્તિ રાખવી અને આસક્તિના સ્થાન સિવાય બાકીનાઓમાં સંગ રાખવો એ પુષ્ટિમર્યાદામાં ‘બન્ધ’રૂપ છે. આ બન્ધનનો તથા તેને ઉત્પન્ન કરનાર અહન્તા-મમતાનો જે સમૂલનાશ તે પુષ્ટિમર્યાદામાં ‘મોક્ષ’ છે.

હવે પુષ્ટિપુષ્ટિના બન્ધ અને મોક્ષ નું સ્વરૂપ કહેવામા આવે છે: પુષ્ટિમાર્ગમાં મર્યાદામાર્ગ કરતાં બન્ધ મોક્ષનાં સ્વરૂપ વિપરીત છે. પુષ્ટિમાર્ગમાં તો આસક્તિના સ્થાનરૂપ પુત્ર, ધન, ગૃહ વિગેરેમાં ભગવદીયત્વે કરીને,ભગવન્ને માટે જ આ સર્વ છે એવી, બુદ્ધિથી આસક્તિ ન કરવામાં આવે અને ભગવદીયમાં સંગ ન રાખે તે ખરેખર પુષ્ટિમાર્ગમાં ‘બન્ધ’ કહેવાય છે. અને પુત્રાદિકમાં ભગવદર્થ ઉપયોગી જાણી,ભગવદીય બુદ્ધિથીતેમાં આસક્તિ રાખે અને ભગવદીયોમાં સંગ રાખે તે પુષ્ટિમાર્ગીય ‘મોક્ષ’ છે.

કૃષ્ણદાસ:આ તો તદ્દન વિલક્ષણ થયું! જે મર્યાદામાં બન્ધ તે અત્ર ભગવદીય બુદ્ધિથી મોક્ષ!! જે મર્યાદામાં મોક્ષ તે અત્ર બન્ધ!!!

પુષ્ટિ તો શુદ્ધ અને મિશ્ર એવા બે પ્રકારની કહી. તો મોક્ષ પણ બે પ્રકારનો સ્પષ્ટ સમજાવો.

વલ્લભદાસ:સાંભળો. આ પ્રમાણે છે. ચતુર્થ શ્લોકમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ થી બે પ્રકારના મોક્ષનું નિરૂપણ છે : પુષ્ટિમર્યાદા મોક્ષનું નિરૂપણ પૂર્વાર્ધમાં છે, ઉતરાર્ધમાં પુષ્ટિપુષ્ટિમોક્ષનું નિરૂપણ છે.

(1.) પોતાના કર્મોવડે સંસારચક્રમાં ભમતાં ભગવદીયોનો સંગ કરવો તે પુષ્ટિમર્યાદા મોક્ષ છે.

(2.) ભગવદીયબુદ્ધિથી પુત્રાદિકમાં આસક્તિ અને ભગવદીયોનો સંગ એ પુષ્ટિપુષ્ટિમોક્ષ છે.

જેમ મોક્ષ બે પ્રકારના છે તેમ ઉપાય પણ બે પ્રકારના છે. પુષ્ટિમર્યાદામાં ભગવાન્ સાધનની અપેક્ષા રાખે છે અને પુષ્ટિપુષ્ટિમાં સાધનની અપેક્ષા નથી.

કૃષ્ણદાસ:વાહ મોક્ષનું સુન્દર સ્વરૂપ સમજાવ્યું. પરન્તુ ભગવદીયોનો સંગ કરવાની જરૂર તો આપે બન્ને પ્રકારના મોક્ષમાં બતાવી ગયા તેથી બન્ને મોક્ષ એક સરખા જ લાગે છે.

વલ્લભદાસ:ના. બન્ને પ્રકારના મોક્ષમાં બહુ તફાવત છે. હું બન્ધ અને મોક્ષની વ્યવસ્થાથી જે તફાવત બતાવી ગયો તે ઉપરાન્ત બીજો મોટો તફાવત છે તે સાંભળો.

પુષ્ટિમર્યાદા મોક્ષમાં ભગવાન્ પરોક્ષ રહે છે. અર્થાત્ ભગવાનના સાક્ષાત્ દર્શન થતાં નથી જ્યારે પુષ્ટિપુષ્ટિ મોક્ષમાં સાક્ષાત્ દર્શન થાય છે.

કૃષ્ણદાસ:સાબીતી શી?

વલ્લદાસ:પુષ્ટિમર્યાદા મોક્ષમાં શ્રીશુકદેવજીનું દૃષ્ટાન્ત આપું છું. ભગવાન્ શાસ્ત્રાર્થરૂપ છે, એવું જાણી શાસ્ત્રાર્થ કરનાર શ્રીશુકદેવજીના સખ્યમાં આ વાત સ્પષ્ટ થઈ છે. શ્રીશુકદેવજીના વચનો પણ આ વાતની સાક્ષી પૂરે છે. શ્રીમદ્ભાગવત્માં શ્રીશુકદેવજી શ્રીકૃષ્ણની લીલાનું વર્ણન કરતાં કહે છે કે:"તાવદ્ નન્દાદયો ગોપા મથુરાયા વ્રજંગતા:" (ભાગ.પુરા.10।31). પૂતનાનો આકાશમાંથી પાત થયો, મહાન્ ખળભળાટ મચી ગયો, બધા ગોપો ભેગા થઈ ગયા, ગોપીઓ શ્રીકૃષ્ણચન્દ્રની રક્ષા કરવા લાગ્યાં, ડાકિની-શાકિનીથી રક્ષાથી રક્ષા કરી, શ્રીકૃષ્ણચન્દ્રને સ્તનપાન કરાવી પલનામાં શયન કરાવ્યું, તેટલામાં નન્દાદિગોપો મથુરામાં કંસને કર આપવા ગયા હતા ત્યાંથી વ્રજમાં ગયા. "મથુરાથી વ્રજમાં ગયા" એ પરોક્ષ વાત થઈ, શુકદેવજીનું હૃદય મથુરામાં છે, તેથી તેમને ભગવન્ પ્રત્યક્ષ નથી, એ સ્પષ્ટ થયું.

હવે પુષ્ટિપુષ્ટિમાં હું ગોપીજનોનું દૃષ્ટાન્ત આપું છું : આપણી પ્રત્યક્ષ વસ્તુને આપણે 'આ' શબ્દ વાપરી શકીએ. પ્રત્યક્ષમાં 'આ વસ્તુ' પરોક્ષમાં 'તે વસ્તુ' એમ આપણે બોલીએ છીએ. ગોપીજનોને ભગવાન્ પ્રત્યક્ષ હતા. તેમના નેત્ર આગળ શ્રીકૃષ્ણચન્દ્રનું વેણુનાદ કરતું સ્વરૂપ પ્રત્યક્ષ હતું. તેથી ગોપીજનો કહે છે કે:"નન્દસૂનુરયામાર્તજનાનાં નર્મદો યર્હિ કૂજિતવેણુ:" ભા.10।। "વેણુનાદ કરનાર, દુ:ખીજનોને સુખી કરનાર, આ નન્દપુત્ર" ગોપીજનોનું વર્ણન પ્રત્યક્ષ પ્રભુ બિરાજતા હોય એવું જ થયું. હવે સ્પષ્ટ થયું કે મર્યાદામાં પરોક્ષ અને પુષ્ટિમાં પ્રત્યક્ષ પ્રભુ બિરાજે છે, એ મહાન્ ભેદ ભુલાવવો ન જોઇએ.

વૃત્રાસુરને પણ પ્રભુ પ્રત્યક્ષ જ છે. કારણ કે વૃત્રાસુર પણ ગોપીજનોની માફક 'ત્વન્માયયા' "તમારી માયા વડે મને આસક્તિ થાઓ" એમ 'તમારી' શબ્દથી પ્રભુ સાથે પ્રત્યક્ષ વાતચિત કરે છે.

કૃષ્ણદાસ:તમે કહી ગયા કે પુષ્ટિમર્યાદામાં ભગવાન્ સાક્ષાત્ નથી, એટલે પરોક્ષ બિરાજે છે. અને પષ્ટિપુષ્ટિમાં ભગવાન્ સાક્ષાત્ છે, પ્રત્યક્ષ દર્શન થાય છે. એ વાત હું બરોબર સમજ્યો, પરન્તુ ભગવાન્ પરોક્ષ બિરાજતા હોય ત્યારે તો ભગવદ્ભક્તોના સખ્યની અપેક્ષા હોય પણ ભગવાનના પ્રત્યક્ષ થયા પછી ભગવદીયના સખ્યની શી અપેક્ષા?

વલ્લભદાસ:તમારી શંકા વિવેચનથી સમજાવો.

કૃષ્ણદાસ:મારી શંકા એ છે કેભગવાન્ શાસ્ત્રના અર્થરૂપ છે, સર્વ શાસ્ત્ર ભગવાન્નું જ પ્રતિપાદન-ગુણગાન કરે છે. "સર્વ વેદોથી વેદ્ય હું જ છું" એવી ભગવાન્ની આજ્ઞા છે. "હું ઉપનિષત્ પ્રતિપાદ્ય બ્રહ્મને પુછું છું" "સર્વ વેદાન્તથી પ્રત્યય-જ્ઞાનજેનું થાય છે એવું બ્રહ્મ છે" આ સર્વ પ્રમાણોથી એમ સિદ્ધ થયું કે ભગવાન્ શાસ્ત્રના અર્થરૂપ છે. આ શાસ્ત્રાર્થરૂપ ભગવાન્ પ્રત્યક્ષ ન થયા હોય તેથી તેમની પ્રાપ્તિ થવા માટે અથવા ભગવાનનું યથાર્થ જ્ઞાન થવા માટે ભક્તના સખ્યની જરૂર રહે છે, કારણ કે ભગવદીયો શાસ્ત્ર પ્રમાણે ભગવાનના સ્વરૂપનું પ્રતિપાદન કરે છે, સમજાવે છે, તેથી પરોક્ષ ભગવાનને પ્રત્યક્ષ કરવાના ઉપાયોમાં ભગવદીયોનો સંગ ગુણગાન કરવા ઘણોજ ઉપયાગી છે, તે હું કબુલ કરું છું. પરન્તુ ભગવાન્ પ્રત્યક્ષ થયા પછી ભક્તના વચનોથી ભગવાન્ના સ્વરૂપને સમજવાની જરૂર રહેતી નથી. ભગવાન્ પ્રત્યક્ષ થયા, ભગવાન્નો પ્રત્યક્ષ અનુભવ કર્યો પછી ભક્તવચનોની કે ભક્તનો સંગ કરવા જવાની શી જરૂર? મારા ધારવા પ્રમાણે વૃત્રાસુરને પણ ભગવાન્ પ્રત્યક્ષ થયા છે, પછી ભગવદીયોનો સંગ-સખ્યમાગવાની તેને પણ જરૂર નથી, છતાં સખ્ય કેમ તેણે માગ્યુ?

વલ્લભદાસ:હું તમારો પ્રશ્ન સમજ્યો, કે ગુણગાન સાંભળવા કે ભગવત્સ્વરૂપનું જ્ઞાન થવા ભક્તના સખ્ય ની જરૂર પણ ભગવાન્ પ્રત્યક્ષ થયા પછી સખ્યની શી જરૂર? એ પ્રશ્નનો સાર છે. હવે તેનું ઉત્તર આપું છું. ભાઈ કૃષ્ણદાસ! ભગવાન્ને ભકતો બહુ વહાલા હોય છે. ભક્તને જેમ પ્રભુની અપેક્ષા છે તેમ પ્રભુને ભક્તની પણ અપેક્ષા છે. ભક્તોને પ્રભુ પ્રત્યક્ષ થયા હોય એવા ભક્તોની જ અપેક્ષા છે. વાહ, પ્રભુ કેવા દયાળુ છે! પ્રભુ ભક્તદ્વારાજ ભક્તને ફલ અપાવે છે. માટે ભગવાન્ પ્રત્યક્ષ બિરાજતા હોય તો પણ ભકતના સખ્યની જરૂર છે. ભગવાન્ ભક્ત વિના ઓળખી શકાય જ નહીં, ભગવદીયો જ ભગવાનને ઓળખાવે. તેથી ભક્ત જે શાસ્ત્રના અર્થરૂપ ભગવાન્નું પ્રતિપાદન કરે છે તે જ ખરું, તેથી ભગવાન્ શાસ્ત્રના અર્થરૂપ છે એમાં જરા પણ આઘાત ન થયો અને પ્રત્યક્ષમાં પણ ભગવદ્ભક્તોના સખ્યની અપેક્ષા છે એ સિદ્ધ થયું. મૂળ શ્લોકમાં ઉત્તમશ્લોક ભગવાન્ અને તેમના જન-ભગવદીયોઆ બન્ને એક જ છે એવું સમજાવા માટે ‘ઉત્તમશ્લોકજન’ એવું આખું પદ મુકેલું છે. માટે ભગવદીયોના સખ્યની જરૂર બન્ને મોક્ષમાં છે.

કૃષ્ણદાસ:વાહ, ભક્તના સખ્યની મોટાઈ હું આજ સમજ્યો. પરન્તુ ભાઈ! ફલરૂપ ભગવાન્ પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યારે ગુણગાનના સાધનરૂપ ભક્તોનું સખ્ય કેવી રીતે

ઉપયોગમાં લે છે અને ભગવાન્ પ્રત્યક્ષ બિરાજ્યા પછી આ શાસ્ત્રના અર્થરૂપ ભગવાન્ છે એવું ભાન શી રીતે થાય તે જરા સમજાવશો?

વલ્લભદાસ:સાંભળો. ભગવાન્ પ્રત્યક્ષ હો વા ન હો, તો પણ બન્ને અવસ્થામાં ભગવદીયો ભેગા થઈ ભગવાન્ના પરાક્રમોનેપ્રેમથી ગાય છે, આજ ફળ છે. આને માટે તૃતીયસ્કધધના પચીશમા અધ્યાયનો શ્લોક કહું છું.

"નૈકાત્મતાં મે સ્પૃહયન્તિ કેચિત્ મત્પાદસેવાભિરતા મદીહા:।

યેઽન્યોઽન્યતો ભાગવતા: પ્રસજ્ય સભાજયન્તે મમ પૌરુષાણિ॥

"મારી સેવામાં પ્રીતિવાળા મને જ ચાહનારા મારા કેટલાક ભક્તો મારામાં ‘લય’ નામના મોક્ષની ઇચ્છા પણ રાખતા નથી, કે જે ભગવદીયો સામાસામી ભેગા મળી મારા ગુણગાનને જોરથી ગાય છે”

ગોપીજનોએ પણ ભેગા મળી ગુણગાન ગાતાં કહ્યું છે કે:

"વિષજલાપ્યયાદ્ વ્યાલરાક્ષસાદ્ વર્ષમારુતાદ્ વૈદ્યુતાનલાત્”

"હે પ્રભો! આપે વિષજલમાંથી બચાવ્યા, વ્યાલરાક્ષસથી બચાવ્યાં ...વિગેરે અનેક દુ:ખમાંથી બચાવ્યાં”

આવી રીતે ભકતોના સખ્યનો ઉપયોગ થાય છે. ભગવદીયો ભેગા મળી ગુણગાન કરે એ જ પરમફલરૂપ છે. જ્યાં ગુણગાન થતાં હોય ત્યાં જ પ્રભુ પ્રકટ બિરાજે છે. ભગવાન્ના સ્વરૂપનો અનુભવ ભગવદીયોને જ હોય છે. ભગવદીયો આપણને ભગવાન્ના સ્વરૂપનો અનુભવ કરાવે છે. તેથી આપણને જે અનુભવ થાય છે તે ભગવદિયોને અધીન છે. ભગવદીયોના અનુભવથી જ આપણને ભગવત્સ્વરૂપનો અનુભવ થાય છે, (તેથી જ આપણને જે ભગવાન્ના સ્વરૂપનો અનુભવ થાય છે તે ભગવદીયો સાથે ગુણગાનના શેષરૂપ કહેવાય.) એ જ ફળરૂપ છે. ભગવાન્ પ્રકટ હોય તો પણ ઉપર કહ્યા મુજબ ભગવદીયોના સખ્યનો ઉપયોગ કરવોજ પડે છે; તેથી ભગવદીયોનાં વચનોથી ભગવાન્ શાસ્ત્રાર્થરૂપ છે એ પણ સિદ્ધ થયું.

કૃષ્ણદાસ:ભક્તોની જ્યારે એટલી ઉચ્ચ કક્ષા છે કે જેની સાથે-જેના મણ્ડળમાં બેસી પ્રભુના ગુણગાન કરવામાં પ્રભુનો સાક્ષાત્કાર પણ એક અંગ છે, એટલે સહાયક છે તો પછી તેવા મહાન્ ભક્તોનું તો વૃત્રે દાસ્ય જ પ્રાર્થવું ઉચિત હતુ સામ્યસમ્પાદક-બરોબરી કરનારુંસખ્ય કેમ માગ્યું?

વલ્લભદાસ:જો કે તેવા મહાનુભાવ ભક્તોનું દાસ્ય જ માગવું એ જ યોગ્ય ગણાય. તો પણ એકાદશસ્કધધના ઓગણીશમાં અધ્યાયમાં પ્રભુ ઉદ્ધવના પ્રતિ આજ્ઞા કરે છે કે:"હે ઉદ્ધવ! (‘મદ્ભક્તપૂજાભ્યધિકા’) મારા ભક્તોની પૂજા મારા કરતાં વિશેષ કરવી”

કારણ કે ભગવાન્ને પોતાના ભક્તોમાં વિશેષ પ્રીતિ રહે છે. બીજાં પણ તેના આગળના શ્લોકોમાં ભક્તિ થવાનાં સાધન ઉપદેશ્યાં છે તેમાં શ્રવણથી આરમ્ભીને દાસ્ય સુધીની ભક્તિને સાધનરૂપ કહેતાં સખ્યને ફળરૂપ ગણ્યું છે તેથી, અને આ પ્રકરણ પણ ફલ-મોક્ષનું છે તેથી પણ વૃત્રે તેવા ભગવદીયોનું દાસ્ય ન યાચતાં સખ્ય પ્રાર્થ્યું છે.

કૃષ્ણદાસ:આ શ્લોકમાં 'મમ' મારું 'ઉત્તમશ્લોકજનેષુ' ભગવદીયોમાં સખ્ય થાઓ. આવા ષષ્ઠી તથા સપ્તમી વિભક્તિના પ્રયોગથી એમ સમજાય છે કેવૃત્રે પોતામાં રહેલું જે સખ્ય તે ભગવદીયવિષયક થાઓ. અર્થાત્ વૃત્રે ભગવદીયોને પોતાના સખા સમજવાની પ્રાર્થના પ્રભુ પાસે કરી છે, પરન્તુ તેવી પ્રાર્થના કરવી તે તો અયુક્ત ગણાય, કારણ કે વૃત્ર તો ભગવદીયોને પોતાના સખા સમજે જ છે! તેમાં વળી પ્રાર્થનાની શી જરૂર! પ્રાર્થનાનું સ્વરૂપ આવું થવું જોઇએ કે "હે પ્રભુ! તે ભગવદીયો મને પોતાનો સખા-મિત્ર સમજે,પોતાના મણ્ડળમાં આપના ગુણનું સભાજન કરવા યોગ્ય સમજે"

વલ્લભદાસ:આપની શંકા યોગ્ય છે. તો પણ તેનું ગુઢ રહસ્ય તમોને કહું છું તે સાંભળો. અહીં વૃત્રે માગેલું સખ્ય, ભક્તિમાર્ગીય મોક્ષ છે. તે મોક્ષરૂપ સખ્ય એક પ્રભુ સિવાય બીજા કોઈને અધીન ન હોઈ શકે. હવે અહીં જો વૃત્ર એમ માગે કે "ભગવદીયો મને પોતાનો મિત્ર સમજે" તો તે સખ્ય ભગવદીયોને અધીન થયું. તેથી ભગવદીયોની અનુકૂળતા પ્રમાણે વૃત્રને વર્તવું જોઇએ. નહિતર સખ્ય, (લોકમાં એવી રીત છે કે જેની સાથે સખ્ય થયું હોય તેની અનુકુલ વર્તવું જોઇએ નહિતર સખ્ય નભી ન શકે.) નભી શકે નહીં અને તેઓની અનુકૂળતા પ્રમાણે વર્તવામાં વૃત્રને પરાધીનતા આવે અને પરધીનતામાં વૃત્રને મુક્ત ન કહી શકાય. કારણ કે જેનો મોક્ષ થયો તેનું પારતન્ત્ર્ય ન સમ્ભવે.

કૃષ્ણદાસ:ત્યારે વૃત્રે પ્રભુ પાસે એવી પ્રાર્થના કરવી જોઇએ કે હે નાથ! ભક્તોમાં રહેલો જે સખ્યરૂપ ધર્મ મારે અધીન થાઓ એટલેકે તેનું સખ્ય મારે અધીન રહે.

વલ્લભદાસ:તેવી પ્રાર્થનામાં પણ સખ્યરૂપ મોક્ષને તો પારતન્ત્ર્ય-પરતન્ત્રતા જ આવે છે. કારણ કે તેવી પ્રાર્થનામાં વૃત્રની અનુકુળ ભક્તોને રહેવું પડે છે, તેથી સખ્યરૂપ મોક્ષને પારતન્ત્ર્ય-પરતન્ત્રતાકોઈ પણ રીતે ન આવે તેવી પ્રાર્થના વૃત્ર અહીં આવા શબ્દોથી કરે છે કે"હે નાથ! જેમ ભગવદિયોમાં રહેલો જે સર્વ પ્રાણી ઉપરનો સખ્યરૂપ ધર્મ તે મારા વિષયક પણ છે, એટલે કે તે ભગવદીયો જેમ પ્રાણી માત્રને પોતાના સખા સમજે છે તેમ મને પણ પોતાનો મિત્ર સમજે છે, તેમ હું પણ તે ભગવદીયોની પેઠે સ્વતન્ત્ર રીતિથી તે ભગવદીઓને મારા મિત્ર સમજું. તેથી આ વાત પણ સાથે જ સિદ્ધ થઈ રહે છે કેભક્તિમાર્ગીય મોક્ષ પ્રભુ આપે તો જ મળે પણ સાધનથી સાધ્ય મળે તેવો નથી.

કૃષ્ણદાસ:તમોએ ભગવદીયોના સખ્યને મોક્ષ બતાવ્યો પણ પહેલાં એવું જ સિદ્ધ થયું છે કે પુષ્ટિમર્યાદા તથા પુષ્ટિપુષ્ટિ માં પ્રભુનાં ચરિત્રોનું (પ્રભુનાં સ્વરૂપ ગુણ ચરિત્ર

વિગેરેને સમજી તેને વખાણવું તે 'સભાજન' કહેવાય છે.) સભાજન કરવું તે જ ફળ છે, પણ તે ફળ તો ભગવદીયોનું સખ્ય પ્રાપ્ત થતાં જો પરતન્ત્રતા પ્રાપ્ત થઈને પ્રભુના ચરિત્રોનું ફક્ત શ્રવણ કરવાનું જ મળે તો સભાજન કરવાનું ન બને! અને ગુણસભાજન કરવું એ તો ફળ છે, તે તો ભગવદીયોના સખ્ય પ્રાપ્ત થતાં બનતું નથી! તેથી તેવું સખ્ય, મુખ્ય ફળરૂપ ગુણસભાજનને અટકાવનારું હોવાથી મોક્ષરૂપ ન કહી શકાય. કારણ કે જેમાં પ્રભુનાં ગુણોનું સભાજન થઈ શકતું હોય તેવા સખ્યને જ મોક્ષ કહેવાય.

વલ્લભદાસ:ભગવદીયોના સખ્યને મોક્ષ કહેવામાં કોઈ બાધ આવતો નથી. કારણ કે તેઓની સાથે વૃત્રનું સખ્ય થતાં, તે ભક્તો ઘણા છે તેથી, કોઈ એક વક્તા થાય ત્યારે બીજા શ્રવણ કરે તેમ વૃત્ર પણ કોઈ વખતે ગુણોનું સભાજન કરે ત્યારે બીજા શ્રોતા બની સાંભળે, તેથી જેમ 'સત્ર'નામક યાગવિશેષમાં ઘણા યજમાનો હોવાથી કોઈ એક કાર્ય સિદ્ધ કરે બીજો બીજું કર્મ સિદ્ધ કરે તેમાં કોઈને સ્વતન્ત્રતા કે કોઈને અસ્વતન્ત્રતા પ્રાપ્ત થતી નથી તેમ અહીં ગુણસભાજનમાં પણ સમજવું.

કૃષ્ણદાસ: શ્લોકમાં 'ઉત્તમશ્લોકજનેષુ' (ભગવદ્ભક્તોમાં) આવું બહુવચન વાપર્યું તેનું તાત્પર્ય શું હશે?

વલ્લભદાસ:એક તાત્પર્ય તો પહેલાં કહેવાયું છે કે ભગવદીયોની સંખ્યા અધિક હોય તો વૃત્રને પણ ગુણસભાજન કરવાનો સમય મળે. બીજું એ છે કે ભગવદીયોના સખ્યને મોક્ષ કહ્યો છે તેથી કદી પણ વિચ્છેદ ન પડવો જોઇએ. તેથી એક ભગવદીયનું તિરોધાન થાય તોપણ બીજાઓનું સખ્ય તો છે જ તેથી સખ્યમાં વચ્ચે ત્રુટિ ન આવી તેવું સમજાવવા અહીં 'ભગવદીયોમાં' આવું બહુવચન વાપર્યું છે.

કૃષ્ણદાસ:વૃત્રને તો તેવા ભક્તોની સાથે દીનતા જ રાખવી જોઇએ કારણ કે સર્વતન્ત્ર સ્વતન્ત્ર ઈશ્વર ઉપર સ્વતન્ત્રતા દેખાડવી તે જેવી દોષયુક્ત છે તેવી જ તેના ભક્તો ઉપરની સ્વતન્ત્રતા પણ વૃત્રને દોષ કરનારી થશે!

વલ્લભદાસ:તે પણ ભગવાનના જન છે. એટલે કે જન્મ લેવો, તિરોધાન થવું વગેરે ધર્મો તેને પણ લાગેલા છે, અને તઓ પ્રભુને આધીન છે. તેથી તેવા ભક્તો ઉપર ગુણસભાજનાર્થ પ્રાપ્ત થતું સ્વાતન્ત્ર્ય વૃત્રને દૂષિત કરનારું ન કહેવાય. કારણ કે વૃત્ર પણ તેઓની બરોબર ધર્મવાળો છે. એટલે કે જનન, તિરોધાન, ભક્તત્વ વગેરે ધર્મવાળો છે.

કૃષ્ણદાસ:ભગવદીયોના સખ્યને મોક્ષ કહ્યો પણ તેવા ભગવદીયો તો દુર્લભ છે તેથી તેવાઓની સાથે સખ્યની સમ્ભાવના પણ કેમ કરી શકાય?

વલ્લભદાસ:અહન્તા-મમતારૂપ આ સંસાર એક પ્રકારનું ચક્ર છે. તેથી ચક્રમાં પડેલો જેમ એક ઠેકાણે ન સ્થિર થઈ શકે પણ ભમ્યા જ કરે તેમ સંસારચક્રમાં પડેલો પણ જ્યાં-ત્યાં ભમ્યા જ કરશે કારણ કે અહન્તા-મમતા તો ક્ષણ-ક્ષણમાં બદલાય છે. અને તે જ સંસાર છે, તેથી ભ્રમણ કરતાં-કરતાં જ તેવા ભગવદીયોનું સખ્ય પણ વિના કલેશ પ્રાપ્ત થવા સંભવે છે જ.

કૃષ્ણદાસ:તો પણ ભગવદીયોનું સખ્ય વિના સાધને થઈ જાય તે કંઈ સમજમાં આવતું નથી. કારણ કે તેઓનું સખ્ય સંસારથી ("ભવાપવર્ગો ભ્રમતો યદા ભવેદ્ જનસ્ય તહર્યચ્યુત સત્સમાગમ:” ભાગ.પુરા.10।) અપવર્ગ-મોક્ષ કરાવનારું છે આવું વાક્ય શ્રીમદ્ભાગવતના દશમસ્કધધના એકાવનમા અધ્યાયમાં મળે છે તેથી આ વાત સ્પષ્ટ સમજાવો.

વલ્લભદાસ:પુષ્ટિમાર્ગ-કૃપામાર્ગમાં સાધનની બહુ શોધ કરવાની જરૂર નથી. કારણ આ માર્ગમાં તો બધું શ્રીપ્રભુની કૃપાથી જ સિદ્ધ થાય છે તેમ અહીં પણ ભગવદીયોની કૃપાથી જ તેઓનું સખ્ય વૃત્રને સિદ્ધ થશે. તેઓ અત્યન્ત કૃપાલુ હોય છે તેથી પોતનાં કર્મવડે સંસારમાં ભટકતા જીવો ઉપર તે કૃપાયુક્ત બની પોતાનું સખ્ય સિદ્ધ કરાવે છે. તેથી ભક્તિમાર્ગનો કોઇ પણ અંશ સાધનસાધ્ય-સાધનથી મળે તેવો નથી આ વાત સ્પષ્ટ થાય છે.

કૃષ્ણદાસ:વૃત્રે સમજે છે કે ભક્તિમાર્ગીય કોઈ પણ ફલ સાધનથી મળે તેવું નથી છતાં પ્રભુ પાસે સખ્યરૂપ મોક્ષની પ્રાર્થના શા માટે કરી હશે?

વલ્લભદાસ:અહીં વૃત્રે પ્રભુ પાસે ફલની પ્રાર્થના કરીજ નથી પણ પોતાને અનેક યોગ્ય-અયોગ્ય દેહ ધારણ કરવા પડ્યા છે તેથી કંટાળીને તેવા દેહો ન ધારણ કરવા પડે તેવી પ્રાર્થના પ્રભુ પાસે કરી છે, ફળ માટે નહીં.

કૃષ્ણદાસ:ભક્તિમાર્ગીય વૃત્રે સંસારચક્રમાં ભટકવાના કારણરૂપે પોતાના કર્મોને શા માટે કહ્યાં હશે? ભગવદીયને તો સુખ-દુ:ખ બધું પ્રભુ ઇચ્છાથી જ થાય છે તો પ્રભુનું નામ લેવું યુક્ત હતું?

વલ્લભદાસ:વૃત્ર ભક્તિમાર્ગીય છે તેથી પોતાના સંસારચક્રમાં ભમવારૂપી દુ:ખમાં પોતના સ્વામિને કારણ કહેવું એ અયુક્ત કહેવાય તેથી દુ:ખના કારણ તરીકે કર્મોને જ બતાવ્યાં છે.

કૃષ્ણદાસ:ત્યારે તેવાં સંસારમાં ભમાવનારાં કર્મોનો ત્યાગ કરવો જોઈએ!

વલ્લભદાસ:પોતાનાં કરેલાં કર્મો પોતાને અવશ્ય ભોગવવાનાં હોય છે તેથી તેનો ભોગ કર્યા સિવાય ત્યાગ થઈ શકતો નથી.

કૃષ્ણદાસ:કર્મો કરવાં તો પોતાના હાથની વાત છે, તો તેવાં દુ:ખદાયક કર્મો કરવાં જ શા માટે?

વલ્લભદાસ:કર્મો ઘણાં છે અને "એક ક્ષણ પણ કર્મ કર્યા સિવાય કોઈ પણ રહી શકતું નથી" આવું શ્રીભગવાન્નું અર્જુન પ્રતિ ગીતામાં વાક્ય છે તેથી પણ તેનો ભોગ કરવો જ પડે છે.

કૃષ્ણદાસ:સંસારચક્રમાં ભમાવનારાં સાધનો તો કર્મ સિવાયનાં પણ કાલ, કામ, અવિદ્યા વગેરે છે જ તો પછી વૃત્રે બીજાં કાલાદિ કારણોનાં નામ ન આપતાં કેવલ કર્મોનું જ કથન શા માટે કર્યું હશે?

વલ્લભદાસ:કાલાદિ કારણો રહેતાં છતાં પણ મુખ્ય કારણતા તો કર્મમાં જ છે, કાલાદિની તો નિમિત્તકારણતા છે, જેમ ઘટના પ્રતિ દણ્ડની છે તેમ.

કૃષ્ણદાસ:પહેલાં કરેલી વ્યવસ્થા પ્રમાણે શ્લોકના પૂર્વાર્દ્ધમાં પુષ્ટિમર્યાદા મોક્ષની પ્રાર્થના વૃત્રે કરેલી છે, પણ પ્રાર્થનાવાચક-પ્રાર્થનાને કહેનારો(ભૂયાત્) 'થાઓ' વગેરે પદનો પ્રયોગ નથી કર્યો તેનું શું કારણ?

વલ્લભદાસ:પહેલા અર્ધા શ્લોકમાં પ્રાર્થેલો પુષ્ટિમર્યાદામોક્ષ; બીજા અર્ધા શ્લોકમાં પ્રાર્થેલા પુષ્ટિપુષ્ટિમોક્ષ કરતાં ગૌણ-ઉતરતો છે એવું જણાવવા પૂર્વાર્દ્ધમાં 'થાઓ' આવો પ્રાર્થનાવાચક પદનો પ્રયોગ નથી કર્યો.

કૃષ્ણદાસ:એટલા પ્રશ્નોતરથી સમ્પૂર્ણ અર્ધાશ્લોકનું તાત્પર્ય શું નિકળ્યું તે કૃપા કરી કહો.

વલ્લભદાસ:જેમાં સ્વતન્ત્રતાને હાનિ ન પહોંચતી હોય, જેમાં પ્રભુના ગુણોનું સભાજન કરવાનું મળતું હોય, જે સંસારચક્રમાં ભ્રમણ કરતાં-કરતાં ભગવદીયોની કૃપાથી જ મળી જતું હોય એવું જે ભગવદીયોનું સખ્ય તે પુષ્ટિમર્યાદામોક્ષ અને તે જ સમ્પૂર્ણ અર્ધ શ્લોકનો સંક્ષિપ્ત અર્થ થયો.

કૃષ્ણદાસ:આપે પુષ્ટિમર્યાદામોક્ષ કહ્યો હવે પુષ્ટિપુષ્ટિ મોક્ષ કહો.

વલ્લભદાસ: બન્ને પ્રકારના મોક્ષ સજાતીય છે:

દ્વિતીય પુષ્ટિપુષ્ટિમોક્ષ કહેવાને આભાસઆચાર્યચરણ કહે છે કે:આ ઉત્તરાર્ધમાં બીજો પુષ્ટિપુષ્ટિમોક્ષ કહેવામાં આવે છે. પુષ્ટિપુષ્ટિમોક્ષ અને મર્યાદામોક્ષ ઉભય સજાતીય-એક જ જાતના છે. અર્થાત્ બન્ને ભક્તિમાર્ગીય છે. બન્ને પ્રકારના મોક્ષ પ્રભુના અનુગ્રહથી જ

મળે છે. તેથી સજાતીય છે. મર્યાદામોક્ષ જ્યારે અનુગ્રહમિશ્ર મર્યાદાથી પ્રાપ્ત થાય છે ત્યારે આ પુષ્ટિપુષ્ટિમોક્ષ મર્યાદાથી ન મળી શકે કેવળ અનુગ્રહથી જ મળી શકે. તેથી સજાતીય છે.

હવે, સ્વરૂપ સમ્બન્ધી લીલારૂપ માયાની ઉત્તમતા સાંભળો.

"હે નાથ! સંસારચક્રમાં મને ભગવદિચ્છાથી કુટુમ્બાસક્તિ ન થાઓ પણ આપની લીલારૂપી માયા વડે મારી કુટુમ્બમાં આસક્તિ થાઓ" કારણ કે આપની લીલારૂપ માયા વડે જે કુટુમ્બમાં આસક્તિ થાય છે તે જ ખરેખર મોક્ષરૂપ-ફલ છે.

પૂર્વાધમાં કહેલા મર્યાદામોક્ષ કરતાં પુષ્ટિપુષ્ટિમોક્ષની વિલક્ષણતા છે. આ વિલક્ષણતા "તવ માયયા" ન કહેતાં 'ત્વન્માયયા' એવું શ્લોકમાં સમાસ કરી કહેલું હોવાથી સ્પષ્ટ થાય છે.

કૃષ્ણદાસ:સમાસમાંથી શી રીતે સ્વારસ્ય નીકળ્યું?

વલ્લભદાસ:સાંભળો. 'ત્વન્માયયા' એવો સમાસ પ્રભુ અને માયાનો સ્વરૂપ સમ્બન્ધ દર્શાવે છે. જે સ્વરૂપસમ્બન્ધિની માયા તે લીલારૂપ કહેવાય અને તે સ્વરૂપસમ્બન્ધ કરાવવા જ મોહ કરે, અને તેથી જ મોક્ષ થાય, અર્થાત્ તે તારનારી છે. અને બીજી મોહિકા માયા છે કે જે પ્રભુના સ્વરૂપ સમ્બન્ધિની નથી તેને તો આપણે તરવાની છે. તેના મોહથી તો પાત જ થાય. આ બે માયાભેદ ભુલાવવા ન જોઇએ.

કૃષ્ણદાસ:બે પ્રકારની માયામાં લીલારૂપમાયાને આપે મોક્ષ આપનારી કહી તેમાં દૃષ્ટાન્ત?

વલ્લભદાસ:ભગવાનને જ્યારે લીલા કરવાની ઇચ્છા થઈ ત્યારે લીલરૂપ માયાને આજ્ઞા કરી"હે ભદ્ર! તું વ્રજમાં જા" આ માયા પ્રભુલીલાર્થ વ્રજમાં પધારી તેથી તે લીલારૂપ માયાનું વર્ણન કરતાં શુકદેવજી કહે છે કે "વૈષ્ણવીં વ્યતનોદ્ માયામ્" "વૈષ્ણવી માયાને ફેલાવી" જ્યાં ભગવાન્ પ્રકટ થઈને લીલા કરવાની ઇચ્છા કરે ત્યાં લીલારૂપ માયાનો ઉપયોગ કરે છે. તેના વગર લીલા થઈ શકે નહીં, આ દૃષ્ટાન્ત.

કૃષ્ણદાસ:શું સ્વારસ્ય આવ્યું?

વલ્લભદાસ:પુષ્ટિપુષ્ટિમોક્ષમાં પ્રકટલીલાયુક્ત પ્રભુના સ્વરૂપના રમણનો અનુભવ થાય છે, અર્થાત્ પ્રકટલીલાયુક્ત પ્રભુના સ્વરૂપસહ રમણ એ પુષ્ટિપુષ્ટિમોક્ષ છે. આ મોક્ષમાં ગૃહ બન્ધનરૂપ નથી પણ મોક્ષરૂપ છે, પ્રભુનું લીલારૂપ છે. આવા ઘરની અન્દર આસક્તિની આવશ્યકતા છે. આવા લીલારૂપ ગૃહમાં આસક્તિ તે ઉત્તમ સ્વરૂપસમ્બન્ધિ માયાથી સમ્ભવે, માટે વૃત્ર 'ત્વન્માયયા' શબ્દથી સ્વરૂપસમ્બન્ધિમાયાથી ગૃહમાં આસક્તિરૂપ પુષ્ટિ-પુષ્ટિમોક્ષ માટે પ્રાર્થના કરે છે.

કૃષ્ણદાસ:પૂર્વોક્ત મોક્ષમાં, ત્યારે, કેવી માયા હતી?

વલ્લભદાસ:મર્યાદામોક્ષમાં માયા ભગવદીય ખરી પણ સ્વરૂપસમ્બન્ધિની નહીં. મર્યાદામોક્ષમાં સાક્ષાત્ લીલા નથી, પારોક્ષ્યથી લીલાનુભવ થાય. તેથી પુષ્ટિપુષ્ટિમોક્ષની માફક મર્યાદામોક્ષમાંગૃહાસક્તિની પણ જરૂર નથી, માટેજ ગીતાજીમાં "મમ માયા દુરત્યયા" ત્યાં 'મન્માયા' શબ્દ ન મુક્યો. કારણ કે તે લીલારૂપ માયા નથી પણ મોહિકા માયા છે. તેથી તે દુ:ખથી તરી શકાય એવી છે અને તેને "માયામેતાં તરન્તિ તે" ઇત્યાદિ વાક્યથી શરણાદિકથી તરવાનો ઉપદેશ આપે છે. અર્થાત્ મોહિકા માયાથી મોહ અને તે માયા ને તરવાની આવશ્યકતા છે. લીલારૂપ માયાથી લીલાનુભવ અને તે માયા તારનારી છે. આ જ હેતુથી શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે ભિન્નતાથી-પ્રભુ વિનામાયા મોહ નથી કરતી પરન્તુ પ્રભુજ તેનાથી-લીલારૂપ માયાથીમોહ કરે છે. ગૃહાસક્તિ કરાવે છે.

(લીલારૂપ માયામોહ અને બન્ધનરૂપ માયાના મોહમાં તફાવત)

કૃષ્ણદાસ:લીલારૂપ માયાના મોહમાં અને બન્ધનરૂપ માયાના મોહમાં કંઈ તફાવત ખરો?

વલ્લભદાસ:હા, અમે ઉપર વારંવાર તફાવત દર્શાવેલો છે. તથાપિ અત્ર સ્ફુટ કરીએ છીએ.

પૂર્વ બન્ધનરૂપ મોહ કરતાં પુષ્ટિપુષ્ટિમોક્ષાર્થે મોહ વિશેષ આદરણીય છે. આ મોહ મોક્ષનો અનભૂત છે, કારણ કે 'ત્વન્માયયા' પદ સમાસથી એ મોહ પ્રભુના સમ્બન્ધને કરાવનારો છે એવું આપણે પૂર્વે નિશ્ચય કરી ગયા.

કૃષ્ણદાસ:આ મોક્ષમાં પણ માયામોહ અને મર્યાદામોક્ષમાં પણ માયામોહ, તો પછી મોક્ષમાં વિશેષતા શી છે તે સમજાવશો?

વલ્લભદાસ:હા. સાંભળો મર્યાદામોક્ષ કરતાં આ મોક્ષમાં પ્રભુના સ્વરૂપસમ્બન્ધિ સર્વ લાભ મળે છે. એ માયા પણ સાક્ષાત્ પ્રભુ સમ્બન્ધિની હોવાથી સ્વરૂપ સમ્બન્ધ કરાવનારી છે.

આ પ્રાર્થના વખતે પ્રભુનું આભિમુખ્ય છે, અર્થાત્ આ પ્રાર્થના વખતે પણ જ્યાં પ્રભુ વૃત્રાસુરની પ્રકટ-સન્મુખબિરાજે છે ત્યાં પ્રભુના સ્વરૂપનો અનુભવ થાય એમાં તો કહેવું જ શું? માટે જ વૃત્રાસુર 'ત્વત્' પદથી વ્યવહાર કરે છે. 'ત્વત્' પદનો વ્યવહાર પ્રભુ સન્મુખ બિરાજતાં હોય તો જ સમ્ભવે, અન્યથા નહીં.

(લીલારૂપી માયાથી જ વૃત્રાસુર સખ્ય માગે છે)

કૃષ્ણદાસ:તમો 'ત્વન્માયયા' ઉપર આટલો બધો ભાર શા માટે મુકો છો. તેમાં શો વિશેષ છે? મોક્ષ મેળવવા માટે? તો મોક્ષ તો કોઈ પણ રીતે મળી શકે છે. પુત્રાદિકમાં ભગવદીય બુદ્ધિથી આસક્તિ થાય અને તે આસક્તિથી સખ્ય થાય, તે સખ્ય, મોક્ષરૂપ છે.

વલ્લભદાસ:હું જે પુત્રાદિકમાં આસક્તિ માગી રહ્યો છુ તે ‘ત્વન્માયયા’ ભગવાનની માયાથી મારી આસક્તિ માગી રહ્યો છું, માટે જ તેના ઉપર ભાર મુકું છું. તમારા કહેવા મુજબ લીલારૂપ માયા વિના ગમેતે રીતે પુત્રાદિકમાં મારે આસક્તિ જોઇતી નથી, કારણકે તમે કહો છો તે સખ્ય સંસારચક્ર ભમતા એવા મને ભલે થાઓ, (એવું પૂર્વાર્ધમાં મર્યાદામોક્ષરૂપ વખતે કહેવાયું છે.) પણ તેમાં મારી અનન્યતા ટુટી જશે. અને તેવું સખ્ય મર્યાદામોક્ષરૂપ હોવાથી મને અપેક્ષિત નથી, તેથી મારે લીલારૂપ માયાથી જ પુત્રદિકમાં જે આસક્તિરૂપી મોક્ષ છે તે જ જોઇએ છે.

અત્ર હું હિરણ્યકશિપુનું દૃષ્ટાન્ત આપું છું. જેમ ભગવાન્ને પોતાને અવતાર ધારણ કરવાની ઇચ્છા થઈ તેથી હિરણ્યકશિપુ વગેરેની દૈવગતિથી પ્રહ્લાદ વિગેરેમાં પુત્રરૂપે આસક્તિ થઈ. પુત્રવાત્સલ્યરૂપ સખ્ય પણ તેના ઉપર થયું, અને તેથી હિરણ્યકશિપુએ પ્રહ્લાદને ભણાવ્યો. (પરન્તુ આ સખ્યથી કંઈ પણ ઉત્તમ ફલ ન થયું) તેથી કહું છું કે મારે હિરણ્યકશિપુ જેવી કુટુમ્બમાં આસક્તિ ન થાય પણ ભગવાન્ની લીલારૂપ માયાથી મારી આસક્તિ થાઓ.

હિરણ્યકશિપુ પણ પૂર્વ જન્મમાં ભક્ત જ હતો ભગવત્પાર્ષદ હતો. શાપથી જ અસુર બન્યો હતો. હું પણ પૂર્વ જન્મમાં ભક્ત હતો અને અત્યારે અસુર છું તેથી મારી પ્રાર્થના હિરણ્યકશિપુ જેવી ભગવાન્ વખતે માની લે, એવી બીકથી હું એવા સખ્યની ચોખી ના પાડું છું.

કૃષ્ણદાસ:તમે તેવા સખ્યની ના પાડો છો, પણ ભગવદ્ભક્તમાં આસક્તિ, એ તેમાં તેનું સખ્ય રહેલું છે તેમાં શો દોષ?

વલ્લભદાસ:તે ભગવદ્ભક્તમાં આસક્તિરૂપી સખ્ય પણ ભગવાનની લીલારૂપ માયાથી જ મને થાઓ. ભગવાનની માયા વિના કેવળ ભગવદીય પુત્ર વિગેરેમાં આસક્તિ કરવાથી અનન્યતાનો ભંગ થાય છે. કારણ કે ભગવાન્ની લીલારૂપ માયા વિના જો આસક્તિ કરવામાં આવે તો ભગવત્સમ્બન્ધની સ્ફૂર્તી ન જ થાય. અનન્ય ભક્તો કદાપિ પણ ભગવાન્ના સમ્બન્ધ વિનાની વસ્તુનું સ્મરણ પણ કરતા નથી. આવી રીતે હિરણ્યકશિપુમાં અનુભવ્યું.

આવી રીતે ભગવત્સમ્બન્ધ વિના જો પુત્રાદિકમાં આસક્તિ કરવામાં આવે તો સર્વથા અનન્યતાનો ભંગ થાય. માટે ભગવાનની લીલારૂપ માયાથી જ મારી પુત્રાદિકમાં આસક્તિ થાઓ અને સખ્ય થાઓ, લીલારૂપ માયા વિના નહીં.

(આવા ઉત્તમ ફલ માટે અધિકારવિચાર)

કૃષ્ણદાસ:આવી ઉત્તમ ભાવાના તો ગોપીજનો જેવામાં સમ્ભવે. આ વૃત્રાસુર શી રીતે આવું કહી શકે છે?

વલ્લભદાસ:વૃત્રાસુરમાં પણ તે વ્રજભક્તનો ભાવ હ્રદયમાં પ્રકટેલો હોવાથી વૃત્રાસુર પણ અત્યારે કૃતાર્થ-પૂર્ણમનોરથ-પૂર્ણસર્વપુરુષાર્થ થઈ ગયો છે.

રસાનુભવ તો વ્રજભક્તોના જેવા ભાવવાળાને જ થાય છે. જેને આવો ભાવ ન હોય તેમને આવું ઉત્તમ ફલ પણ ન જ હોય એ સ્વાભાવિક છે. વ્રજજનોના જેવા ભાવ વિનાનો જો આવી (ગૃહાસક્તિરૂપી મોક્ષની) ઇચ્છાકરે તો તે નાલાયક થઈ તેનો પાત થાય છે. જો વ્રજજનોના જેવો ભાવ સ્ફુરે, ભગવદીયત્વ સિદ્ધ થાય તો કૃતાર્થ થઈ જાય. વૃત્રમાં તેવો ભાવ છે માટે તે પ્રભુને ‘નાથ’ શબ્દથી સમ્બોધે છે. જો આવો ભાવ ન હોય તો ‘નાથ’ શબ્દ ન યોજે. કેટલાક ભગવદીયો અમે જોયા છે કે જે ભગવાનને ‘નાથ’ શબ્દ વાપરી બોલાવતા નથી, તેમનો ‘નાથ’ શબ્દ વાપરવાનો અધિકાર નથી. અધિકાર વિના જો વાપરે તો બિચારો દોષિત થાય. વૃત્રે ‘નાથ’શબ્દનો વ્યવહાર કર્યો, તેથી વૃત્રનો ઉચ્ચાધિકાર સાબિત થાય છે.

(વૃત્રાસુર ફલ મેળવવા પ્રાર્થના કરી નથી)

કૃષ્ણદાસ:વૃત્રે પ્રાર્થના કરી કે "મને સખ્ય થાઓ” આ પ્રાર્થના કંઈ પણ અભિલાષા વિના ન સમ્ભવે.

વલ્લભદાસ:‘નાથ’પદનો પ્રયોગ કર્યા પછી પણ જે સખ્યની પ્રાર્થના કરી છે તે ભક્તિસિદ્ધાન્તનું ભાન કરાવનારી છે. આ બીજા મોક્ષમાં ભગવદીય થવું એજ પરમ પુરુષાર્થ રૂપ છે. "ભગવદીયત્વેનૈવ પરિસમાપ્તાસર્વાર્થા:” (ભાગ.પુરા.5) "ભગવદીયપણાથી જેના સર્વ પુરુષાર્થો સિદ્ધ થઈ ચુક્યા છે” એ ઉત્તમ ભગવદીયનું લક્ષણ છે. આવી રીતે થવું તે તેના સખ્યથી જ સમ્ભવે. એવું જણાવવાને આ પ્રાર્થના કરી છે.

(મોક્ષ મેળવવામાં પણ માયા સહાયક છે)

કૃષ્ણદાસ:અરે! આ તો મને આશ્ચર્ય ઉત્પન્ન કરે છે કે મોક્ષમાં પણ માયા અને તેના કાર્યના સમ્બન્ધવાળા સાહિત્યનો ઉપયોગ થાય એ શું આશ્ચર્ય ઉત્પન્ન કરે એવું નથી?

વલ્લભદાસ:પુષ્ટિપુષ્ટિમોક્ષની એ જ વિલક્ષણતા છે, એ જ તેની અદ્ભુતતા છે કે જેમાં માયા અને માયાનાં સાહિત્યો સર્વથા અનુકૂલ રહે છે.

કૃષ્ણદાસ:કેવી રીતે?

વલ્લભદાસ:સાંભળો. અત્ર આ આશય છે. મર્યાદામાર્ગીયમોક્ષમાં તો કેવળ મોક્ષનો જ અનુભવ થાય છે, ધર્મ અર્થ કામ -આ પુરુષાર્થત્રયના નહીં. બલ્કે એ પુરુષાર્થત્રય વિરુદ્ધ ભાસે છે. પુષ્ટિપુષ્ટિમોક્ષમાં તો માયાનાં સાહિત્યો સર્વ રીતે અનુકૂળ છે એવું સૂચવવા વૃત્ર આત્મા-પુત્ર-સ્ત્રી-ગૃહમાં આસક્તિ માગે છે. કારણ કે માયા અનુક્રમે, એટલે દેહાધ્યાસાદિ ચાર અધ્યાસથી, ચાર પ્રકારના પુરુષાર્થ સિદ્ધ કરે છે. તેમાં પણ દેહાધ્યાસથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આવા ચારે પુરુષાર્થોને સાધે છે એવી રીતે ઇન્દ્રિયાધ્યાસથી, એવી

જ રીતે પ્રાણાધ્યાસથી, એવી જ રીતે અંત:કરણાધ્યાસથી. તેમાં પ્રથમ દેહાધ્યાસનું વર્ણન કરે છે. આ અધ્યાસોમાં દેહાધ્યાસથી ધર્મસિદ્ધ થાય છે. જો દેહાધ્યાસ ન હોય તો ધર્મ પાળવામાં અધિકાર ન રહે. કારણ કે ધર્મ માત્ર દેહને ઉદ્દેશી કહેવામાં આવે છે. અર્થસિદ્ધિ પણ દેહાધ્યાસથી જ થાય છે. પુત્રરૂપી ઉત્તમોત્તમ અર્થ પણ દેહાધ્યાસ હોય તો જ ઉત્પન્ન થાય. કામસિદ્ધિ પણ દેહાધ્યાસથી જ થાય છે. કામસિદ્ધિમાં સ્ત્રીની અપેક્ષા, તે પણ દેહાધ્યાસ વિના કેમ થાય! અને વૃત્રાસુર લીલારૂપ માયાથી ગૃહાસક્તિરૂપી મોક્ષ માગે છે તે પણ દેહાધ્યાસ વિના કેમ સમ્ભવે? માટે દેહાધ્યાસથી જ ચારે પુરુષાર્થ સિદ્ધ થશે.

ભગવાન્ની લીલારૂપ માયાથી ભગવલ્લીલામાં ઉપયોગી સર્વ પદાર્થો છે એવી ભગવદ્ બુદ્ધિથી તે પદાર્થોમાં આસક્તિ થાય છે. તે આસક્તિથી ભગવાન્માં તે જીવોનો નિરોધ થાય છે. અને આ ભગવલ્લીલારૂપ ગૃહમાં ભક્ત ભગવલ્લીલાનો આન્તર અનુભવ કરે છે. (આ જ ભક્તની સર્વોત્કૃષ્ટ દશા છે) માટે મોક્ષમાં લય થઈ બ્રહ્મભાવ થાય એની અપેક્ષાએ આવા ભક્તોનાં ગૃહ ભગવલ્લીલાનુભવથી ઉત્કૃષ્ટ હોય, એમાં કહેવું જ શું!

કૃષ્ણદાસ:બ્રહ્મભાવ કરતાં ભગવદ્ભક્તોનાં ગૃહની અધિકતા સમજાવશો?

વલ્લભદાસ:બ્રહ્મભાવમાં તો મોક્ષ વિના અન્ય પુરુષાર્થનો અનુભવ નથી પરન્તુ ભક્તના ગૃહમાં ચારે પ્રકારના પુરુષાર્થનો અનુભવ છે. બ્રહ્મભાવમાં સર્વ ઇન્દ્રિયોનો લય થઈ જાય છે ત્યારે ભક્તના ગૃહમાં તો સર્વ ઇન્દ્રિયો ભગવાન્ની અલૌકિક સુન્દર લીલાનો અનુભવ કર્યા કરે છે. માટે બ્રહ્મભાવ કરતાં ભક્તનાં ગૃહો સર્વ રીતે શ્રેષ્ઠ છે. તેથી અલૌકિક દેહ પ્રાપ્ત થઈને નિજ અન્તરંગ ભક્તોની સાથે પ્રકટ થયેલા પ્રભુની અખિલ પુરૂષાર્થરૂપ લીલાનો આન્તર રમણાત્મક અનુભવ કરવો તેનું નામ છે ‘પુષ્ટિપુષ્ટિમોક્ષ’. અને તેને જ વૃત્ર માગી રહ્યો છે.

કૃષ્ણદાસ:તમે બ્રહ્મભાવ કરતાં પણ તેની ઉત્તમતા દર્શાવી પણ મને ગૃહાસક્તિને મોક્ષરૂપ કહેવામાં જરા શંકા રહે છે કે ચિત્તની આસક્તિને સંસારરૂપ કેમ ન કહેવી અને જે સંસારરૂપ કહેવાય તેને મોક્ષત્વ શી રીતે?

વલ્લભદાસ:ચિત્ત, બુદ્ધિ, મન અને અહંકાર આ ચાર પ્રકારનું અન્ત:કરણ છે. તેમાં ચિત્ત એ વાસુદેવાત્મક છે. વાસુદેવ મોક્ષદાતા છે. માટે જ વૃત્રાસુર ઊપરના ચાર પૈકી ‘ચિત્ત’ શબ્દ વાપરતાં કહે છે કે "હું લીલારૂપ માયાથી આત્મા વિગેરેમાં આસક્તચિત્તવાળો થાઉં" માટે મોક્ષરૂપત્વ છે (જે ચિત્ત સંસારમાં આસક્ત હોય તેને સંસારજ ફલ) પણ અહીં તો ભગવદ્લીલારૂપ માયાથી ભગવલ્લીલારૂપ ગૃહમાં ભગવદીયત્વે કરીને પુત્રાદિકમાં વાસુદેવાત્મક ચિત્તની આસક્તિ તે સાક્ષાત્ મોક્ષરૂપ છે. તેમાં સંસારસક્તિ ક્યાં રહી? તેમજ આ મોક્ષપ્રકરણ ચાલે છે તેથી કરીને આની અન્દર સંસારાસક્તિ સમ્ભવે નહીં.

કૃષ્ણદાસ:વૃત્રે ભગવન્માયાથી ઉત્પન્ન થએલી આસક્તિ માત્ર માગી તો ઠીક, પરન્તુ તેની સાથે "ભગવન્માયા વિનાની કેવળ આસક્તિ ન થાઓ" એવું નિષેધવચન શા માટે માગ્યું? એકજ માગતાં બીજાનો નિષેધ આપોઆપ થઈ જાય છે!

વલ્લભદાસ:જો કે "ભગવાન્ની લીલરૂપ જ માયાથી મને પુત્રાદિકમાં આસક્તિ થાઓ" એવું કહેવાથી જ ભગવાનની લીલારૂપ માયા વિનાની આસક્તિ સમજાઈ જતી હતી તો પણ વૃત્રને એમ લાગ્યું કે "જેની સ્પષ્ટ ના ન કહી હોય તે કબુલ કર્યું કહેવાય" એ ન્યાયથી વૃત્ર "ન ભૂયાત્" કહી નિષેધ કરે છે.

કૃષ્ણદાસ:"ન ભૂયાત્" કહી નિષેધ ન કર્યો હોત તો શું નુકસાન થાત?

વલ્લભદાસ:ભગવાનની માયામાં મોહકત્વ અને લીલારૂપત્વ ઉભય રહેલાં છે. તેથી પુત્રાદિકમાં ઉભય પ્રકારની આસક્તિ થઈ જાય તો ભગવાન્ તે ભક્ત સાથેક્રીડા ન કરે. ભગવાન્ કેવલ લીલારૂપ માયા વિના કદાપિ ક્રિડા ન જ કરે. આવી રીતે લીલારૂપ માયા વિનાની લૌકિક આસક્તિથી ક્રીડામાં અડચણઆવે તેથી વૃત્ર સ્પષ્ટ ના કહે છે.

(લૌકિક આસક્તિથી શ્રીયશેદાજીને પણ બહિર્મુખત્વ થયું)

એક વખતે શ્રીયશોદાજી શ્રીકૃષ્ણચન્દ્રને સ્નાનાદિક કરાવી, બ્રાહ્મણો પાસે સ્વત્યયન કરાવી. બ્રાહ્મણોને અન્ન વસ્ત્ર વિગેરે આપી, હવે આ શ્રીકૃષ્ણચન્દ્રને નિન્દ્રા આવી જાણી પોઢાડ્યા. પુન: અનેક લૌકિક કાર્યમાં તે રોકાયાં. ઘેર આવેલાને સામા લેવા જવામાં યશોદાજી રોકાયાં. લૌકિકમાં આસક્તિ થાય એટલે ભગવત્સમ્બન્ધ ગૌણ થઈ જાય. ત્યારે ભગવદંશનો પણ ત્યાગ કરી લૌકિક આગતા-સ્વાગતા કરતાં માલા કુંકુમાદિકથી તામસ જેમાં અધિક છે એવાં વ્રજૌકસો-વ્રજવાસીઓનું સમ્માન કર્યું. આ સમ્માનમાં ભગવત્કાર્ય ગૌણ થયું અને લૌકિકકાર્ય મુખ્ય થયું. સ્તનાર્થી ભગવાનનું રુદન પણ ન જાણ્યું. તેથી શ્રીઆચાર્યચરણ, શ્રીયશોદાજીને તેટલા પુરતી બહિર્મુખતા થઈ, એમ આજ્ઞા કરે છે. બહિર્મુખતા ફલ તો તુરત જ મળ્યાં. લીલારસના અનુભવનો આનન્દ લુંટી રહ્યાં હતાં તેના પ્રતિબન્ધકરૂપ શકટ ભંગ કર્યો.

(લૌકિક આસક્તિથી બહિર્મુખતા થવામાં પ્રમાણ)

આવી રીતે લૌકિક કેવલાસક્તિ મોક્ષમાં વિરૂદ્ધ હોવાથી ભગવાનની લીલાપયોગિની માયા વિના કેવળ આસક્તિનો નિષેધ કર્યો. નામાવલીમાં "શકટભેદબાલચરિત્રાય નમ:" એવું બાલચરિત્રનું 30 મું નામ છે. તેની વિવૃતિ કરતાં શ્રીગોકુલોત્સવજી કહે છે : સાક્ષાત્ ભગવાન્ને ત્યજીને અન્ય આસક્તિ જરૂર અનુચિત છે, માટે જ આપે શકટ ભંગ કર્યો. ("લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિરસ્તુ ન કરિષ્યતિ" ભગવાન્ ભક્તોનું વેદમાં સ્વાસ્થ્ય ન થવા દે તો લોકમાં સ્વાસ્થ્ય શી રીતે થવા દે! શકટ ભંગ પછી લૌકિકાસક્તિ તરત દૂર થતાં શ્રીયશોદાજીની તુરત શ્રીમાં આસક્તિ થઈ. માટે સારાશંમાં

કહેવાનું કે મોક્ષ એટલે સમ્પૂર્ણ ભગવદીયત્વ. આવી રીતે સર્વપ્રસંગમાં-સર્વ વસ્તુમાં ભગવદ્બુદ્ધિ થવી જોઈએ. આવી ભગવદ્બુદ્ધિ કેવલાસક્તિ-ભગવદ્બુદ્ધિ સિવાયની આસક્તિ બાધક થાય માટે કેવલાસક્તિનો વૃત્રાસુરે નિષેધ કર્યો.

કૃષ્ણદાસ:જરા પણ અન્યાશ્રય એ સર્વથા બાધક થાય જ. પણ પ્રભુ કૃપાળુ છે તેથી દૂર કરે છે.

વલ્લભદાસ:હવે હું તમને આ સર્વ સન્દર્ભ ઉપરથી પુષ્ટિપુષ્ટિમોક્ષનો અર્થ કહું છું.

આ સર્વ સન્દર્ભ ઉપરથી પુષ્ટિપુષ્ટિમોક્ષનો અર્થ એ થયો કેસંસારમાં રહેતાં છતાં કર્મસમ્બન્ધ વિના, કેવળ પ્રભુના સમ્બન્ધથી જ, આપની સ્વરૂપ સમ્બન્ધિની માયા વડે, ગૃહમાં જ, લોકવેદાતીત શુદ્ધ પુષ્ટિમાર્ગીય પ્રભુસ્વરૂપ સાથે સર્વ લીલાનો અનુભવ કરવામાં ભક્તને સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત થવું તેને જ ‘પુષ્ટિપુષ્ટિ મોક્ષ’ કહેવાય. આનું ઉદાહરણ તો શ્રીગોપીજનો છે. આ જ મોક્ષ સર્વ ફલમાં ઉત્કૃષ્ટ છે એવું જણાવવા સર્વના અન્તમાં, પદ્યમાં જ વર્ણવાનું હતું તે વર્ણાવ્યા બાદ, આશીર્વાદાત્મક ક્રિયાપદ ‘ભૂયાત્’ ‘થાઓ’ મુક્યું છે.

(ઉપસંહાર)

આ પ્રમાણે શ્રીઆચાર્યચરણની કૃપાથી આ ‘મમોત્તમ’ પદ્યના વ્યાખ્યાનનો અર્થ મેં (શ્રીહરિરાયજીએ) હર્ષથી દર્શાવ્યો છે.॥1॥

મારા વિચારી વદેલા વિવેચનને વિચારીને ભક્તો નિરન્તર શ્રીમદાચાર્યચરણમાં આસક્તિવાળા થાઓ॥2॥

પુષ્ટિપુષ્ટિમોક્ષરૂપી ઉત્તમ ફલ પણ તમને શ્રીઆચાર્યચરણની કૃપાથી થશે. માટે તમો સંસારાસક્તિ છોડી શ્રીઆચાર્યચરણોક્ત ભક્તિમાર્ગથી ભજો॥3॥

તે જ મારા પ્રભુ શ્રીઆચાર્યચરણ ભક્તનો પક્ષ લેનારા છે. તે પોતાનાં ભક્તોનું ઐહિક અને પારલૌકિક ઉભય સિદ્ધ કરશે.

આ પ્રકારે શ્રીપ્રભુચરણકમલપરાગાનુરાગી શ્રીહરિરાયચરણવિરચિત ‘મમોત્તમ’ પદ્ય વિવરણ ઉપરની ટિપ્પણીનો અનુવાદ સમ્પૂર્ણ થયો.

શ્લોકાર્થ: (આ શ્લોકનાં પૂર્વાર્ધમાં પુષ્ટિમર્યાદામોક્ષ અને ઉત્તરાર્ધમાં પુષ્ટિમોક્ષનું નિરૂપણ છે.)

(પુષ્ટિમર્યાદામોક્ષનું નિરૂપણ)

હે નાથ! (કર્મ બંધનને છોડાવનારી) આપની માયાવડે દેહ, પુત્ર, સ્ત્રી અને ઘરમાં આસક્ત ચિત્તવાળા અને પોતાના કર્મો કરીને સંસારરૂપ ચક્રમાં ભમતા મને આપના ઉત્તમ યશનું વર્ણન કરનાર ભક્તજનોમાં સખ્ય થાઓ અને આપની (અવિદ્યારૂપ મોહકશક્તિ) માયા વડે દેહ, પુત્ર, સ્ત્રી અને ઘર માં આસક્ત ચિત્તવાળા મને આપના ભક્તજનોમાં (સંસારાસક્તિથી) સખ્ય ન થાઓ.

(પુષ્ટિપુષ્ટિમોક્ષનું નિરૂપણ)

સંસારમાં આસક્તિ કરનારી આપની માયાવડે દેહ, પુત્ર, સ્ત્રી અને ઘરમાં આસક્ત ચિત્તવાળો તથા પોતાના કર્મોવડે સંસારચક્રમાં ભ્રમણ કરનારા મને આપના ભક્તજનોમાં સખ્ય ન થાઓ અને રમણરૂપ (લીલોપયોગિની) આપની માયાવડે દેહ, પુત્ર, સ્ત્રી અને ઘરમાં (સેવોપયોગી જાણી) આસક્ત ચિત્તવાળા મને હે નાથ! આપના ઉત્તમ યશનું વર્ણન કરનાર ભક્તજનોમાં સખ્ય થાઓ. (4)

પ્રણમ્ય શ્રીમદાચાર્યચરણાન્ તત્કૃપાબલાત્।

તદીયાં પુષ્ટિમાર્ગીયમોક્ષોક્તિ વિવૃણોત્યયમ્॥

અર્થ: શ્રીમદાચાર્યજીનાં ચરણકમલમાં દંડવત્ કરીને, તેમની કૃપાના બળનો આશ્રય કરીને, તેમની પુષ્ટિમાર્ગીય મોક્ષની ઉક્તિ (વચનામૃત) નું આ વિવરણ કરું છે.

પુષ્ટિપ્રવાહમર્યાદાભેદગ્રંથમાં પુષ્ટિમાર્ગનું નિરૂપણ કરેલ છે. તેમાં ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ અવશ્ય બતાવવા જોઇએ. તે હેતુથી ષષ્ઠસ્કંધ પુષ્ટિલીલારૂપ છે તેમાં સાધન તથા સ્વરૂપ સહિત પુરુષાર્થનું નિરૂપણ છે, માટે વૃત્રાસુરે ચાર શ્લોકથી ચાર પુરુષાર્થનું નિરૂપણ કરેલ છે. તે વાક્યોથી જ પુરુષાર્થનું સ્વરૂપ બતાવવાની ઇચ્છા રાખનાર શ્રીઆચાર્યજી મહાપ્રભુજી, (પ્રથમ3 શ્લોકમા ધર્મ-અર્થ અને કામનું સ્પષ્ટ નિરૂપણ છે અને મોક્ષનું નિરૂપણ સ્પષ્ટ નથી તેથી) મોક્ષનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરે છે. શ્રીભગવાનનો અનુગ્રહ એ પુષ્ટિનું લક્ષણ છે. તેથી પુષ્ટિ એટલે અનુગ્રહ સમજવો, તે જુદો ધર્મ છે એમ ભક્તિહેતુનિર્ણયમાં નિરૂપણ છે. તે ધર્મ ફળને સિદ્ધ કરનાર છે, તેથી પુષ્ટિમાર્ગ કહેવાય છે.

મોક્ષનું સ્વરૂપ શ્રીભાગવત દ્વિતીયસ્કંધમાં લખેલું છે તે આ પ્રકારે છે. "વિપરીત રૂપનો ત્યાગ કરીને પોતાના સ્વરૂપમાં સ્થિત રહેવું તે મુક્તિ કહેવાય" આ વાક્યમાં કહ્યા પ્રમાણે વિપરીત રૂપનાં ત્યાગપૂર્વક પોતાના સ્વરૂપમાં સ્થિત રહેવું એ લક્ષણવાળા મોક્ષનું નિરૂપણ કરીએ છીએ. (અર્થાત્ બીજાથી વિલક્ષણપણાંથી જણાવીએ છીએ)

ત્યાં કોઇ શંકા કરે કે "સંસારમાં દ્રઢ પ્રસંગ થાય તે આત્માનો (બંધન કરનાર) પાશ છે, એમ વિદ્વાન પુરુષો જાણે છે" "આપ સ્નેહરૂપ પાશથી આ સર્વ જગતને બાંધો છો." ઇત્યાદિ વાક્યોથી બંધનું સ્વરૂપ (દેહાદિકમાં આસક્તિ તે) સ્પષ્ટ દેખાય છે. તેથી તેનો અભાવ, તે મોક્ષ એમ મોક્ષનું સ્વરૂપ પણ સ્પષ્ટ જણાય છે અને તે બંધ તથા મોક્ષ, તમામ માર્ગવાળાને તુલ્ય છે માટે આ સ્થાને મોક્ષનું જુદું સ્વરૂપ બતાવવાનો શ્રમ કરવો તે વ્યર્થ છે,

એવી શંકા થાય, ત્યાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે મોક્ષનું સ્વરૂપ બીજા માર્ગવાળા માને છે, તે કરતા પુષ્ટિમાર્ગમાં જુદું છે. તે બતાવવા માટે મર્યાદામાર્ગમાં ઉપર કહ્યા પ્રમાણે અહંતા-મમતાનાં સ્થાનકરૂપ દેહાદિકમાં આસક્તિ અને (તે દેહની પાછળ રહેલા) તેથી અન્ય (સ્ત્રીપુત્રાદિક) માં પ્રસંગ, એ બંધનું સ્વરૂપ છે અને તે જ સંસારમાં કારણરૂપ છે. તેનો કારણ સહિત નાશ થવો, તે મોક્ષનું સ્વરૂપ જણાવેલું છે અને પુષ્ટિમાર્ગ તો તેથી વિપરીત છે. (એટલે દેહાદિકમાં આસક્તિ તથા તેથી અન્યનો સંગ તે મોક્ષ, અને તેનો અભાવ તે બંધ, એ પુષ્ટિમાર્ગનાં બંધ-મોક્ષનું સ્વરૂપ છે.) તેમાં મોક્ષ તો અહીં સ્ફુટ થશે, પણ બંધનું સ્વરૂપ આ વૃત્રાસુરની ચતુ:શ્લોકીમાં નથી. તે તૃતીય સ્કંધનાં નવમા અધ્યાયમાં બ્રહ્મસ્તુતિમાં લખેલ છે. "દિવસમાં વ્યાપારયુક્ત અને પીડિત છે ઇન્દ્રિયો જેની, તેવા રાત્રિમાં નિરંતર સૂતેલા (એટલે મહામોહે ગળેલા) અને ઘણા મનોરથવાળી બુદ્ધિથી ક્ષણમાત્રમાં ભગ્ન થઇ જાય છે નિદ્રા જેની, એવા તથા દૈવે કરીને જ હણાયેલ છે અર્થની રચના જેની, એવા ઋષિગણ (જે મંત્રને જોનાર છે તે) પણ આપના પ્રસાદથી વિમુખ થયેલા આ સંસારમાં ફરે છે" એટલે પૂર્વજન્મમાં બ્રહ્માત્મભાવનો વિચાર કરનાર ઋષિગણો છે, તેમનાં દેહનો અંત થાય ત્યારે તે નિવૃત્તિમાર્ગ પ્રમાણે ચાલનાર છે. તેથી તેમના ઉપર શ્રીભગવાન પ્રસન્ન થઇને સત્યલોકાદિકમાં કે અહીં, (એટલે જગતમાં) કાંઇક પ્રસાદ1 આપે છે, તે વખતે આ અમને ઇચ્છિત નથી એમ વિચારી ભગવત્પ્રસાદથી વિમુખ થાય છે. કેમકે બ્રહ્મભાવ કેમ થાય, એ તાત્પર્યનું તેમને જ્ઞાન નથી. તેથી આ બ્રહ્માંડમાં તેમને આનંદાંશ પ્રકટ નથી જ થતો. તેને માયારૂપ પડદો આડો આવે છે એટલે ભગવાન પ્રકટ થઇ અનુભવ આપતા નથી. તેથી સાયુજ્યમુક્તિ પણ થતી નથી. તેથી જ વેદવ્યાસજીએ દ્વિતીયસ્કંધમાં જ્ઞાનનું ફલ સદ્યોમુક્તિ નથી કહ્યું. અર્ચિષ2 માર્ગથી જ્ઞાનીજનો બ્રહ્મલોકમાં જઇને ત્યાં રહે છે, એમ કહેલું છે. તેથી ભગવાને આપેલા પ્રસાદનો અંગીકાર ન કરવામાં મન નથી તથા યોગથી સંસાર જ રહે, તે માટે બ્રહ્મભાવનામાં પણ સંસારની નિવૃત્તિ થતી નથી3 તે દશમ સ્કંધનાં ક્ષેપક અધ્યાયમાં પણ બ્રહ્મસ્તુતિમાં નિરૂપિત છે. "કલ્યાણને આપનાર આપની ભક્તિને છોડીને હે સમર્થ! કેવલ શુષ્ક જ્ઞાનથી જ આપને પામવા માટે જે મહેનત કરે છે, તેને ફલમાં મહેનત જ રહે છે. બીજું કંઇ ફલ મળતું નથી. જેમ ચોખાનાં ફોતરા ખાંડનારને મહેનતથી થાક લાગે, તે સિવાય કંઇ પણ ફલ (એટલે ચોખા) મળે નહીં" ઇત્યાદિ વાક્યોથી એમ જ નિશ્ચય થાય છે કે ભક્તિથી જે વિમુખ હોય અને દેહાદિકની આસક્તિ છોડીને બ્રહ્માત્મભાવનો વિચાર કરતા હોય, તેમને પણ સંસારનિવૃત્તિ નથી થતી. તેથી તે બંધનું સ્વરૂપ છે. એ જ પ્રમાણે બંધનું સ્વરૂપ શ્રીપુરુષોત્તમજીએ તૃતીયસ્કંધ શ્રીસુબોધિનીજીને અનુસાર બતાવેલું છે.

(ત્યાં પુષ્ટિ અને મર્યાદા ની વ્યવસ્થાથી મોક્ષ બે પ્રકારના છે તે "મમોત્તમશ્લોક" નિરૂપણ કરે છે. પુષ્ટિમોક્ષ, મર્યાદાપુષ્ટિ અને પુષ્ટિપુષ્ટિ, એ ભેદથી બે પ્રકારનો છે.)

એક માર્ગમાં સાધન સરખા છે, ત્યારે ફલમાં ભેદ કેમ? એવી શંકા થાય ત્યાં સમાધાન કરે છે કે માર્ગ એક છે, પણ તેનો અવાંતર (એટલે આંતરિક) ભેદ છે, તેથી મોક્ષના સ્વરૂપમાં પણ ભેદ છે. વેદોક્ત કર્મ, જ્ઞાન અને ભક્તિ, એ મર્યાદાનું સ્વરૂપ છે એમ પુષ્ટિપ્રવાહ-મર્યાદાભેદ ગ્રંથમાં નિરૂપિત છે. તેમાં આ જે મોક્ષનું પ્રકરણ છે, તેથી જ્ઞાન અને ભક્તિનું ગ્રહણ કરવું. કદાચિત્ યોગની ઉપાસના ગ્રહણ કરીએ તો ત્રણ થાય. એટલે ભક્તિથી, જ્ઞાન તથા ભક્તિ બેથી, કે જ્ઞાન, ભક્તિ અને યોગ, એ ત્રણ મિશ્રિત જે અનુગ્રહ, તે પુષ્ટિમર્યાદા કહેવાય છે. તેથી મોક્ષ થાય તે પુષ્ટિમર્યાદામોક્ષ સમજવો. બીજા અનુગ્રહથી મિશ્રિત જે અનુગ્રહ, તે પુષ્ટિપુષ્ટિ કહેવાય, તેનાં દ્વારા મોક્ષ થાય તે પુષ્ટિપુષ્ટિમોક્ષ સમજવો. તેમાં પુષ્ટિમર્યાદામોક્ષમાં ભગવાનનો પરોક્ષ અનુભવ થાય અને પુષ્ટિપુષ્ટિમોક્ષમાં શ્રીભગવાનનો પ્રત્યક્ષ અનુભવ થાય એ પ્રમાણે મોક્ષનાં ભેદ છે.

તેમાં પુષ્ટિમર્યાદામોક્ષને ગૌણપણું છે, એમ બતાવવા માટે શ્લોકનાં પૂર્વાર્ધનાં પદનો અર્થ બતાવે છે. તેમાં પહેલા શ્લોકમાં 'હે હરે!', બીજા શ્લોકમાં 'હે સમંજસ!' અને ત્રીજા શ્લોકમાં 'હે અરવિંદાક્ષ!', એમ સંબોધન કહેલા છે. તેથી શ્રીભગવાનનાં પ્રત્યક્ષ દર્શન વૃત્રાસુરને થયા છે એમ સ્પષ્ટ જણાય છે. તેથી આ શ્લોકમાં પણ 'હે ઉત્તમશ્લોક!', એમ સંબોધનથી પ્રભુ પાસે પ્રાર્થના કરે છે, એમ શંકા થાય, ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "પ્રભુ પ્રત્યક્ષ છે, તો પણ તેમાં શાસ્ત્રનો અર્થ સિદ્ધ કરવા માટે 'ઉત્તમશ્લોકજનેષુ', એ એક પદ છે" તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે 'ઉત્તમશ્લોક' શ્રીભગવાનનું નામ છે. તેથી પ્રત્યક્ષ દર્શન કરવાવાળો વૃત્રાસુર, ('આપના જનમાં' સખ્ય ન થાઓ એમ કહેવું જોઇએ તેને બદલે) 'ઉત્તમશ્લોકના જનમાં' સખ્ય ન થાઓ એમ કેમ કહે છે? એવી શંકા થાય ખરી. પણ તેમ અર્થ કરવામાં 'હે ઉત્તમશ્લોક! સંસારચક્રમાં ભ્રમણ કરનાર, એવો જે હું તેને જનમાં સખ્ય થાઓ.' એવો અર્થ થાય ત્યારે તેનો જન્મમરણ લેનાર મનુષ્યના સખ્યનાં અભાવની પ્રાર્થના કરવાનો અભિપ્રાય તેવું સખ્ય પોતાને પ્રતિબંધ કરનારું થાય, એમ માનવું જોઇએ. કેમકે મોક્ષ પર્યંતની ઇચ્છા રાખનાર અને મનથી શ્રીભગવાનનાં દર્શન કરવાની ઇચ્છા રાખનારને પ્રતિબંધ તો પ્રથમથી જ નિવૃત્ત થયા એટલે તેવા (જન્મ-મરણ ધર્મવાળા) જનના સખ્યનાં અભાવની પ્રાર્થના કરવી એ સંભવતું નથી. માટે 'ઉત્તમશ્લોકજનેષુ' એ સમસ્ત પદ કરીને બીજો અર્થ કરવો એ જ યોગ્ય છે. એવા અભિપ્રાયથી શ્રીમહાપ્રભુજી શાસ્ત્રનો અર્થ સિદ્ધ કરવા માટે આજ્ઞા કરે છે કે વૃત્રાસુરને પ્રભુ પ્રત્યક્ષ નથી એમ જે કહેતા હોય તેમણે પણ સંબોધનને અનુસારે બુદ્ધિમાં પ્રભુનું સન્નિધાન છે, (આ ચતુઃશ્લોકીમાં કહ્યા પહેલા 'જેમ સંકર્ષણ ભગવાને કહેલ છે, તેમ તેનાં ચરણારવિંદમાં મન ધારણ કરીને તમારા વજ્રનાં વેગથી ત્રુટી ગયેલ છે અસુરદેહનો પાશ જેનો, એવા સૂર્યમંડળનો ભેદ કરી મુનિયોની ગતિને પામીશ' એમ ઇંદ્ર પ્રતિ કહેલ છે, તેથી પૂર્વ જન્મનું સર્વ સ્મરણ તેને છે એમ) અવશ્ય કહેવું જ જોઇએ. માટે તે એકાંત ભક્ત છે, એમ અવશ્ય સમજવું અને એવા ભક્તને પ્રાણત્યાગ કરવાનો સમય હોય, ત્યારે ભીષ્મમુક્તિમાં જેમ પ્રભુ કૃપા કરી દર્શન આપે, એમ પણ અવશ્ય માનવું જોઇએ. એટલે પ્રભુની પ્રત્યક્ષતામાં અસંભવિતપણું શું છે? કંઇજ નહીં. માટે પ્રભુ પ્રત્યક્ષ છે, એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

હવે જ્યારે પ્રત્યક્ષ છે ત્યારે 'આપના જનમાં' એમ કહેવું જોઇએ, તેના સ્થાને 'ઉત્તમશ્લોકના જનમાં' એમ કહ્યું તે શાસ્ત્રાર્થપણાં માટે એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. તેની સ્પષ્ટતા કરતા શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે 'ઉત્તમશ્લોક' એટલે ઉત્તમ (યથાર્થ શાસ્ત્રાર્થ જાણનાર) જેનું કીર્તન કરે છે અથવા ઉત્તમ (પરાપર વિદ્યાને પ્રાપ્ત કરનાર) છે કીર્તિ જેની, એવા ભગવાનના જન(ભક્ત) તે ઉત્તમશ્લોકજન સમજવા. પદ્મપુરાણમાં કહ્યું છે "કર્મથી બંધન થાય, એવું વૈષ્ણવોનું જન્મ નથી, કેમકે વિષ્ણુનાં દાસ થવું, તેને ડાહ્યા પુરુષો મોક્ષ કહે છે" એ વાક્યમાં કહેલા જન, તે ઉત્તમશ્લોકજન, એવો અર્થ બતાવવા માટે તે

એકપદ કહે છે. કેમકે ભક્તમાં બિરાજવાવાળા શ્રીભગવાન ભક્ત દ્વારા ફલ આપે છે. જેમ શુકદેવજી પરીક્ષિતને ભાગવતની કથા કહેતા હતા, તે નવમસ્કંધ સુધી કથા કહી ત્યાં શ્રીભગવાન્ શુકદેવજીમાં પધાર્યા અને દશમસ્કંધની કથા પ્રભુનાં આવેશથી શુકદેવજીએ કહી. તેવી જ રીતે સત્સંગ થાય ત્યાં ભગવાન ભક્તમાં આવિષ્ટ થઇ ભક્ત દ્વારા ફલ આપે છે, એવો અર્થ 'ઉત્તમશ્લોકજનેષુ' એ એકપદનો અર્થ કરીએ ત્યારે થાય. જો 'હે ઉત્તમશ્લોક!' એમ જુદું પદ કરીને 'જનેષુ' એ જુદું પદ કરીએ તો સાધારણ જન, એવો અર્થ થાય. તે માટે એક જ પદ સમજવું એજ ઉત્તમપક્ષ છે. તેમાં (એવી રીતે સત્સંગ થાય ત્યાં પ્રભુ ભક્તમાં આવિષ્ટ થઇને ફલ આપે છે, એમ સાક્ષાત્ અનુભવ તો થતો નથી, ત્યારે ભક્ત દ્વારા પ્રભુ ફલ આપે છે, એમ કેમ નિશ્ચય થાય એવી) શંકા થાય, ત્યાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "શ્રીભગવાનનાં ચરિત્ર પરસ્પર વખાણવા એ સત્સંગનું ફલ છે" તે ઉપર પુરુષોત્તમજી એવી સ્પષ્ટતા કરે છે કે, શ્રીભાગવત તૃતીયસ્કંધમાં શ્રીકપિલદેવજીએ કહેલું છે "મારી સેવામાં પ્રીતિવાળા, મારા માટે સર્વ ક્રિયા કરનાર કેટલાક ભક્તો ભેગા થઇને જે પરસ્પર મારા ચરિત્રોને વખાણે છે, તે મારામાં મળી જવારૂપ મોક્ષને ઇચ્છતા નથી" આ વાક્યથી જે (ભગવદીયોને પરસ્પર આસક્તિપૂર્વક શ્રીભગવાનના ચરિત્ર વખાણવારૂપ) જીવવાનું સાધન કહ્યું તે પણ ગુણાતીત અને પોતાના સ્વરૂપમાં (દાસપણાથી) રહેલા ભક્તોને પ્રભુના ચરિત્રમાં પ્રીતિ થવાથી ફલ છે, તે દ્વિતીયસ્કંધમાં શુકદેવજી કહે છે. : "વિધિ-નિષેધથી નિવૃત્ત થયેલા ઘણાખરા મુનિઓ, હે પરીક્ષિત! પોતે નિર્ગુણમાં રહેલા છે; છતા હરિના ગુણ કહેવામાં આનંદ પામે છે. હું નિર્ગુણતામાં નિષ્ઠાવાળો છું, તો પણ ઉત્તમ યશવાળા શ્રીભગવાનની લીલાએ ચિત્ત ગ્રહણ કરી લીધું છે. તેથી (એટલે ભગવચ્ચરિત્રના રસનો સ્વાદ લઇને) હે રાજ્ય તથા ઋષિપણાને સ્વાદને જાણનારા પરીક્ષિત! જેમ તને બન્ને1 રસનો અનુભવ થયો છે, તેમ મેં પણ નિર્ગુણપણાનો અને ભગવચ્ચરિત્રના રસનો અનુભવ કર્યો, તેમાં ભગવચ્ચરિત્રમાં રસ વધારે આવતા જે શ્રીભાગવત હું ભણ્યો છું, તે તને કહીશ અથવા તે રસ તારો છે, તે હું તારા સત્સંગથી યથાર્થ અનુભવમાં લઇશ, કેમકે તુ મહાપુરુષનો (એટલે સાક્ષાત્ પ્રભુનો) છો, તેથી જ તેમણે તારી રક્ષા કરી છે" દશમસ્કંધમાં પરીક્ષિત રાજાએ કહ્યું છે : "નિવૃત્ત થયેલ તૃષ્ણાવાળાએ ગવાયેલ, સંસારનાં ઔષધરૂપ કાન તથા મનને આનંદ ઉપજાવનાર એવા ઉત્તમ યશવાળા ભગવાનના ગુણાનુવાદથી (કર્મજડ અથવા આત્મઘાતી સિવાય બીજો) કોણ પુરુષ વૈરાગ્યને પામે?" ઇત્યાદિ વાક્યોમાં કહ્યા પ્રમાણે અત્યંત પ્રીતિથી પ્રભુનાં ગુણનો અનુવાદ કરવો, એ ફલરૂપ છે. તેમજ કોઇ સારી કવિતામાં યુક્તિ હોય, તેને વાંચીને જેમ લૌકિક પુરુષોનું (આનંદથી) હૃદય ગલિત થાય છે, તેમ પોતાના અલૌકિક આનંદને આપવાવાળા ગુણોનું વખાણ કરનાર ભક્તોને અલૌકિક આનંદનો અનુભવ થાય છે.

ત્યાં શંકા થાય કે ઉપર લખ્યા પ્રમાણે આનંદનાં અનુભવરૂપ ફલ તો શ્રવણમાં પણ થાય છે, જેમ પરીક્ષિતને થયેલ છે. તેથી તેણે કહેલ છે : "હરિની કથારૂપ અમૃતવાળું

તમારું વચન સેવનાર હું તૃપ્ત નથી થતો" તેમજ બીજું વાક્ય છે : "ભક્તનું દુ:ખ હરનાર અને ભક્તના મનોરથ સિદ્ધ કરનાર ઐશ્વર્યાદિ ષડ્ધર્મયુક્ત પ્રભુ કાન તથા મનને પ્રિય કરનાર ચરિત્રો કરે છે, તે અમને કહો. કારણકે યથાર્થ ભગવચ્ચરિત્રનું વર્ણન કરવામાં તમારું સામર્થ્ય છે" ઉપરોક્ત વાક્યો ભગવદ્ગુણનાં જ વખાણ કરનારા છે. વળી તેમાં વક્તાથી પોતાનો હીનભાવ સ્ફુટ દેખાય છે, માટે ભક્તનો સંગ થાઓ એમજ માંગવું જોઇએ.

સખ્ય માંગવામાં વધારે ફલ શું છે? એવી શંકા ન થાય તે માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "ભક્તોમાં દાસ્ય પર્યંત ભક્તિ તો સાધનથી સિદ્ધ છે, તેથી સખ્ય માંગે છે" તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે ઉપર જે પરીક્ષિતનાં વચન કહ્યા તે ગુણોની પ્રશંસા કરવાનાં કારણરૂપ છે. કેમકે ભગવદ્ગુણનું સ્વરૂપ સમઝીને તે બીજાને સમઝાવવું એ ગુણનું વખાણ કહેવાય અને આ પરીક્ષિતનાં વાક્યો તો ગુણને જાણવા માટે છે. તેથી તેવા વાક્યો (વક્તાને ઉત્સાહ કરાવવાવાળા છે માટે) સાધનરૂપ છે. તે સાધન તો દાસ્ય સુધીનાને સરખું છે, અને સખ્યમાં તો તેના બરોબર પોતાનું મન થાય ત્યારે તેનું મન પોતાના બરાબર થાય, એટલું ફલ વધારે છે, તેથી તેમણે સખ્ય માંગ્યું.

ત્યાં શંકા થાય કે "હે જનક! તું અભયને પામેલો છે" "અભયને ઇચ્છનારે સર્વાત્મા ભગવાન્ હરિ અને ઇશ્વરરૂપ પ્રભુનું સ્મરણ કરવું જ યોગ્ય છે" "આત્મસ્વરૂપ જાણનાર શોકને તરે છે" અને "જીવને સંસાર, બંધ અને પરતંત્રતા, અવિદ્યા પણ કરેલ છે" ઇત્યાદિ વાક્યોથી ભયરહિત થવું, શોકરહિત થવું અને પરતંત્રતા મટવી, એ મોક્ષનું લક્ષણ છે એમ સિદ્ધ થાય છે.

તેમાં ભગવદ્ભક્તો વિધિનિષેધથી નિવૃત્ત થાય છે, ભક્તિ કરનાર નરકમાં પડતા નથી, એવા વાક્યોથી તેને ભય અને શોક તો રહે નહીં, પણ સખ્યમાં તેને અનુકૂલ વર્તવું જોઇએ, તેથી પરતંત્રતા તો રહે છે. માટે ભક્તના સખ્યને મોક્ષપણું ન કહેવાય, એવી શંકા ન થવા માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કે છે કે, 'સર્વથા સ્વતંત્રપણાં માટે પોતાનું સખ્ય ભક્તોમાં થાઓ એમ કહેલ છે' તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે દયા વિનયાદિયુક્ત સાથે સંબંધપણું છે તો પણ તે ભક્તોમાં સ્વધર્મપણાંથી રહેલો સખ્યરૂપ ધર્મ મારા સંબંધમાં પણ થાઓ એવા અભિપ્રાયથી ઘીમાં રહેલું દ્રવત્વ અગ્નિના સંયોગરૂપ નિમિત્તથી થાય છે તેવી રીતે સખ્ય વિદ્યમાન છે. તેથી સર્વથા સ્વતંત્રતા જણાવવા માટે અહીં પોતામાં રહેલું ભક્ત વિષયક સખ્ય માંગેલું છે, તેથી મોક્ષપણામાં હાની નથી.

આ રીતે સખ્યનું સ્વતંત્રપણું થયું, તો પણ પોતે શ્રોતા રહે તેમાં વક્તાને આધીન રહેવું જોઇએ, તેથી પરતંત્રતા થઇ એટલે મુક્તપણાની હાની થઇ અને તે ભક્તોને જન્માદિધર્મયુક્તપણાંથી સમીપ સ્થિતિ ન રહેવારૂપ વિકારદશા પ્રાપ્ત થાય, ત્યારે (જેની સાથે સખ્ય માંગે છે તે) સામા પુરુષના અભાવમાં દેશ તથા કાલ (સખાને) જુદા પાડે છે. તેથી સખ્યમાં અંતરાય1 આવવાથી મુક્તિપણાંની હાની છે, એવી શંકા થાય ત્યાં શ્રીમહાપ્રભુજી

આજ્ઞા કરે છે કે ગુણ વખાણવામાં પોતાને પણ સ્વતંત્રતા માટે અને મુક્તિ હંમેશા બની રહે તે માટે ('ઉત્તમશ્લોકજનેષુ' એ પદમાં) ઘણાં જનો સાથે સખ્ય માંગેલું છે. આના વિશેષ અર્થનો શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે ઘણાઓને એક સાથે વક્તાપણું સંભવ નથી, તેથી તે ભક્તોને શ્રોતાપણું અને પોતાને વક્તાપણું છે. એટલે પોતાને વક્તાપણું બતાવે છે, તેથી પોતાની સ્વતંત્રતા સિદ્ધ રહેવાથી ઘણા શ્રોતાઓમાંથી એકનું તિરોધાન થાય તોપણ બીજા હોય, તેઓની સાથે સખ્ય બન્યું રહે. તેથી પોતાને મુક્તપણાનાં તથા સખ્યને મુક્તિપણાંની હાની નથી. એવી રીતે પોતાને વક્તાપણાંથી સ્વતંત્રતા સિદ્ધ થવાથી ભક્તોની અવજ્ઞારૂપ દોષ પ્રાપ્ત થાય, એવી શંકા થાય ત્યાં આજ્ઞા કરે છે કે "ભક્તોને જનપણું છે, તેથી જ દોષનો સંબંધ નથી" તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે તે ભક્તોને શ્રીભગવાનના ઉત્તમ યશનું જાણવાપણું છે, તો પણ આપણે જન્મ-મરણાદિ ધર્મયોગથી સ્વતંત્ર નથી, એવું જ્ઞાન છે. તેથી તેઓમાં સ્વતંત્રતાથી દોષનો સંબંધ નથી. જેમ સનકાદિક જ્ઞાનિઓ સર્વ રીતથી સમાન છે, તો પણ તેમાં સનંદન (જ્ઞાન, તપ, વ્રતાદિકથી સનકાદિક સમાન છે, તો પણ વેદસ્તુતિનાં નિરૂપણમાં સનંદન વક્તા થાય છે અને બીજા શ્રોતા થાય છે.) વક્તા થયા અને બીજા શ્રોતા થયા તેથી તેમાં બીજાની અવજ્ઞારૂપ દોષનો સંબંધ નથી. તેમ પોતે વક્તા થાય અને ભક્તો શ્રોતા થાય, તેમાં અવજ્ઞારૂપ દોષનો સંબંધ નથી.

ત્યાં શંકા થાય કે જેમાં કાંઇપણ દુ:ખ ન આવે તે મોક્ષ કહેવાય અને અહીં તો સખ્યને મુક્તિપણું સિદ્ધ કર્યું તેમાં પોતે વક્તા થવાની ઇચ્છા રાખે છે. તેથી તેના મોક્ષસુખને શ્રોતાની અપેક્ષા રહે છે. તેથી તેવા શ્રોતા શોધવાથી મળે તેમાં શ્રમ થાય, અને ભગવદ્ગુણનું જ્ઞાન થાય, તેમનાં ચરિત્રોનું જ્ઞાન થાય, ત્યારે તેનાં વખાણ થાય અને તેવું જ્ઞાન શ્રવણથી સિદ્ધ થાય, તેથી તેને વક્તાને આધીનપણું છે. માટે તેવા વક્તાને મેળવવામાં શ્રમ થાય, તેથી તેમાં દુ:ખ પ્રાપ્ત થાય છે. માટે તે સખ્યને મોક્ષપણું કેમ કહેવાય? એવી શંકાના સમાધાનમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "સંસારને ચક્રપણું છે માટે જ ફરીને તેને મેળવવાનો શ્રમ નથી" તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો લખે છે કે ચક્રમાં ફરનાર જે-જે સ્થળમાં જવું હોય તે-તે સ્થળમાં જલદી પહોંચી જાય છે અને પ્રિય-અપ્રિયનો સંયોગ-વિયોગ પણ હંમેશા થાય છે. તેથી વક્તાને શ્રોતા મેળવવામાં કે શ્રોતાને વક્તા મેળવવામાં શ્રમ નથી થતો અને તેથી કોઇ જાતનું દુ:ખ પણ નથી. માટે સખ્યને મોક્ષપણામાં હાની નથી.

ત્યાં 'સંસારરૂપ ચક્રમાં કર્મથી ભ્રમણ કરનાર' એમ લખેલું છે. તેથી ક્લેશ સાધનપણું પણ દેખાય છે, માટે તેમાં દુ:ખ નથી એમ કેમ કહેવાય? એવી શંકા કરીને શ્રીમહાપ્રભુજી તેનું તાત્પર્ય કહે છે કે "કર્મથી ફરવારૂપ ક્લેશસાધનથી કૃપા કરીને સાધનની સિદ્ધિ સૂચવે છે" તેનો ખુલાસો શ્રીપુરુષોત્તમજી લખે છે કે સંસારચક્રમાં કર્મથી હું ફરું છું એ ક્લેશ છે, એમ પ્રભુને સૂચવવા માટે ક્લેશરૂપ સાધન પદ લખ્યું છે, ક્લેશ બતાવવા માટે નહીં; માટે તેમાં દુ:ખ નથી.

એવી રીતે સૂચવવું એ પ્રાર્થના કરીજ કહેવાય ત્યારે ક્લેશનો અભાવ કેમ સંભવે? ત્યાં આજ્ઞા કરે છે કે 'યોગ્ય અને અયોગ્ય દેહ ઘણા પ્રકારનાં થયેલ છે. તે હવે ન થાય, તે હેતુથી પ્રાર્થના છે.' એટલે આ વૃત્રાસુરને દેહ નિવૃત્ત થયા પછી પ્રભુકૃપાથી અંતિમ (છેલ્લો) દેહ થાય તેથી તે દેહ પ્રાપ્ત થયા પહેલા જ ક્લેશ છે પણ તે દેહ મળ્યા પછી ક્લેશ નથી, માટે તેમાં દુ:ખ આવતું નથી. સર્વકાર્ય ભગવદ્દઇચ્છાથી જ થાય છે. તેથી કાર્યમાત્રમાં ભગવદ્ ઇચ્છા જ કારણરૂપ હોવાથી ક્લેશમાં પણ તેવા ભક્તને ભગવદિચ્છાના કારણપણાંની સ્ફૂર્તિ રહેવી એ જ યોગ્ય છે. તે છતા તે કારણ કેમ નથી તે બતાવ્યું (અને કર્મથી ભમવાનું કેમ કહ્યું) એવી શંકા થાય ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "ક્લેશમાં સ્વામીના નામને કારણ બતાવવું એ યોગ્ય નથી. તેથી કર્મોથી ભમવાનું કહ્યું છે. પોતાના કર્મોનું ફલ પોતાને અવશ્ય ભોગવવું જોઇએ, એ આવશ્યકતા જણાવવા માટે પોતાના કર્મો, એમ કહ્યું છે અને તેની અવધિ નથી, એમ બતાવવા માટે ઘણા કર્મો કહ્યા છે" એટલે પોતાના કર્મનું ફલ પોતાને ભોગવવાની આવશ્યકતા છે. તેથી પોતાના કર્મોથી ભમવાનું કહેવું એ જ યોગ્ય છે, પણ ભગવદિચ્છાથી ભમવાનું કહેવું એ યોગ્ય નથી. અને તેવા ક્લેશમાં પ્રાર્થના કરવી એ પણ યોગ્ય છે.

ત્યાં શંકા થાય છે કે શ્રીભાગવત દશમસ્કંધમાં શ્રીકૃષ્ણે ગોપને અક્ષર-ધામનાં દર્શન કરાવ્યા પહેલા વિચાર કરેલ છે કે "મનુષ્ય આ લોકમાં અવિદ્યા, કામ અને કર્મોથી ઊંચી-નીચી ગતિયોમાં ભ્રમણ કરતો પોતાની ગતિને જાણતો નથી" એ શ્લોકમાં અવિદ્યા, કામ અને કર્મ -આ ત્રણને ભ્રમણના કારણરૂપ કહ્યા છે. તે છતા અહીં કર્મ માત્રને જ કારણરૂપ કેમ કહ્યું? ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "ચાકડો ફેરવવામાં દંડનો જેમ મુખ્ય ઉપયોગ છે, તેમ અહીં કર્મનો મુખ્ય ઉપયોગ છે. એમ બતાવવા માટે મુખ્ય ઉપયોગનાં અર્થમાં કર્મપદની તૃતીયા વિભક્તિ છે." એટલે કર્મ વિના અવિદ્યા અને કામથી તેવું ભ્રમણ થઇ શકે નહીં, એ અનુભવસિદ્ધ છે. તેથી ભ્રમણમાં મુખ્ય ઉપયોગ કર્મોનો જ છે, માટે અહીં તેનું કારણપણું કહ્યું છે. આવી રીતે અર્થ કરવામાં સખ્યની પ્રાર્થના કરે છે, એમ કહ્યું તે સંભવતું નથી કેમકે પ્રાર્થનાને બતાવનાર (ભૂયાત્) ક્રિયાપદ પૂર્વાર્ધમાં દેખાતું નથી. માટે આવી રીતે અર્થ કરવો એ સંદેહયુક્ત કહેવાય, એમ કોઇ કહે, ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "આ મુક્તિને ગૌણપણું છે, તે માટે અહીં પ્રાર્થનાનો પ્રયોગ નથી" એટલે પ્રાર્થનારૂપ ક્રિયાપદ નથી, તેથી સંદેહ કરવા જેવું નથી.

એવા ભક્તનું સખ્ય તે પુષ્ટિમર્યાદામાં મોક્ષ છે એમ કહ્યું. તે પુષ્ટિપ્રવાહમર્યાદા-ભેદગ્રંથમાં (પુષ્ટિમાર્ગમાં જીવ ભિન્ન છે તેમાં સંશય નથી, એમ પ્રથમ કહેલા કારણોથી) જીવનો ભેદ સિદ્ધ કરીને ભગવદ્રૂપની સેવા માટે જ પુષ્ટિસૃષ્ટિ છે, તેને સ્વરૂપાદિકથી ભગવદ્તુલ્યતા છે અને સેવા સિદ્ધ થવા કાંઇક તારતમ્ય છે, એમ કહીને તે પુષ્ટિસૃષ્ટિનાં શુદ્ધ અને મિશ્ર એવા ભેદ બતાવીને મર્યાદામિશ્ર પુષ્ટિસૃષ્ટિનું લક્ષણ ગુણજ્ઞપણું કહ્યું છે. તે

ભગવદ્રૂપસેવા માટે સૃષ્ટિ છે અને સ્વરૂપાદિકથી ભગવત્તુલ્ય છે તથા સેવા માટે કાંઇક તારતમ્યવાળી અને ભગવદ્ગુણને જાણનાર છે, એ મર્યાદામિશ્ર પુષ્ટિસૃષ્ટિનું લક્ષણ છે. તેમજ વૈદિકપણું અને લૌકિકપણું એ કાપટ્યથી (એટલે લોકસંગ્રહાર્થ) છે, બીજું કાંઇ કારણ નથી અને વૈષ્ણવપણું તો સહજ છે, તે સિવાય બીજે સહજપણું નથી; એ રીતે તેનું સામાન્યલક્ષણ પુષ્ટિપ્રવાહમર્યાદોભેદ ગ્રંથમાં કહેલ છે. શ્રીભાગવત વગેરેમાં સર્વ સ્થાને કહેલ છે કે "મારા ભક્તો મારી સાથે એકતાને નથી ઇચ્છતા" "નિર્ગુણમાં નિષ્ઠાવાળો પણ ભગવલ્લીલાએ ચિત્ત ગ્રહણ કર્યું (શ્રીશુકદેવજી) તો શ્રીભાગવત ભણ્યા" "વિધિ-નિષેધરહિત મુનિઓ હરિના ગુણાનુકથનમાં રમણ કરે છે" "શુકદેવજી બ્રહ્મરૂપ છે" "વ્યાસજીથી શિવજી શુકદેવરૂપ ઉત્પન્ન થયા" "અત્યંતપ્રિય પ્રભુનાં દર્શનમાં ભંગ થવાથી સનકાદિકને ક્રોધ થયો" "શ્રીભગવાનનાં શ્રીહસ્તથી રક્ષા થયેલ દ્વારકામાં શ્રીકૃષ્ણની સેવાની લાલસાવાળા નારદજી નિત્ય વસે છે" ઇત્યાદિ વાક્યોથી શુકદેવ, સનકાદિક, નારદાદિકમાં તે લક્ષણ સ્ફુટ છે. તેમ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદગ્રંથમાં "શરીરથી પુષ્ટિમાં ફલ છે" એમ પુષ્ટિફલને સ્વરૂપથી સાધ્યપણું કહેલું છે. તે શ્રીભાગવત દશમસ્કંધમાં શ્રીભગવાન સહિત શુકદેવજીએ નિરોધલીલાનું વર્ણન કરવાનો આરંભ કર્યો, એમ લખ્યું છે ત્યાં સ્વરૂપસંબંધ સ્પષ્ટ છે. તેથી તે શુક-સનકાદિકમાં લૌકિકત્વ તથા વૈદિકત્વ નથી એમ દેખાય છે. આ (મર્યાદામિશ્ર પુષ્ટિસૃષ્ટિ)માં પણ પ્રથમની કક્ષા પરીક્ષિતમાં છે અને બીજી કક્ષા સનકાદિકમાં છે, એમ સમજવું. છાંદોગ્ય ઉપનિષદમાં સનત્કુમાર-નારદજીના સંવાદમાં સર્વાત્મભાવનું વિવરણ કરેલું છે, તેથી નારદ-સનકાદિક તેવા ભક્ત છે, એમ સિદ્ધ થાય છે. આ (મર્યાદામિશ્રપુષ્ટિ) મોક્ષ ઘણું કરીને સંન્યાસ આશ્રમવાળાને જ છે, એમ ભાસે છે, કેમકે તેવાજ ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

એ પ્રમાણે પુષ્ટિમર્યાદામોક્ષનું નિરૂપણ કરીને હવે પુષ્ટિપુષ્ટિમોક્ષનું નિરૂપણ કરે છે. ત્યાં શંકા કરે છે કે "વિદ્વાનો (આ સંસારમાં) સંગને આત્માનો દ્રઢપાશ જાણે છે. તે જ સંગ સત્પુરુષોનો કરેલો હોય, તો ખુલ્લું મોક્ષનું દ્વાર છે" "સત્સંગથી દૈત્ય યાતુધાનાદિક પણ ઉત્તમગતિને પ્રાપ્ત થયા છે" વાક્યોથી સત્સંગ મોક્ષનું દ્વાર છે, એમ સિદ્ધ થાય છે. તેથી આગળ કહેલા વાક્યોમાં ગુણગાનને ફલપણાનાં સાધનથી તેવા ભક્તોનાં સખ્યને પુષ્ટિમર્યાદામોક્ષપણું ઘટે છે. તે મૂળ શ્લોકનાં પૂર્વાર્ધમાં 'ભૂયાત્' એ ક્રિયાપદનો અન્વય કરીને સિદ્ધ થાય છે અને તે પછી ઉત્તરાર્ધમાં દેહાદિકમાં આસક્તિયુક્ત એવો જે હું, તેને હે નાથ! સખ્ય થાઓ, એટલો અર્થ બાકી રહે છે. તેમાં તેણે દેહાદિકની આસક્તિનો નિષેધ માંગેલો છે, એમ સિદ્ધ થશે. માટે દેહાદિકમાં આસક્તિ એ મોક્ષ કેમ? એમ જાણવાની ઇચ્છા થાય, ત્યાં ખુલાસો કરે છે કે શ્રીભગવાનના પ્રત્યક્ષજ્ઞાને કરીને પુષ્ટિપુષ્ટિમોક્ષની પ્રથમ વ્યવસ્થા કરેલી છે. તેથી અહીં તેવી આસક્તિને મોક્ષપણું કહેવા માટે દેહાદિકમાં આસક્તિ કરનારી માયાથી મોહ થવામાં શ્રીમહાપ્રભુજી વિશેષ આજ્ઞા કરે છે કે "મૂળ શ્લોકમાં 'ત્વન્માયયા' એ

સમાસાંત પદ કહેલ છે. તેથી તે માયા આપથી જુદી નથી, એટલે તે માયાથી મોહ ન થાય" આની શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટતા કરે છે કે માયાશક્તિને મોહ કરવાના કાર્ય માટે રાખેલી છે. તેમાં માયા અને અવિદ્યા પોતે જ થાય છે, એમ વેદમાં લખેલું છે. તેથી માયા અને અવિદ્યામાં ભેદ નથી, અભેદ છે, એમ માનીએ તો પણ તૃતીયસ્કંધનાં 12મા અધ્યાયમાં અંધતામિસ્ત્ર, તામિસ્ત્ર, મહામોહ, મોહ અને તમ - એ પાંચ પર્વ અવિદ્યાનાં ગણાવેલા છે અને વીસમા અધ્યાયમાં તામિસ્ત્ર, અંધતામિસ્ત્ર, તમ, મોહ અને મહાતમ - એમ પાંચ પર્વ ગણાવેલા છે. તે બે વાક્યમાં અવિદ્યાના પર્વ આગળ-પાછળ લખેલા છે. તેથી શ્રીસુબોધિનીજીમાં અવિદ્યાનો ભેદ દર્શાવી વીસમા અધ્યાયમાં બતાવેલ અવિદ્યા પ્રભુએ કરેલી છે, એમ પ્રતિપાદન છે. તેથી બારમા અધ્યાયમાં બતાવેલ અવિદ્યાની અપેક્ષાએ વીસમા અધ્યાયમાં બતાવેલ અવિદ્યા ઉત્તમ છે, એમ (ભગવત્સેવામાં ઉપયોગપણાથી દેહનો અહંકાર ઉત્કૃષ્ટ છે, એવી રીતે પાંચમા પર્વના વ્યાખ્યાનથી) જણાવેલું છે.

તદન્તર્ગત પ્રભુની વિમુખતાથી મહાભોગની ઇચ્છારૂપ તામિસ્ત્રપર્વ ઇંદ્રમાં હતું. તે ઇંદ્રના યજ્ઞનો ભંગ કરી શ્રીગોવર્ધન ધારણ કર્યો, તેમાં અને પારિજાતનું હરણ કર્યું તે લીલામાં ઉપયોગી1 થયું, ભોગની ઇચ્છારૂપ અંધતામિસ્ત્રપર્વ ઉગ્રસેનાદિકમાં હતું તે રાજલીલામાં ઉપયોગી થયું, અજ્ઞાનરૂપ તમ:પર્વ (વિશ્વરૂપદર્શનની સ્મૃતિ પસારી તરત શ્રીયશોદાજીને મટી ગઇ ઇત્યાદિક) બાલલીલામાં ઉપયોગી થયું, મોહરૂપ ચતુર્થપર્વ કાલીયદમનાદિક2 લીલામાં ઉપયોગી થયું, અને મહામોહરૂપ પંચમપર્વ પશુ-પક્ષી વૃક્ષાદિકમાં રહેલ છે, તે સર્વત્ર સેવામાં ઉપયોગી3 થયેલ છે. તેથી તે અવિદ્યાનાં પર્વની ઉત્તમતા સ્ફુટ દેખાય છે. માટે મોહ કરવામાં પણ ભેદ રહેલો છે, એમ સમજવું.

એકાદશસ્કંધમાં ભગવાન આજ્ઞા કરે છે કે : "હે ઉદ્ધવ! સૂક્ષ્મ એવી વિદ્યા અને અવિદ્યા મારા (અંશરૂપ) જીવોને મોક્ષ અને બંધ કરનારી મારી માયાએ પ્રથમ રચેલ છે, એમ જાણ. અથવા હે ઉદ્ધવ! વિદ્યા અને અવિદ્યા, એ બે મારી સૂક્ષ્મશક્તિ છે. તે જીવોને મોક્ષ અને બંધ કરનારી છે અને મારી માયાએ પ્રથમ રચેલ છે એમ જાણ" ઉપરોક્ત વાક્યમાં અવિદ્યા અને માયાને કાર્યકારણભાવ કહેલ છે. તેથી માયા અને અવિદ્યાનો ભેદ માનીએ તો પણ અવિદ્યાએ કરેલો મોહ સંસારમાં ઉપયોગી છે અને માયાએ કરેલો મોહ ભગવલ્લીલામાં ઉપયોગી છે. છતા પણ દશમસ્કંધમાં કહ્યું છે "પ્રભુએ પુત્ર ઉપર સ્નેહ જેનાથી થાય, એવી વૈષ્ણવી માયાનો વિસ્તાર કર્યો" ઇત્યાદિકમાં માયાથી થયેલો મોહ ભગવલ્લીલામાં ઉપયોગી છે, એમ સ્ફુટ દેખાય છે. તેવી માયાથી દેહાદિકમાં આસક્તિ અહીં ઇચ્છિત છે, તેથી આપથી ભિન્ન ન રહેનારી એવી માયા, એમ બતાવવા માટે સમાસાંત પદ છે. જો સમાસાંત પદ ન હોય, (એટલે મૂલમાં ‘ત્વન્માયયા’ એમ લખેલ છે, તેને બદલે ‘તવ માયયા’ એમ હોય) તો માયાને ભગવત્સંબંધ રહ્યો નથી, તેથી કેવલ સંસારાસક્તિ જ કરે એટલે તે માયાથી મોહ થાય, પણ અહીં તો ભગવત્સંબંધવાળી માયા ઇચ્છિત છે. તેથી તે માયાથી ન થાય, એમ અર્થ છે.

ત્યાં શંકા થાય કે શક્તિ, શક્તિમાન્થી જુદી રહેતી નથી, તેથી માયાને અને પ્રભુને સાક્ષાત્ સંબંધ સર્વજન પ્રસિદ્ધ છે તથા સર્વતંત્રથી સિદ્ધ છે, તેથી સર્વદા માયાને ભગવત્સંબંધ રહ્યો છે. માટે વૃત્રાસુર પૂર્વજન્મમાં પણ વૈષ્ણવ હોવાથી તે જન્મનો પણ પુત્રાદિકમાં આસક્તિરૂપ મોહ બંધ કરવાવાળો છે. એમ શ્રીભાગવતમાં પુત્રનો શોક અને દેવીનો શાપ, એ બે કથાથી સ્ફુટ છે, માટે અહીં તેથી વિશેષ શું છે કે જેને કારણે મોક્ષપણું સિદ્ધ કરો છો? એવી શંકા થાય ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "અહીં ‘ત્વન્માયયા’ એમ કહ્યું છે તેમાં ‘ત્વત્’ પદ છે. તેથી પૂર્વજન્મ કરતા વિશેષ કહેલ છે" તેનો ખુલાસો શ્રીપુરુષોત્તમજી લખે છે કે શક્તિ શક્તિમાન્થી જુદી રહેતી નથી, એ વગર કહ્યે સિદ્ધ છે. તેથી તેનો સંબંધ બતાવનાર ‘ત્વત્’ પદનું પ્રયોજન નથી. તો પણ જે ‘ત્વત્’ પદ કહ્યું છે તે

હમણા પ્રાર્થના કરાતો, એવો જે (પુત્રાદિકમાં આસક્તિરૂપ) મોહ તેની લીલાર્થકપણાનો બોધ કરે છે, એજ પૂર્વજન્મ કરતા વિશેષ છે એમ અર્થ જણાવે છે.

ત્યાં શંકા થાય કે તે મોહને લીલાર્થપણું થાય તો પણ તૃતીયસ્કંધમાં ઉદ્ધવજીએ કહ્યું છે "ખેદ કરીને ઉદ્ધવજી કહે છે કે આ લોક દુષ્ટભાગ્યવાળો છે અને યાદવ પણ હંમેશા દુષ્ટભાગ્યવાળા જ કે જેઓ સાથે વસવાવાળા, તેમણે(ચંદ્રમાને મત્સ્ય1 ન જાણે તેમ) હરિને જાણ્યા નહીં" ઇત્યાદિક સ્થળોમાં પ્રભુનું જ્ઞાન ન થાય, એ માયાકૃત મોહ એમ સિદ્ધ છે. તેથી પરોક્ષજ્ઞાન પણ જ્યાં દૂર રહે છે, ત્યાં પ્રત્યક્ષની સંભાવના ક્યાંથી થાય? માટે માયાકૃત મોહને મોક્ષપણું રહેતું નથી, એવી શંકા થાય ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "ત્વત્ પદથી સન્મુખતા પણ સિદ્ધ છે. એટલે આપની ઇચ્છાએ કરીને પ્રાપ્ત એવો જે હું તેને દેહ પુત્રાદિકમાં સખ્ય પ્રાપ્ત થાય એ પુષ્ટિમોક્ષ છે. અથવા આપની ઇચ્છાએ કરીને દેહ-પુત્રાદિકમાં પ્રાપ્ત થયેલાનું સખ્ય એ પુષ્ટિમોક્ષ છે"

"આપની સેવામાં ઉપયોગીપણાંથી ચિત્તની દેહ-પુત્રાદિકમાં આસક્તિની 'નાથ' પદથી પ્રાર્થના કરી તે તેઓનાં નાથ થાઓ ત્યારે એવી આસક્તિ થાઓ, એવો અર્થ સૂચવે છે" તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે તૃતીયસ્કંધમાં માયાકૃત મોહ કહેલ છે તે પ્રભુની સન્મુખતા નહીં હોવાથી કહેલ છે. અહીં તો પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન કરીને આપની માયા કહી છે તેથી સન્મુખતા સૂચવે છે. તેથી જેમ શ્રીયશોદાજીને પુત્રમાં ઘણા સ્નેહવાળી માયાથી મોહ કહેલ છે, તેવો મોહ પ્રત્યક્ષમાં ઇચ્છિત છે. તેથી મોક્ષનો લેશપણ ભંગ થતો નથી. એ પ્રમાણે કહેલ સખ્ય તથા આસક્તિને વિશેષ દ્રઢ કરવા માટે પૂર્વજન્મમાં થયેલ સખ્ય તથા આસક્તિનું સ્વરૂપ જુદું પડે છે, તેમાં પ્રથમ સખ્યને જુદું પાડે છે. "ચક્રમાં જ ભ્રમણ કરતા સખ્ય ન થાઓ, કિંતુ ભગવદિચ્છાથી થાઓ" તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે પૂર્વજન્મમાં મર્યાદાપુષ્ટિભક્ત નારદ અને અંગિરાનું જે સખ્ય થયું તે પોતાના કર્મોવડે સંસારચક્રમાં ભ્રમણ કરતા જ થયું છે. તેથી જ અંગિરાએ કહેલ છે કે "હું તને જ્ઞાન દેવા માટે પ્રથમ આવ્યો હતો. પણ પુત્રમાં આસક્તિ જાણીને પુત્ર જ આપી ગયો" ઇત્યાદિક અંગિરાનાં વચન, અંબિકાનો શાપ અને વૃત્રદેહની પ્રાપ્તિ, એ બધું થયું. તેથી જેમ કર્મબંધનને છોડાવનાર ભગવદિચ્છાથી પરીક્ષિતને શુકદેવજીનું સખ્ય થયું તેમ ચિત્રકેતુને નારદ અને અંગિરાનું સખ્ય નથી થયું. તેથી હવે ઇચ્છિત જે સખ્ય છે તે કરતા પૂર્વજન્મનું સખ્ય જુદું છે એમ બતાવ્યું. હવે આસક્તિના પ્રકારમાં ભેદ બતાવે છે.

"હિરણ્યકશિપું આદિમાં જેમ-તેમ કુટુંબમાં આસક્તને સર્વથા અનન્યપણાના ભંગનો પ્રસંગ થાય (તેથી તેવી આસક્તિ ઇચ્છિત નથી)" તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો લખે છે કે હિરણ્યકશિપુ આદિમાં જેમ-તેમ પોતાને પણ આપેલા વૃત્રદેહમાં અને ચિત્રકેતુ દેહમાં શાપને કરનાર એવી શિવજીની મશ્કરી આદિથી તેવી જ આસક્તિ હતી, તેથી જ આવી પરિસ્થિતિ છે. તેની પહેલા આસક્તિ પણ ચક્રમાં ભ્રમણ કરતા જ હતી. કર્મને

છોડાવનાર પ્રથમ કહ્યા પ્રમાણે મોહ કરનાર ભગવદિચ્છાથી ન હતી. માટે પૂર્વજન્મમાં થયેલ સખ્ય અને આસક્તિ કરતા હાલ માંગેલ સખ્ય અને આસક્તિમાં વિશેષ છે એમ સમજવું. એવા અભિપ્રાયથી માંગેલ સખ્ય તથા આસક્તિ સિદ્ધ થશે એમ શા ઉપરથી સમજવું, એમ શંકા થાય ત્યાં આજ્ઞા કરે છે કે "કૃતાર્થપણું તો 'નાથ' પદ કહે છે તેથી જણાય છે" શ્રીપુરુષોત્તમજી તેનો ખુલાસો લખે છે કે, આગળ લખેલ હકીકતથી વૃત્રાસુરને ભક્તપણું છે, એમ તો સ્ફુટ છે. માટે અહીં 'નાથ' એમ કહેલ છે. તેથી દૈન્યનો આવિર્ભાવ થયો છે, એમ જણાય છે. કેમકે, "ભક્તોને એક દૈન્ય જ પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન છે" એમ સર્વ સ્થાને લખેલ છે. તેથી પ્રભુને પ્રસન્ન કરવા માટે જ 'હે નાથ!' એવું કહીને દીનતા જણાવે છે.

દેહ-પુત્રાદિકમાં આસક્તિ એ જ કૃતાર્થપણું એમ કેમ સમજવું? એવી શંકા થાય ત્યાં આજ્ઞા કરે છે કે, 'ભગવદીયપણાંથી જ (ભક્તોને) સર્વ પુરુષાર્થ ચારે તરફથી સિદ્ધ થાય છે, એવો (ભક્તિમાર્ગનો) સિદ્ધાંત છે. માટે " 'હે નાથ!' એમ કહીને પછી, 'ભૂયાત્' એટલે થાઓ, એમ પ્રાર્થના કરી છે" તે ઉપર શ્રીપુરુષોત્તમજી લખે છે કે પંચમસ્કંધમાં ઋષભદેવજીના ચરિત્રની સમાપ્તિમાં કહ્યું છે કે ભગવચ્ચરિત્રનું શ્રવણ કરવું તથા શ્રવણ કરાવવું, તેનું ફલ ભક્તિ છે. એમ કહીને પછી "જે ભક્તિમાં ભગવદ્ગુણનું ગાન કરનાર, ઘણાં દુ:ખયુક્ત સંસારનાં તાપથી તપાયમાન આત્માને શાંત કરનાર ભક્તો, તેથી જ ઉત્તમ નિવૃત્તિથી પોતાની મેળે પ્રાપ્ત થયેલ ઉત્તમ પુરુષાર્થરૂપ મોક્ષનો પણ આદર નથી કરતા. કેમકે ભગવદીયપણાંથી જ સર્વ પુરુષાર્થ ચારે તરફથી સિદ્ધ થાય છે" એમ કહ્યું છે. ત્યાં સંસારાવસ્થામાં રહેલા અને કવિપણાંથી ભગવદ્ગુણગાન કરનાર ભક્તોને ભક્તિથી થયેલ સુખથી પ્રભુએ આપેલા મોક્ષના અનાદરપૂર્વક ભગવદીયપણાંરૂપ ધર્મને ચારે તરફથી સારી રીતે પ્રાપ્ત થનારને જ સર્વ પુરુષાર્થપણું કહેલું છે. તેથી "મારા ભક્તો મારા સેવન વિના (ચાર પ્રકારનો મોક્ષ હું આપું છું તેને પણ) ગ્રહણ કરતા નથી" ઇત્યાદિક વાક્યો ઉદ્ધૃત કર્યા છે. માટે એવી ઉત્તમ ભક્તિવાળાના સંસારને મુક્તિથી અધિકતા છે, તેવું અહીં કહેવા માંગે છે. તે અહીં પણ પોતાની દેહાદિકમાં 'આસક્તિ' અને 'નાથ' એમ કહેવાથી સ્ફુટ જણાય છે. એ રીતે અભિપ્રાય હૃદયમાં રાખીને પ્રાર્થના કરે છે. એ જ દેહ-પુત્રાદિકમાં આસક્તિને કૃતાર્થપણું સિદ્ધ કરે છે.

ત્યાં શંકા થાય કે એવી રીતે કૃતાર્થતા થાય તો પણ ગૃહસ્થાશ્રમમાં ધર્મ, અર્થ અને કામની સિદ્ધિ અને બીજા આશ્રમો (બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યાસ) છે, તેમાં મોક્ષની સિદ્ધિ થાય છે. તેથી અહીં સ્ત્રી અને પુત્રપદથી ગૃહસ્થાશ્રમ જણાવે છે. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - એ ચાર પુરુષાર્થની સિદ્ધિ થવામાં એકબીજા એકબીજાથી વિરુદ્ધ છે. માટે આ વાત બુદ્ધિમાં બેસતી નથી, એમ આકાંક્ષા થાય ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે

"ભક્તોને ધર્માદિ ચાર પુરુષાર્થની સિદ્ધિ માટે માયા ક્રમથી દેહાદિકમાં અધ્યાસ કરે છે. તેમાં દેહાધ્યાસમાં ધર્મની સિદ્ધિ પ્રસિદ્ધ છે. પુત્ર કરતા બીજું કંઇપણ ઉત્તમ અર્થ નથી, તેથી

પુત્રાસક્તિમાં અર્થની સિદ્ધિ છે. સ્ત્રી દ્વારા કામની સિદ્ધિ પ્રસિદ્ધ છે અને ભક્તોને ગૃહ (ઘર) જ શ્રેષ્ઠ છે, એવા વાક્યોથી મોક્ષની સિદ્ધિ છે"

તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે દેહમાં અધ્યાસ ન હોય, તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ વર્ણના જુદા-જુદા ધર્મ કેમ સિદ્ધ થાય? માટે દેહમાં આસક્તિ છે, તે જ વર્ણાશ્રમનાં ધર્મને સિદ્ધ કરે છે. પુત્રમાં પ્રાણ અને ધનથી વધારે પ્રિયપણાનું ભાન છે. પુત્રને સુખ-દુ:ખ થાય ત્યારે પોતાને સુખ-દુ:ખનું ભાન થાય. પુત્રનો નાશ થાય ત્યારે દેહ-પ્રાણનો વિયોગ પણ થઇ જાય છે; માટે પુત્રમાં અધ્યાસ છે, તે અર્થને સિદ્ધ કરે છે. તેવીજ રીતે પ્રાણમાં અધ્યાસ છે તે પણ અર્થને સિદ્ધ કરે છે. સ્ત્રીમાં અધ્યાસ છે, કેમકે સર્વ ઇંદ્રિયનો અધ્યાસ સ્ત્રીમાં જ છે. તેથી કામની સિદ્ધિ છે અને "ભક્તોને ગૃહમાં રહેવું, એ જ વધારે ફલકારક છે"

તે વિષયનું નિરૂપણ નિબંધમાં શ્રીમહાપ્રભુજી કરે છે. "બ્રહ્માનંદમાં પેસેલાઓને (જ્ઞાનીઓ) તો ઇન્દ્રિયાદિક સમૂહનો લય થઇ જાય છે. તેથી પોતાના આત્માથી જ સુખનો અનુભવ છે. ભક્તોને તો સર્વ ઇન્દ્રિયો, અંત:કરણ અને આત્માથી પણ (તે તમામને) બ્રહ્મભાવ થાય છે માટે વધારે સુખનો અનુભવ છે. તેથી ભક્તોને બ્રહ્મ કરતા ઘરમાં રહેવું, એ જ વધારે ફલરૂપ છે" તેમજ તૃતીયસ્કંધમાં શ્રીકપિલદેવજીએ કહ્યું છે કે "તે મારા ભક્તો, સુંદર કર્ણ ઉપર પુષ્પ શોભે છે, એવા હાસ્યસહિત કટાક્ષ તથા રક્તનેત્રવાળા મારા રૂપનાં દર્શન કરે છે. તે રૂપ દિવ્ય અને વરદાન આપનાર છે, તેનાં દર્શન કરે છે. તેમ તે રૂપ સાથે પોતાને ગમે તેવી વાતો કરે છે" (એટલે મિત્રની સાથે મનગમતી વાતો કરે, તે રીતથી વાતો કરે છે.) "તે દર્શન કરવા યોગ્ય છે, અવયવ જેનાં, એવા અને ઉદાર છે વિલાસ, હાસ્ય, કટાક્ષ અને મનોહર છે સારા વચનામૃત જેના, એવા રૂપથી હરાઇ ગયેલ છે અંત:કરણ અને ઇન્દ્રિયો જેની, એવા ભક્તો હરાઇ ગયેલ અંત:કરણ તથા ઇન્દ્રિયોની ઇચ્છા નહીં રાખનારને પણ આગળ કહેલી મારી ભક્તિ, સાયુજ્ય પ્રાપ્ત કરાવે છે" (એટલે ભક્તિ ચારે પ્રકારના પુરુષાર્થને સિદ્ધ કરનાર રૂપ સિદ્ધ કરે છે. તેમાં દર્શન કરવા યોગ્ય શ્રીઅંગ કામને સિદ્ધ કરે છે, ઉદાર વિલાસ અર્થને સિદ્ધ કરે છે, હાસ્યપૂર્વક કટાક્ષ ધર્મને સિદ્ધ કરે છે, અને મનોહર વચનામૃત મોક્ષને સિદ્ધ કરે છે.) ઇત્યાદિ વાક્યોથી સિદ્ધ થાય છે કે ભક્તોને મોક્ષની ઇચ્છાના ત્યાગપૂર્વક પ્રભુમાં એકતાનતાવાળી અને ભગવલ્લીલામાં ઉપયોગ આવે તેવા ગૃહમાં આસક્તિ હોય, તેમાં ભગવદાનંદનો અનુભવ થાય, એવો મોક્ષ ઇચ્છિત છે. તે વ્રજભક્તો વગેરેને સિદ્ધ થયો છે, તે પ્રસિદ્ધ છે. તેથી તેવા ગૃહમાં આસક્તિ ભક્તની મોક્ષ કામનાને સિદ્ધ કરે છે. માટે વ્રજભક્તાદિકને જેમ ગૃહસ્થાશ્રમમાં ચારે પુરુષાર્થો સિદ્ધ થવામાં પરસ્પર વિરોધ નથી આવતો, તેમ અહીં પણ તેવીજ રીતે ચારે પુરુષાર્થનો અનુભવ ગૃહસ્થાશ્રમમાં થાય, એમ કહેવાનો વૃત્રાસુરનો અભિપ્રાય છે.

તેવો અનુભવ અંત:કરણના અધ્યાસથી સિદ્ધ થાય છે. તેમાં પ્રમાણ આપે છે કે 'ચિત્તને વાસુદેવપણું છે અને આ મોક્ષનું પ્રકરણ છે, તેથી આ શ્લોકમાં ચિત્તપદ કહેલ છે.' તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો કરે છે કે તૃતીયસ્કંધમાં કપિલદેવજીએ કહ્યું છે કે "જે સર્વને ઉપાસ્યપણાંથી પ્રસિદ્ધ છે, તે વસુદેવનાં આવિર્ભાવનું સ્થાનક છે. કેમકે શુદ્ધ સત્ત્વરૂપ વસુદેવનો આવિર્ભાવ ચિત્તમાં થાય છે. તે વસુદેવ ચિત્તના અધિદેવ છે. તેથી ચિત્ત વાસુદેવાત્મક કહેવાય છે" તેનો સત્ત્વગુણ છે, એટલે તે સત્ત્વનું પણ સત્ત્વ છે. તેની સચ્ચિદાનંદાત્મકતા બતાવવા માટે ત્રણ વિશેષણ (એટલે સ્વચ્છ, શાંત અને ભગવત: પદ, એ ત્રણ વિશેષણ) આપેલા છે. તેમાં સ્વચ્છ એટલે નિર્મલ; એ સદ્રૂપતા બતાવે છે, શાંત એટલે જ્ઞાનરૂપ; એ ચિદ્રૂપતા બતાવે છે, અને શ્રીભગવાન્ શ્રીપુરુષોત્તમનું સ્થાનક, એ આનંદરૂપતા બતાવે છે. તે ચિત્ત સર્વ પ્રાણિમાં ચેતનારૂપે રહેલ છે. તેનું બીજું નામ વાસુદેવ છે અને તે મહત્તત્ત્વરૂપ છે. એ વાક્યથી સર્વ અંત:કરણમાં ચિત્તને વાસુદેવાત્મકપણું છે. માટે સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય અને મોક્ષ કરનાર પ્રદ્યુમ્નાદિક ચાર વ્યૂહમાં વાસુદેવ મોક્ષદાતા છે અને અહીં મોક્ષનું પ્રકરણ છે, તેથી ચિત્ત પદ કહેલ છે. તે જ આ કહેલો અનુભવ અંત:કરણના અધ્યાસથી સિદ્ધ થાય છે, તેમાં પ્રમાણ છે. આથી એવી આસક્તિને મોક્ષપણામાં યુક્તિ પણ સંભારેલી છે. તે એવી રીતે કે જ્યાં આ ચિત્તને વાસુદેવાત્મકપણું બતાવનાર વાક્ય છે, ત્યાં જ મનને અનિરુદ્ધપણુ બતાવનાર અને અહંકારને સંકર્ષણપણું બતાવનાર વાક્ય છે. તેથી તે તે અંત:કરણનું આધિદૈવિકપણું તે વ્યૂહ જ છે. તેમજ જે-જે અધ્યાસ છે, તેનું-તેનું મૂલ અહંકાર છે અને તે અહંકાર સંકર્ષણાત્મક છે. તેમાં આનો હું એ અધ્યાસ, અહંગ્રહની ઉપાસના બરોબર થાય છે. અહંગ્રહની ઉપાસના સર્વતાપનીમાં પ્રસિદ્ધ છે. તે જેમ મોક્ષનું ફલ આપનારી છે, તેથી મોક્ષરૂપ છે, તેમ જ આ દેહાદિકમાં અધ્યાસ પણ મોક્ષનું ફલ આપનાર છે, તેથી મોક્ષરૂપ છે. માટે તે અધ્યાસથી થયેલ દેહાદિકમાં આસક્તિ પણ તેવી જ રીતે મોક્ષરૂપ છે.

ત્યાં શંકા થાય કે ઉપર જેવો અર્થ કર્યો, તે વચમાં 'ન' અક્ષર છે, તે ન હોય ત્યારે તેવો અર્થ સંભવે છે. પણ અહીં તો (' ન નાથ ભૂયાત્' એવું લખેલું છે તેમાં) ન અક્ષર લખેલ છે. તેથી એવી રીતનો અર્થ યથાર્થ નથી, કિંતુ "પોતાના કર્મોથી સંસારચક્રના જનમાં સખ્ય થાઓ અને તમારી માયાવડે દેહ, પુત્ર, અને ઘર તેમાં આસક્તચિત્તને ન થાઓ" એમ અર્થ કરવો એ યથાર્થ છે. કેમકે સંસારચક્રમાં ભ્રમણ કરનારને જ્યારે મોક્ષ થવાનો હોય ત્યારે ભગવદ્ભક્તનો સંગ થાય એવા ઘણાં વાક્યો છે. તેથી દેહાદિકમાં આસક્તિ હોય ન થાય તે માટે દેહાદિકમાં આસક્તિના અભાવપૂર્વક ભગવદ્ભક્તનાં સખ્યની જ પ્રાર્થના છે. તેથી તેવો અર્થ કરવો એ યુક્ત છે, એવી શંકા ન થવા માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "સંસારચક્રમાં ભ્રમણ કરનારને ભગવદ્ભક્તનું સખ્ય ક્રીડામાં પ્રતિબંધ કરનારું છે, તેથી અને આ સ્થાને વિરોધ છે, તેથી નિષેધની પ્રાર્થના છે" તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો લખે છે કે

ઉપર જે શંકા કરી, તે અર્થની અયુક્તતા અહીં નથી કેમકે અહીં પ્રથમ, જેમ સંકર્ષણે કહેલ છે, તેમ હું તેમના ચરણારવિંદમાં મન રાખીને તારા વજ્રના વેગથી ગ્રામ્યપાશ જેના તુટિ ગયેલા છે, એવો ભગવચ્ચરણારવિંદની સેવાથી જ મોહને તરી જઇશ; ઇત્યાદિક વાક્યો કહેલ છે. તેથી વૃત્રાસુરને પૂર્વજન્મના સર્વ વૃત્તાંતનું સ્મરણ છે, એમ નિશ્ચય થાય છે. તેમજ 'અમારા પતિ (પ્રભુ) ધર્મ, અર્થ અને કામ, તેના શ્રમનો વિઘાત કરનાર છે', એવા વાક્યથી પોતામાં ભગવત્પ્રસાદનું અનુમાન કરેલ છે, એ પણ નિશ્ચય થાય છે. તેથી પૂર્વજન્મમાં થયેલ પુત્રનો અભિનિવેશ, અંગિરાનો સંગ, અંગિરાએ પુત્ર આપ્યો, તે પુત્રનો શોક થયો, નારદે ઉપદેશ આપ્યો, સંકર્ષણ પ્રસન્ન થયા, વિદ્યાધરનો અધિપતિ થયો, શિવજીની મશ્કરી કરી, અંબિકાએ શાપ આપ્યો, એ બધી હકીકત તેના સ્મરણમાં છે. તેથી પૂર્વજન્મમાં થયેલ પ્રસાદ પરમફલને સાધનાર ન હતો, એમ સ્મરણ કરીને હમણાના પ્રસાદમાં પ્રભુએ શું કરવું ધારેલ હશે, એમ વૃત્રાસુરને પ્રભુના અભિપ્રાયમાં પ્રથમ સંદેહ થતા, વિચાર કરે છે કે આ (યુદ્ધમાં) મરણનો સમય છે, તેથી હાલ દર્શન દેવા પધારેલ છે, તે અનુગ્રહ કરીને પધારેલ છે. માટે પૂર્વજન્મના જેવી આસક્તિથી છોડાવશે જ અને પુષ્ટિનું જ દાન કરશે, એમ નિશ્ચય કરીને, પૂર્વજન્મમાં નારદ અને અંગિરાનું સખ્ય થયું, તે ભ્રમણ કરતા સખ્ય થયું એમ નિશ્ચય કરીને, જો પ્રભુ પુષ્ટિમર્યાદાથી આપવાની ઇચ્છા કરતા હોય તો, પૂર્વજન્મની રીતે થાઓ. તે માટે ભ્રમણ કરતો સખ્ય થવામાં શ્રીભગવાનની મોહકશક્તિરૂપ માયાથી આસક્ત ચિત્તને થાય, એવી પ્રાર્થના કરી. જો પુષ્ટિપુષ્ટિનું ફલ આપવાની ઇચ્છા કરતા હોય તો શ્રીભગવાનની (ક્રીડામાં ઉપયોગવાળી) માયાથી દેહાદિકમાં આસક્તચિત્તને શ્લોકના પૂર્વાધમાં માંગેલું (સંસારચક્રમાં ભ્રમણ કરતા ભગવજ્જનનું) સખ્ય થાઓ, એમ પ્રાર્થના કરી તેથી વધારે નિષેધની ઉત્તરાર્ધે કરીને પ્રાર્થના કરી. એ રીતે પ્રકરણના અનુસાર અહીં બે પ્રકારની પ્રાર્થનાના બે વાક્યને માનવા એ જ યુક્ત છે. માટે મૂલ શ્લોકમાં નિષેધ બતાવનાર જે 'ન' છે, તેની અનુપપત્તિ નથી. તેથી આવી રીતે અર્થ કરવો એ જ યોગ્ય છે.

તેથી જે અભિપ્રાય સિદ્ધ થયો તે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે: "કર્મના સંબંધ વિના કેવલ રમણરૂપ ભગવન્માયાએ કરીને ભગવત્સેવા શ્રવણાદિકમાં તત્પરપણાંથી ઘરમાં જ ચાર પ્રકારના પુરુષાર્થના સુખનો અનુભવ કરતા ભગવદીયને ભગવાનના ભજનનો અનુભવ, એ બીજી મુક્તિ (પુષ્ટિપુષ્ટિ મુક્તિ) છે" તે ઉપર શ્રીપુરુષોત્તમજી ખુલાસો લખે છે કે પુષ્ટિપ્રવાહમર્યાદાભેદગ્રંથમાં વૈષ્ણવપણું, એ પુષ્ટિજીવનો સહજ ધર્મ કહ્યો છે. તેથી તેવો ધર્મ સિદ્ધ કરનાર ગૃહસ્થાશ્રમ હોય જેમાં, પદ્મપુરાણમાં કહ્યા પ્રમાણે કર્મબંધન વગર વિષ્ણુનું અનુચરપણું સિદ્ધ થતું હોય, અને ભ્રમણ કરાવનાર અવિદ્યા, કામ અને કર્મનો સંબંધ ન હોય, તેવી ક્રીડા સાધનાર ભગવન્માયાએ કરીને ચતુર્વિધ પુરુષાર્થના સુખનો અનુભવ થતો હોય, તેમજ "પુષ્ટિમિશ્ર પુષ્ટિજીવનું લક્ષણ તે સર્વજ્ઞ હોય" એમ કહેલ છે. એટલે "ભગવાનનો અભિપ્રાય જાણતો હોય તથા આપની કૃપા જ્યાં સુધી મારા ઉપર નથી, ત્યાં સુધી કાલાદિક બાધ કરે છે" એમ વિજ્ઞપ્તિમાં કહેલ છે. તે પ્રમાણે પ્રભુએ પોતાનો છે, એમ જેનો નિશ્ચય કરેલો છે, એવો ભગવદીય ગૃહસ્થાશ્રમમાં રહીને ભગવત્સેવા સ્મરણ કરે તેને પુષ્ટિપુષ્ટિ મુક્તિ સિદ્ધ થઇ એમ સમજવું. એટલે ગૃહસ્થાશ્રમમાં જ તેવા અનુભવપણાંથી મર્યાદાપુષ્ટિમુક્તિથી જુદો, એકાદશસ્કંધમાં "ભગવદાશ્રય કરનાર નિર્ગુણ કર્તા" લખેલ છે. તે પ્રમાણે ત્રણ ગુણના કર્તાથી જુદો રહી ભગવત્સેવાદિક કરતો હોય, તે પુષ્ટિમિશ્રપુષ્ટિજીવનું સ્વરૂપ સમજવું. તેવી રીતે જીવતા સુધી રહેવું, એ પુષ્ટિમિશ્ર પુષ્ટિમુક્તિનું સ્વરૂપ સમજવું. આમાં પણ પહેલી કક્ષા યાદવાદિકમાં અને ઉત્તમ કક્ષા ઉદ્ધવાદિકમાં જાણવી. કેમકે "ઉદ્ધવ મારાથી અણુમાત્ર પણ ન્યૂન નથી, જેના ગુણોને કારણે સમર્થ એવો હું ઉદાસીન નથી થયો" એમ પ્રભુએ વિચારી તેને ઉત્તમ ઉપદેશ કર્યાનું અને "સૃષ્ટિની વૃદ્ધિ કરવાના હેતુથી આપે વધારેલ મોહરૂપ મહાન્ અંધકાર મારો નિવૃત્ત થયેલો છે" એમ ઉદ્ધવજીએ બતાવેલ ભગવન્માયાથી દેહાદિકમાં આસક્તિનું, તથા પ્રભુએ આજ્ઞા કરી કે "તું બદ્રિકાશ્રમમાં જા, તો પણ હું તેમનાં અભિપ્રાયને જાણતો હતો, તેથી પાછળ પાછળ ચાલ્યો ગયો" એમ ઉદ્ધવજીએ કહ્યું છે. તેમાં ભગવદ્ અભિપ્રાય તેમણે જાણ્યા હોવાનું સ્ફુટ થાય છે. તેથી પુષ્ટિમિશ્ર પુષ્ટિભક્તની ઉત્તમકક્ષા ઉદ્ધવજીમાં દેખાય છે. એ પ્રમાણે પુષ્ટિમાર્ગમાં બે પ્રકારના મોક્ષનો નિશ્ચય કરીને, પુષ્ટિપ્રવાહમર્યાદાભેદગ્રંથમાં "શુદ્ધ પ્રેમે કરીને અતિ દુર્લભ છે" એમ નિરૂપણ કરેલ છે. તે શુદ્ધ પુષ્ટિજીવનું સ્વરૂપ અને ફલ, આ બે પ્રકારના મોક્ષથી પણ અધિક છે, એવો અભિપ્રાય હ્રદયમાં રાખીને આધુનિક જીવને ઉપર બતાવેલા બે પ્રકારના મોક્ષ સુધી સિદ્ધ થાય છે, એમ જણાવવા માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે "આ પુષ્ટિમિશ્ર પુષ્ટિમુક્તિ જ મુખ્ય છે, તે માટે 'ભૂયાત્' એ આશીર્વાદનું ક્રિયાપદ છેલ્લે બતાવ્યું છે. માટે 'હે નાથ!' મર્યાદામોક્ષ મને પ્રાપ્ત ન થાય, એમ વૃત્રાસુરે પ્રાર્થના કરી છે" તેનો ખુલાસો શ્રીપુરુષોત્તમજી કરે છે કે અહીં પુષ્ટિમિશ્ર પુષ્ટિમોક્ષમાં ભક્તોને ગૃહસ્થાશ્રમ જ વધારે ફલરૂપ છે. તેથી તેના વ્યાખ્યાનમાં સાધનરૂપ ભક્તિ છે અને ફલ મોક્ષ છે. તો પણ ફલદશા કરતા સાધનદશા જ

ઉત્તમ છે, એમ કહેવાથી ઇચ્છા નહિ રાખનારને મોક્ષ આપે છે, એવી રીતે મુક્તિ દેવાની ઇચ્છાનું સૂચન છે અને શુદ્ધપુષ્ટિને તો મુક્તિની ઇચ્છામાં પણ તે કહેલ નથી. તેથી પુષ્ટિમિશ્ર પુષ્ટિ કરતા શુદ્ધપુષ્ટિ ઉત્તમ છે એમ સમજવું. "ભક્તોને ગૃહસ્થાશ્રમ જ વધારે ફલકારક છે" એ વાક્યના વ્યાખ્યાનમાં 'સ્વતંત્રભક્ત ગોપિકાદિ તુલ્ય' એમ કહ્યું છે. તેથી આવી રીતનો અભિપ્રાય યુક્ત નથી એમ નહિં કહેવું કેમકે તે વ્યાખ્યાન સાધનદશાની જ ઉત્તમતાને બતાવે છે. જો તેમ ન હોય તો ફલદશા કહેવામાં વિરોધ આવે, કેમકે વ્રજભક્તોમાં વેણુગીત વખતે પોતાનો આશ્રય પ્રાપ્ત કરવો, તે પ્રત્યાપત્તિનો જ અંગીકાર છે.

પરમ ભક્તિના સ્વરૂપમાં (સાધનમાં તફાવત નથી અને) ફલભેદ કેમ થયો જે સ્વરૂપને જુદું પાડે છે? એવી શંકા કરીને ખુલાસો કરે છે કે વ્યાસસૂત્રના તૃતીયાધ્યાયના તૃતીયપાદના "અક્ષરબુદ્ધિવાળાને તો વિરોધ નથી" એ સૂત્રમાં કહેલા ન્યાયે કરીને ભગવદિચ્છાના ભેદથી જ પરમ ભક્તિના સ્વરૂપમાં ભેદ થાય છે એમ જાણવું. તેથી વ્રજભક્તોમાં તારતમ્ય પણ ભ્રમરગીતમાં કહેલા સંદેશના સ્વરૂપથી જાણવું.

એકાદશસ્કંધના બારમા અધ્યાયમાં કહ્યું છે કે "મને યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, વ્રત, યજ્ઞાદિક વશ નથી કરતા; જેવો સત્સંગ વશ કરે છે" આ વાક્યનાં આરંભથી "હે ઉદ્ધવ! તું સર્વ વિધિ-નિષેધથી અલગ થઇ મારો આશ્રય કર્યો છે, તેથી જે સ્થાનને ક્યાંયથી ભય નથી, એવા સ્થાનને પ્રાપ્ત થઇ" એ વાક્ય સુધી સર્વાત્મભાવપૂર્વક શરણોપદેશ કહેલ છે, તેથી પણ તારતમ્ય જાણવું. એટલે "અર્જુન પુષ્ટિમર્યાદામાં અંગીકૃત છે, પુષ્ટિપુષ્ટિમાં અંગીકૃત નથી" એમ ન્યાસાદેશમાં શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી છે. તેથી દશમસ્કંધના સાત્વિક પ્રકરણમાં કહેલા પ્રભુના સજાતીય ભાવવાળાને પુષ્ટિમર્યાદામોક્ષ, રાજસ પ્રકરણમાં કહેલા તેવા ભાવવાળાને પુષ્ટિપુષ્ટિમોક્ષ અને તામસપ્રકરણમાં કહેલા વ્રજભક્તોને તો પ્રત્યાપત્તિ (સર્વાત્મભાવ) જ સિદ્ધ થયેલ છે. આ રીતે અધિકાર પ્રમાણે રહેલા લીલાપરિકરને નિત્યપણું આ લીલામાં જ સિદ્ધ થાય છે. વળી ઉદ્ધવજીને બારમા અધ્યાયમાં કરેલા ઉપદેશના શ્રવણ પછી પણ તેમણે કહ્યું છે કે "હે યોગેશ્વરના ઇશ્વર! આપના વચનનું શ્રવણ કરતો એવો જે હું, તેના આત્મામાં રહેલો સંશય નિવૃત્ત નથી થતો, જેથી મારી બુદ્ધિ ભ્રમણ કર્યા કરે છે" એમ ઉદ્ધવજીએ કહ્યું છે. તેથી આ ભાવ અતિદુર્લભ છે અને ભગવત્પ્રસાદથી જ પ્રાપ્ત થાય છે. તેવી રીતે ઓગણીસમા અધ્યાયમાં કહેલું છે કે "મોટાઓને ગાવા યોગ્ય આપનો ભક્તિયોગ કહો" એમ ઉદ્ધવજીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીભગવાને આજ્ઞા કરેલ છે કે "પ્રસન્ન થયેલો તથા પ્રસન્ન કરવાવાળો જે તું, તેને પ્રથમ જ (અર્થાત્ બારમા અધ્યાયમાં જ) ભક્તિયોગ કહેલ છે. કેમકે તું (ભક્તિના અંતરાયરૂપ) પાપથી રહિત છો" "અને વળી મારી ભક્તિનું ઉત્તમ કારણ કહીશ" એમ કહીને ભક્તિના કારણ બતાવ્યા કે "મારી અમૃતરૂપ કથામાં શ્રદ્ધા, સ્તુતિથી મારું સ્તવન, મારી સેવા, નિરંતર વચનથી મારું ગુણગાન" ઇત્યાદિ કારણો બતાવીને પછી આજ્ઞા કરી, "ઉપર કહેલા ધર્મો

કરીને આત્માનું અર્પણ કરનાર મનુષ્યોને હે ઉદ્ધવ! મારામાં ભક્તિ સારી રીતે થાય છે. પછી તેને કયો અર્થ બાકી રહે છે! કોઇ અર્થ બાકી નથી રહી જતો" ઇત્યાદિ વાક્યોથી ભક્તિનો ઉપાય કહેલ છે. માટે તે ઉપાયને સમજીને કરે ત્યારે પ્રભુ પ્રસન્ન થાય. એટલે તેવા પ્રસાદની સિદ્ધિ થાય તે વિના ન થાય, એમ સમજવું. એ અભિપ્રાય હૃદયમાં રાખીને શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે "આ (પુષ્ટિપુષ્ટિ) મુક્તિ જ મુખ્ય છે. તે સિદ્ધ થવા માટે આશીર્વાદાત્મક 'ભૂયાત્' એ ક્રિયાપદ શ્લોકમાં છેલ્લે આપેલો છે"

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભચરણૈકતાન શ્રીપીતામ્બરતનુજ શ્રીપુરુષોત્તમચરણ વિરચિત

પુષ્ટિમાર્ગીયવિવૃતિપ્રકાશ

તથા

શાસ્ત્રી શ્રીછગનલાલ અમરજી કૃત તેનો ગુજરાતી અનુવાદ પૂર્ણ થયો.